‘પ્રજાબંધુ’ ના ગ્રાહકોને સને ૧૯૨૩ ની ભેટ

પુનરૂત્થાન

‘પ્રજાબંધુ’ પત્રની ઑફીસ, ખાડીઆ—અમદાવાદ

“ પ્રજાબંધુ ” ની સને ૧૯૨૩ ની ભેટ.

પુનરુત્થાન:

ગાંધીયુગનું છાયાચિત્ર.

કર્તા:

જયન્તીલાલ હાથીભાઈ અમીન.

‘ વંદેમાતરમ્ ’ અને ‘ વેપારી જગત્ ’ પત્રના તંત્રી:

૨૬૭૯, લાલાભાઈની પોળ–માંડવીની પોળ, **અમદાવાદ.**

મુદ્રક અને પ્રકાશક:

ચીમનલાલ મોહનલાલ મોદી, બી. એ.

પ્રજાબંધુ પ્રિન્ટીંગ વર્કર્સ,

ખાડીયા, જેઠાભાઈની પોળ, **અમદાવાદ.**

સને ૧૯૨૩. સંવત ૧૯૭૯.

પ્રત ૩૦૦૦. પ્રથમાવૃત્તિ

કિંમત રૂ. ૧ા

ભૂમિકા.

મહાકવિ માઘે એક સ્થળ ઉપર કહ્યું છે કે,–" **हविर्भुजोऽर्ध्वज्वलनं प्रसिद्धम्** " અર્થાત્ અગ્નિનો ઉત્થાનશીલ થવાનો–બળીને ઉપસી ઉઠવાનો સ્વભાવ પ્રસિદ્ધ છે.

પૂણ્ય હંમેશાં બળીને ઉત્થાન પામે છે અને પાપ સદૈવ બળી ભસ્મથાય છે. માનવજાતીના ઈતિહાસમાં પાપ–પૂણ્યની કસોટીનું આથી સરસ ઉદાહરણ નથી.

હૃદયની આગ એક પવિત્ર ઉત્થાનશીલ આગ છે. કોઈ પણ જાતી અથવા વ્યકિત, જો એનામાં મર્દાનગીનો કંઇ પણ અંશ બાકી રહ્યો હોય તો ખાત્રીપૂવક પોતાના હૃદયની આગથી ઉત્થાન પ્રાપ્ત કરી શકે છે.

તૈમુર અને નાદિરશાહીના જમાનાને આંટી જનારી પેલી પંજાબની કલંકિની હત્યા સમસ્ત ભારતવર્ષના હૃદયમાં આગ ધીકાવવાનું નીમીત થઇ છે. જે સમયે દેશ માનવજાતીના સ્વાર્થપૂર્ણ અત્યાચારોને દુર્દૈવ સમજી શાંતિપૂર્વક દુઃખો સહન કરી રહ્યો હતો, તે સમય પર આ આગ સળગાવી ગઈ અને એ આગ હિંદને ઉત્થાન તરફ માર્ગદર્શક થઇ પડી.

અમારી એક સ્વાભાવિક ઇચ્છા છે, કે ભારતમાતાનો પ્રત્યેક સપુત એ ઉત્થાન તરફ ઉત્સુકતાની દૃષ્ટિએ જુવે; એમાંથી મધુર આશાઓના તાર બાંધે.

આ પુસ્તકના ગુણદોષ શોધવા ઠીક નથી–આ કંઇ ટીકાકારોને માટે વાઢકાપ કરવાની વસ્તુ નથી. આતો લેખકની સદ્ભાવનાઓની સાચી પ્રતિમૂર્તિ છે. આ એક એવો વિષય છે કે જેમાં હિંદના પ્રત્યેક સપુતની આશાઓ ગ્રંથીત થઇ છે અને જેના તરફ સંસારનાં તમામ રાષ્ટ્રો કુતૂહલની દૃષ્ટિથી જૂએ છે તથા જેણે અંગ્રેજ જાતીને ભયભીત તથા અંગ્રેજ સરકારને વિમૂઢ બનાવી દીધી છે. ફકત પોતાની ઉપયોગિતાની ખાતર આ પુસ્તક સર્વ–સામાન્યના ઘરમાં વંચાવું જોઇએ છે. **वंदेमातरम्.**

બે બોલ.

સંસારમાં મુક્તિ–સ્વાધીનતા–આઝાદી મેળવવા માટે મનુષ્યમાત્રને કઠીણ તપસ્યા કરવી પડે છે. મુક્તિ–તે પછી ઐહિક હો કે પારમાર્થીક–મેળવવા માટે મનુષ્યને પોતાનું વ્યક્તિત્વ ભૂલી જવું પડે છે; સુખ સામગ્રીઓને તજવી પડે છે, ભોગવિલાસની વાસનાઓને દબાવવી પડે છે; અને પોતાની સમસ્ત માનાસક અને શારરિક શક્તિઓને એકત્રીત કરીને જે સ્થિતિને લીધે તેનું પતન થયું છે. તેનો મુકાબલો કરવા કમર કસવી પડે છે.

પારમાર્થિક મુક્તિ લાભના યુદ્ધમાં બંને પ્રકારનાં બળ–શારિરિક અને આંતરિક–વાપરી શકાય છે. એ યુદ્ધમાં પણ વિજય તો આંતરિક બળનોજ રહે છે. જે સેના અથવા સેનાપતિના પાસે જેટલું વધારે આંતરિક બળ હોય છે; તે સેના અને સેનાપતિ તેટલો વધારે વિજય મેળવે છે. એજ આંતરિક બળ હતું, કે જેનાથી મેવાડે પોતાના મુઠ્ઠીભર પુત્રોના જોરપર વરસોનાં વરસો સુધી લક્ષાવધિ સેનાનો મુકાબલો કર્યાજ કર્યો અને ભયંકર શત્રુની સામે થતાં પોતાની સ્વાધીનતાને ગુમાવી નહિ: રાઠોડ વિર દુર્ગાદાસ અને જોધપુરની મહારાણી પોતાના ફક્ત પાંચસો સૈનિકોની સાથે પાંચહજાર મુસલમાન સૈનિકોની સેના ભેદીને દિલ્હીમાંથી છુટાં થયાં: બાબરે ફક્ત અગિઆર હજાર સૈનિકોવડે પાણીપતના મેદાનમાં લોદીના એક લાખ સૈનિકોને પરાજીત કર્યા.

અદ્યાપિ આવાજ પ્રકારથી શારરિક શક્તિ મિશ્રીત આંતિરિક બળથી જીત મળે છે તથાપ એવી મળેલી મુક્તિ હંમેશાં શંકાસ્પદ રહે છે; એવી મુક્તનો છિન્નભિન્ન થઇ જવાનો ડર રહે છે. તે કારણથી હંમેશાં સ્થાયી મુક્ત પ્રાપ્ત કરવાને માટે શરીર–બળનો ત્યાગ કરવો જોઇએ.

ધર્મશાસ્ત્રોનું કથન છે કે સંસારમાં જીવ કર્મોને અધીન રહી કાર્ય કરે છે. કર્મ જ જીવોને સુખ અથવા દુઃખ દે છે, મનુષ્યોને એક બીજા વચ્ચે લડાવી મારે છે, એક બીજાને શત્રુ બનાવે છે, એકને બીજાનો દાસ બનાવે છે અને એકની પાસે બીજાની ઉપર અત્યાચાર કરાવે છે. એ માટે મુક્તના–સ્વાધીનતાના–આઝાદીના ઉપાસકોએ ખરી રીતે સ્વાધીનતા મેળવવા માટે મનુષ્ય મનુષ્ય વચ્ચે લડવાનું છોડી દઇ એ અધીન બનાવનારાં કર્મોની સાથે લડવું જોઇએ–કર્મોને નષ્ટ કરવાં જોઇએ. કર્મોની સાથે લડવામાં આત્મ-

બળ જ ઉપયોગી છે; શરીરબળ નહિ. ત્યાં જરા પણ શરીરબળનો ઉપયોગ યુદ્ધમાં પરાજીત કરી નાંખે છે.

આ આધ્યાત્મિક દૃષ્ટિબિંદુને નજર સામે રાખીને આજે **ભારત**-વર્ષે સ્વાધીનતાની લડત ઉપાડી છે. **હિંદની** સેનાના સેનાપતિ **મહાત્મા ગાંધીજી** છે. તેમનો સૌથી પહેલો આદેશ એ છે કે તમે શરીરબળનો પ્રયોગ લેશ માત્ર પણ ન કરો અને શાંતિથી પોતાની લડત લડે જાવ. અહિંસા, નિર્ભયતા, સત્યાચરણ, મોહમાયાનો ત્યાગ, સ્વધર્મ-સ્વદેશી-પાલન એ આપણાં શસ્ત્રો છે. આ શસ્ત્રોનો ત્યાગ કરી શરીરબળનો ભાસ થાય એવું બીજું કોઈ શસ્ત્ર વાપરવાથી આ લડતમાં હારી જવાપણું રહેલું છે. આ વિષયનો **હિંદી** સમાજમાં જેટલો વિશેષ પ્રચાર થાય, એની અનુસાર આચરણ રાખવાના લાભ જેટલા વધારે જનતાની સામે રાખવામાં આવે, વર્તમાન અને ભવિષ્યની ભાવનાઓનું અને એને આચરણમાં મૂકવાથી મળનારી સિદ્ધિનું જેટલું સ્પષ્ટ સ્વરૂપ લોકોને સમજાવવામાં આવે એટલો વધારે લાભ આપણી લડતમાં થશે; એટલી આપણી લડતની કાર્યસિદ્ધિ જલદીથી થશે-**સ્વરાજ્ય** એટલું જલદીથી મળશે.

આ ભાવનાઓને નજર સામે રાખી આ પુસ્તક લખવામાં આવ્યું છે. મૂળ, શ્રીયુત કૃષ્ણલાલ **વર્માએ હિંદના** પુનર્જીવનનું, આજની આપણી **અસહકારની** લડતનું એક અતીવ મનોહર ચિત્ર વાર્તાના રૂપમાં **હિંદી** સંસારને-**હિંદી**ભાષા જાણનારા લોકસમાજને-ભેટ કર્યું છે. ચિત્ર મૂળમાં મનોહર છે એટલું જ નહિ પણ વાસ્તવિક છે. **હિંદનો** ધનિક અને શિક્ષિત વર્ગ આજ સુધી સ્વધર્મપાલનથી વિમુખ હતો. એ વર્ગમાં આજે આત્મ-પરિચયથી જે પ્રાયશ્ચિત અથવા પશ્ચાતાપની જવાળા ભભુકી રહી છે અને જેણે આજે જ્યાં જૂઓ ત્યાં લોકોના જીવનમાં અલૌકિક પરિવર્તન કરી દીધું છે તેનું આબેહુબ ચિત્ર એ પુસ્તકમાં ખેંચવામાં આવ્યું છે. **વર્માજીના** એ પુસ્તકને છુટી અને સ્વતંત્ર રીતે, પ્રકરણ અને પ્રસંગો વધારીને અને લડતની ફેરવાએલી સ્થિતિને ધ્યાનમાં લઈ કેટલુંક મરડીને આ પુસ્તકમાં ઉતારવામાં આવ્યું છે.

અને આ છાયા-ચિત્ર વાર્તાના રૂપમાં છતાં વાર્તા નથી. ન તો એમાં પ્રેમની વાતો છે અથવા ન તો વિચિત્ર અને દીલને ઉશ્કેરાવનારી ઘટનાઓનું કળાવિધાન છે. આથી પ્રેમ-વાર્તા વાંચવાના શોખીનોને અને ઘટના વૈચિત્ર્યમાં વિચરવાની ઇચ્છા રાખનારાઓને આ પુસ્તકના વાંચનથી

નિરાશ થવું પડશે, પણ જેના હૃદયમાં દેશની દાઝ છે, જે સ્વાધીનતા મેળવવાનો પ્રયત્ન કરી રહ્યા છે અને જેનાં અંતઃકરણ **સ્વ**રાજ્ય પ્રાપ્ત કરવાની ભાવનાથી ભરેલાં છતાં દેશને માટે ત્યાગ કરતાં આચકો ખાય છે તે ભલે આ પુસ્તક વાંચે. સંભવ છે કે આ પુસ્તક ભાષાશુદ્ધિના દોષોથી ભરપુર હશે, સંભવ છે કે એમાં વિષયનો અનુક્રમ જેવો જોઇએ તેવો ઉત્તમ નહિ હોય; પરંતુ એટલું સાહસ પૂર્વક અમે કહી શકીએ છીએ કે એમાં એ ભાવ અને એ આદર્શ છે કે જે મનુષ્યના અંતઃકરણને કર્ત્તવ્યનું જ્ઞાન કરાવે છે; જે પડેલાંને ઉઠાડે છે; જે સાહસ પ્રેરે છે; જે દેશને માટે યાહોમ કરવાનું ઉત્તેજન આપે છે અને જે **સ્વ**રાજ્ય-પ્રાપ્તીનું રામબાણ ઔષધ છે.

શરદ્ પૂર્ણિમાઃ સંવત ૧૯૭૮.
અમદાવાદ.

જયન્તીલાલ હાથીભાઈ અમીન.

પુનરુત્થાન:

ગાંધી યુગનું છાયા ચિત્ર.

પ્રકરણ ૧ લું.

'ધીરા નાદે વિણા ગાજે, સુતેલાંનું હૃદય જાગે;
ચઢાવ્યું હિંદ ચકડોળે, મધુરી મુરલીવાળા—

જલીઆનવાળા બાગની કરૂણ કહાણીથી આખો દેશ ત્રાહિ ત્રાહિ પોકારી રહ્યો હતો. જનરલ ડાયરની રાક્ષસી આજ્ઞાથી નિરપરાધી મનુષ્યો અને બાળકો ઉપર છોડવામાં આવેલી યાંત્રિક તોપોની ભિષણ ગર્જનાથી ભલભલા માણસો પણ ચોંક્યા રહેતા. સાપની પેઠ પેટ ઘસડીને ચાલવાનું દુર્ભાગ્ય લોકોની નજર આગળ પ્રત્યક્ષ તરવરી રહેતું. લોકોને બીક રહ્યા કરતી કે રખે એવો બીજો હત્યાકાંડ ઉપસ્થિત થાય, લશ્કરી કાયદો ચાલુ થાય, રખે પેટ ઘસડીને ચાલવાનો પ્રસંગ આવી ઉભો રહે; રખે મા દીકરીઓની બેઆબરૂ થાય અને રખે 'યુનીઅન જેકને' ભર તડકામાં સલામો કરતાં વિદ્યાર્થીઓને બે માઇલ ચાલી જવું પડે.

દેશની આ દશા હતી. જ્યાં જૂઓ ત્યાં અશાંતિની આગ સળગી રહી હતી. લોકો પૂછતાઃ "પ્રભો! હિંદુસ્તાનની આ દિનદશા શા માટે?" નૌજવાનોના હૃદયમાં એકજ ગેબી ગુંજન ગુંજી રહેતુંઃ

'દિનકર ઉગે આથમે પણ આ દિવાલો ત્યાંની ત્યાં'

અને એ ખરૂં હતું. જ્યાં સુધી પંજાબનો અને ખિલાફતનો અન્યાય દૂર થયો નથી, સ્વરાજ્યનો ઉદય થયો નથી ત્યાં સુધી હિંદની આસપાસ જેલની દિવાલો ઘેરાઇ હતી. હિંદુસ્તાન બંધીખાને હતું. હિંદુસ્તાન જંજીરનાં બંધનોથી જકડાએલું હતું.

ચોગરદમ દુઃખનું, ભયનું, શોકનું વાતાવરણ છવાએલું હતું. દેશનું વાતાવરણ પણ સ્તબ્ધ બની ગયું હતું. વિશાળ આરતોથી ભરેલી લોકોની

છાતી તીવ્ર દુઃખથી ભરપુર હતી. દુર્ગુણ અને અહંકાર, ભોગવિલાસ અને અહંભાવ લોકોનું કાળજું કોરી રહ્યાં હતાં. હિંદ માતા જખ્મી થઈને બિછાને પડી હતી.

લોકોના કોલાહલની નિરવ શાંતિની અવધોમાં રાત્રિની નિઃસ્તબ્ધ અંધારી ગુફાઓમાંથી મુરલીવાળાનો સ્વર આવતોઃ "વિર! ઉભો થા. તારો ધર્મ બજાવ." લોકો આતુરતાપૂર્વક એ સાદા, તેજસ્વી શબ્દોનો રણકાર સાંભળતા. મુરલીવાળાની એ હાકલ ભારતના ગામેગામ ફરી વળી હતી. "વિર! ઉભો થા. તારે માટે પરતંત્રતા નથી, ગુલામીનાં બંધનો નથી." "ઉભો થા." એ ધર્મની હાકલ હતી. "વિર! ઉભો થા. તારો ધર્મ બજાવ." કારણ ભારત માતાના જખ્મી હૃદયને તારી સારવારની જરૂર છે, તારી સહાયની આવશ્યકતા છે.

એ આશાનો સંદેશો હતો, જખ્મીના જખ્મ રૂઝવવાનો સંદેશ હતો. એની હાકલે લોકો ગાંડા બનતા, ઘેલા થતા. એની આસપાસ ટોળાઓમાં ફરી વળતા. એ હાકલમાં વળી મુરલીવાળો શ્રદ્ધાનું નુર પુરતો અને લોકોનાં જખ્મી થયેલાં હૃદય તાજાં કરવા કહેતોઃ "દેશાતંત્રુ ઉપાડવાનો વખત થયો છે. કૂચ કરવાનો સમય થયો છે, કાદવવાળા ખાડામાં પડવાનો વખત થયો છે નિર્મિત સ્થાને પહોંચી જવાનો વખત થયો છે. જો કે ચોમેર તોફાન જાગ્યું છે, આકાશમાં કાળાં વાદળાં દિસે છે છતાં એ વાદળાં સોનેરી થવાનાં છે. સુર્યના તેજથી રસાવાનાં છે અને આ આપણી કુદરતથી નવાજએલ પુણ્યભૂમિ, આપણી આશા અને પ્રાર્થનાની દિવ્યભૂમિ ફરીથી જાગ્રત થવાની છે, ફરીથી ઉભી થવાની છે અને દુનિયાની પ્રજાઓ આગળ પોતાનું જીવન સાર્થક કરી બતાવવાની છે."

લોકો એને પૂછતા : માતાની સેવા કરવાનો માર્ગ કયો? અને થોડી પળ વિચાર કરી એ જવાબ આપતોઃ

"સેવા કરનારે પ્રથમતો ભ્રમનો નાશ કરવો જોઇએ. દરેક યુગમાં ભ્રમનું રાજ ચાલે છે. માણસ એક ભ્રમમાંથી બીજા ભ્રમમાં પડે છે અને સમજે છે કે પોતે પ્રગતિ કરી રહ્યો છે. પહેલાં પરલોકના ભ્રમનું રાજ હતું. હાલ સુધારાના ભ્રમનું રાજ છે. તમને બધાને પશ્ચિમના સુધારાની રઢ લાગી છે. એના રીતરિવાજોનો, એની ફેશનનો અંગિકાર કરી તમે સુધરેલામાં ખપવાનો ડોળ કરો છો. પણ પરદેશી રાજતંત્ર દાખલ કર્યાથી કોઇ દેશમાં નવજીવન આવ્યું નથી એ સત્ય તમે ભૂલી જાઓ છો."

આગળ ચાલતાં તે કહેતોઃ

"ભ્રમનો નાશ કરવો એટલે સૌન્દર્યનાં દર્શન કરવાં, ઇતિહાસના અમર આત્માની ઝાંખી કરવી, પ્રજાના આદર્શની ઓળખ કરવી. જે મનુષ્યોને જ્ઞાન નથી, જ્ઞાનજન્ય માન આદર્શ નથી. તેઓ લક્ષ્મીને શોધે છે, કિર્તિને શોધે છે, માન અકરામને શોધે છે, સત્તાને શોધે છે. તેમને સૌંદર્યનું ભાન નથી. આત્માની ઓળખ નથી, આદર્શની પિછાણ નથી. હિંદુસ્તાનમાં ચાલી રહેલા આ શાંત યુદ્ધમાં તમને સૌંદર્યનાં દર્શન થાય છે કે નહિ? જો ન થતું હોય તો હિંદુસ્તાનને સાચી મહોબતથી ચાહતાં તમે નથી શીખ્યા, સેવાના માર્ગે ચાલતાં તમને નથી આવડતું."

માનવીઓના કોલાહલથી ઉભરાતાં હિંદનાં ગામડે ગામડાંમાં નાનાશા મેળા ભરાતા. આસપાસના ગામોમાંથી સ્ત્રી, પુરૂષ અને બાળકો તેને સાંભળવા ભેળાં થતાં. લોકોના ટોળામાં એ સર્વેનું ધ્યાન ખેંચતો. પંજાબના હત્યાકાંડથી એના હૃદયમાં દુઃખે ઘર કર્યું હતું. દુઃખી હૃદયે મુરલીપર તે મધુરૂં સંગીત ગાતો. સંગીતે દુઃખનું સ્થાન લીધું હતું. દુઃખજ સંગીત બન્યું હતું. સંગીત લંબાતું તેમ તેમ લોકોની તૃષ્ણાનો વેગ વધતો જતો. એના સંગીતનો રસ ઝીલવા લોકો પોતાના હૃદયનાં દ્વાર ખુલ્લાં મૂકતા.

સાબરમતીના ઉંચા કિનારાપર આવેલા એક નાનાશા ઘરમાં તે રહેતો અને લોકસેવામાં ધન્ય જીવન ગાળતો. લોકોના પ્રેમને વશ થઇ એ લોકોના દુઃખનો ભાગીદાર થતો. એનો આત્મા બાળકના જેવો નિર્દોષ હતો. એની બુદ્ધિ ઋષિમુનિ જેવી તેજસ્વી હતી. મુરલીમાંજ તે મગ્ન રહેતો. ઘરમાં કે બહાર, ખેતરમાં કે રસ્તામાં તે મુરલી વગાડતો, ટેકરીપર ચઢીને કે ઝરણાંની પાસે બેસીને તે મુરલીપર મધુર આલાપ છેડતો.

મુરલીવાળો દેશ દેશાંતર ફર્યો હતો, જાત જાતના માણસોના સમાગમમાં આવ્યો હતો. કુદરતની લીલા અને સૌંદર્ય પર, જીવનમાં દુઃખ શાથી થાય છે, હાયહાય શાથી છે એના પર એણે ખૂબ વિચાર કર્યો હતો, ખૂબ મનન કર્યું હતું; પ્રજાઓના ઇતિહાસનો તે અભ્યાસી હતો; એક વેળા સત્ય, સૌંદર્ય અને સ્વતંત્રતાના સ્વપ્નોમાં મ્હાલતી પ્રજાઓનાં સ્વપ્ન કેવી રીતે ધૂળ મળી ગયાં, કેવી રીતે તેઓ અભિમાન અને ગર્વના પાસમાં સપડાઇ હતી નહતી થઈ ગઇ એ બધાનો એણે બારીક અભ્યાસ કર્યો હતો.

મંત્રમુગ્ધ લોકો એને **મહાત્મા** કહેતા. એના વિશાળ જ્ઞાનથી આશ્ચર્ય પામી કેટલાક તેને એમ પૂછતા પણ ખરા કે પોતે આ બધું જ્ઞાન ક્યાંથી પ્રાપ્ત કર્યું, ગાતાં ક્યાંથી શીખ્યો? પોતે મુરલીવાળો શી રીતે બન્યો, સૌંદર્યનો ઉપાસક શી રીતે થયો? એના ઉત્તરમાં મુરલીવાળો પોતાની

રામકહાણી કહી સંભળાવતો. એ રામકહાણી કહેતાં એની મોરલી દુઃખનું તાન છેડતી. એના અવાજમાં પ્રેમની કોમળતા હતી, એના હૃદયમાં દુઃખની વિહવળતા હતી: ભોળા ગામડીઆઓ અને ખેડુતો, ગરીબ મજુરો અને ધંધાદારીઓ એ સંગીતથી વશ થતા, મંત્રમુગ્ધ થતા. એના સંગીતની મીઠાશ લોકોના હૃદયમાં રેડાતી. એના દુઃખમાંથી એની કળા જન્મી હતી; એના શોકના શ્યામ જળમાં એણે પ્રભુનું સૌંદય જોયું હતું.

અને લોકો વિદાય લેતા તે પહેલાં તો એ કેટલાંયે તાન છોડતો. એક એકથી અદ્‌ભુત, સુંદર ગીત એની મુરલીમાંથી ગુંજી ઉઠતાં.

લોકો સામે તૃષ્ણાતુર નયને જોઇ કહેતો:

" આપણને માત્ર બેજ વસ્તુની જરૂર છે; ધર્મ અને હિંમત. હિંદુસ્તાનના ધમનું તત્વ શું છે ? અહિંસા. અહિંસા એટલે મનસા, વાચા કમણા અહિંસા. આપણી આગળ સખ્તીના દિવસો ઝઝુમે છે. આપણે એ સખ્તીનો ભેટો હિંસાત્મક વિચારોથી નહિ, હિંસાત્મક શબ્દોથી નહિ, હિંસાત્મક કાર્યોથી નહિ પણ આપણા નૈતિક બળથી, આપણી સહન શક્તિથી, સ્વાતંત્ર્યમાં રહેલી આપણી શ્રદ્ધાના બળથી કરવાનો છે. આપણે આપણી શ્રદ્ધા નહિ છોડીએ, આપણી હિંમત નહિ છોડીએ. આપણે હિંમતપૂર્વક કહીશું: અમારે હિંદુસ્તાનની આઝાદી જોઇએ છે, હિંદુસ્તાનની સ્વતંત્રતા જોઇએ છે. અમે નિર્ભય છીએ. સખ્તીથી અમારા હૃદયમાં ભય પેસવાનો નથી. અમે હિંદમાતાના સેવકો જરૂર પડશે તો એક પછી એક હિંદમાતાના ચરણે કુરબાન થઇશું, હોમાઇ જઇશું, કારણ અમને વિશ્વાસ છે કે હિંદમાતાનું ભવિષ્ય ઉજળું છે, હિંદમાતા અમર છે."

આટલું બોલતામાં તો મુરલીવાળો સાગરના ગંભીર સંગીત પેઠે લોકોમાં ખીલી નીકળતો. લોકો એના શબ્દોનું, એની અમૃતવાણીનું પાન કરવા મરી ફીટતા, એમનામાં શ્રદ્ધાનું નુર પ્રગટતું. સમુદ્રની ભરતી પેઠે એના શબ્દોનો જુઆળ ચઢતો :

" આપણે આપણી ગુલામીનાં બંધન તોડવા ઉભા થયા છીએ. આ ગુલામી બહારની ચીજ નથી. એતો આપણા મનની—આપણા આત્માની અવસ્થા છે. જ્યારે પ્રજાનો આત્મા દબાઇ જાય ત્યારે પ્રજા ગુલામ બને છે. પંજાબના હત્યાકાંડ માટે ડાયરને દોષ દેવો સહેલો છે. મારે મન અકથ્ય શરમની વાત તો એ છે કે એ કાળા કેરના જમાનામાં એક હિંદી બચ્ચો એવો ન નીકળ્યો કે જેણે મનુષ્યને કલંકિત કરે એવા એ પેટે ચાલવાના હુકમને તાબે થવાની ના પાડી, એક એવો મરદ ન નીકળ્યો કે જેણે

મરદની માફક ઉભા થઇ એ હુકમ કરનારને જણાવ્યું કે, "આ પેટે ચાલવાનો હુકમ મારી માણસાઇને મિટાવી દેનારો છે. એનાથી હું માનવી મટી જાઉં છું. ચાહો તે કરો, હું એને તાબે થનાર નથી; કોઇ મરદ બચ્ચો ન નીકળ્યો કે જેણે આ પ્રમાણે કહી સંભળાવી પોતાના આત્માના તેજસની પ્રતિતિ કરાવી."

બોલતાં બોલતાં એનો આત્મા જુસ્સામાં આવી જતો. એનું સળેકડા સરખું આખું અંગ એના પ્રભાવશાળી અવાજને તાલ આપતું. એ તાલમાંથી અદ્દભૂત સંગીત ફોરતું, લોકોના આત્માને એ એકતાર કરતું.

દરમિયાન મુરલીવાળો વચ્ચે જ જતોઃ

"આપણે શરમાઇ મરવાનું છે કે હજુયે ભારત માતાના અસંખ્ય પુત્રો પોતાની દેશમાતાને–દેશમાતાની ઇજ્જતને વેચી રહ્યા છે. એથી હાલનું આપણું કર્તવ્ય તો મારે મન એજ હોઇ શકે કે, તમારા આત્માને સદાયે જાગૃત રાખો. એને કદિએ ઝાંખો ન પડવા દ્યો."

એનું અંતઃકરણ ભારત માતાના દુઃખે ઘવાયું હતું. જ્યારે દુઃખના ઉભરાનો ધોધ ઉછાળા મારતો ત્યારે માતૃ-પ્રેમે–માનવપ્રેમે ઘેલું બનેલું હૃદય દ્રવી પડતું. સાક્ષાત્ ભરસભામાં તે રોઇ પડતું. રોતાં રોતાં મુરલીવાળો લોકોને વિનવતોઃ

"શાંતિ અને સમાધીની ઘડીમાં માતાના ચરણ કમળનો હૃદય સાથે સ્પર્શ કરતાં માતાનું દુઃખ જોઇ મારી આંખમાં આંસુ આવ્યાં છે. પણ ફરી ફરી એ આંસુ સુકાઇ જઇ એની જગ્યાએ મારી આંખમાં શ્રદ્ધાનું નુર પ્રગટયું છે, કારણ ભારત માતાની આ દુઃખકર ઘડીમાં યે મને શ્રદ્ધા છે કે ભારત માતા એના અસંખ્ય આશાભંગમાંથી યે વિજયી નીવડશે. હિંદ સ્વરાજ્યનું મારૂં સ્વપ્ન ફળીભુત થતું જોવાનું મારા નસીબમાં કદાચ ન લખ્યું હોય છતાં હું પ્રભુને પ્રાર્થના કરૂં છું કે મારા હૃદયમાં વિરાજેલી શ્રદ્ધા ઝાંખી ન પડે, મારા દેશબંધુઓ એ સ્વપ્નને સાચું પાડવા ભગીરથ પ્રયત્ન કરે જેથી જમીના જખ્મને રૂઝવનારી સ્વતંત્રતાથી સજીવન થએલા હિંદુસ્તાનનું સૌંદર્ય જોઇ આપણાં ઘરોની અને આપણા ગામોની આંખ ઠરે."

આશ્ચય ચકિત લોકો એના હૃદયના જોસને નમી પડતા, એની દેવ-વાણીનું પાન કરી નવજીવન મેળવતા.

દેશની દાઝથી એની દેહલતા છણછણતી. ગરીબનો તે બેલી અને વિસામો હતો. દાઝયાંના અંતરનો તે આરામ હતો. પથરના તે દેવ પ્રગટતો

અને શલ્યાની **અહલ્યા** કરતો. **સત્ય** તેનો મુદ્રામંત્ર હતો, તપ તેનું કવચ હતું. અખુટ ક્ષમાજળ તેને કમંડળે હતું. **એ ભારત**નો વર્તમાન મહાગુરૂ ગુજરાતનો તપસ્વી **મહાત્મા મોહનદાસ ગાંધી** હતો.

× × × × × ×

તે અસહકારની લડતના શરૂઆતના દિવસો હતા.

ઓડવાયર અને ડાયરશાહીના ખુની પંજા નીચે રગદોળાએલું–અપમાનીત થએલું **હિંદ મહાત્મા ગાંધી**જીની હાકલે જાગૃત બન્યું હતું. **મહા**ત્માજીની આગેવાની નીચે **મહાસભા**ની કલકત્તાની ખાસ બેઠકે **પંજાબ**, **ખીલાફત** અને **સ્વરાજ્ય**ના દર્દના છેવટના ઉપાય તરીકે સરકાર સામે **અસહકાર** પોકાર્યો હતો.

અને લોકો **અસહકાર** કરે નહિ તો બીજું કરે પણ શું? **મહા–યુદ્ધ**માં અબજો રૂપીઆ અને લાખો માણસોનો ભોગ આપી **બ્રિટિશ સલ્તનત**ને **હિંદી**ઓએ ખરે વખતે ભયમાંથી બચાવી હતી. એ આશાએ કે **સામ્રાજ્ય**ની ભીડ વખતે **સામ્રાજ્ય**ની વગર શરતે સેવા કરવાથી સલ્તનતમાં સંપૂર્ણ સમાનતાનો દરજ્જો મેળવી શકાશે. પણ લોકોની આ આશાપર પહેલ વહેલો ફટકો 'રોલેટ એકટ' ના રૂપમાં પડયો. એ કાયદા સામે લોકોને **મહાત્માજી**ની આગેવાની નીચે કડવી ઝુંબેશ ચલાવવી પડી. ત્યાર પછી **પંજાબ**નો હત્યાકાંડ શરૂ થયો, જેનો આરંભ **જલિયાંનવાલા બાગ**ની કતલથી થયો અને અવધિ પેટે ચલાવવાના હુકમોમાં, જાહેર રસ્તાઓ પર ફટકા મારવામાં અને એવાં જ બીજાં અકથનીય અપમાનભર્યાં કૃત્યોમાં થઇ. સાથે સાથે લોકોને **ખીલા**ફતના સંબંધમાં ઇસ્લામનાં પવિત્ર સ્થળોપર હાથ ન નાંખવાના સંબંધમાં **હિંદી–મુસલમાનો**ને **વડા પ્રધાને** આપેલો કોલ પળાવાનો ઝાઝો સંભવ ન હતો.

છતાં લોકોએ **અમૃતસર**ની **મહાસભા**માં સરકાર સાથે સહકાર કરવાનો તેમજ **મોંટેગ્યુ–ચેમ્સફર્ડ સુધારા** સ્વીકારવાનો ઠરાવ કર્યો. હજુ **હિંદી**ઓને આશા હતી કે **વડા પ્રધાન હિંદી–મુસલમાનો**ને આપેલો પોતાનો કોલ આખરે પાળશે, **પંજાબ**નો જખમ રૂઝવવામાં આવશે અને **સુધારા** જો કે અધુરા અને અસંતોષકારક છે છતાં તે **હિંદ**ના જીવનમાં એક નવા અને આશાદાયી **યુગ**ના સૂચક નીવડશે.

પણ લોકોની બધી આશાઓ ધૂળમાં મળી. **ખીલાફત**ને લગતો કોલ પાળવાનો મોખ ન હતો. **પંજાબ**ના હત્યાકાંડ પર સફેદો ફેરવવામાં આવ્યો અને ગુન્હેગારોને શિક્ષા કરવાનું તો કોરે રહ્યું પણ ઉલટા તેઓ પોતાની નોકરીપર કાયમ રહ્યા અને વળી કેટલાક દાખલાઓમાં તો તેમને ઇનામ

અકરામો એનાયત કરવામાં આવ્યાં. સુધારાઓથી જે દિલના પલટાની આશા બાંધવામાં આવી હતી તેવો કશોએ પલટો ન થતાં માત્ર હિંદુસ્તાનનું ધન વધુ ચુસવાની અને માત્ર તેની ગુલામીને લંબાવવાની જ તે એક નવી તદબીર હતી.

આ બધાથી લોકોની મનોવૃતિ બદલાઇ ગઇ. બ્રિટિશ ન્યાયપરથી લોકોનો વિશ્વાસ મુદ્દલ ઊડી ગયો. મહાત્માજીએ લોકોની મનોવૃતિને અસહકારની મહાન લડત ભણી દોરી. લોકોને મહાત્માજીએ સ્વરાજ્ય–પ્રાપ્તીના ચાર પગથીયાં જેવા અહિંસા, સ્વદેશી, હિંદુ–મુસલમાન ઐક્ય અને અસ્પૃશતા નિવારણનો કાયક્રમ ઘડી આપ્યો. લોકોએ મહાત્માજીના એ કાયક્રમને ઉમંગથી વધાવી લીધો.

દેશની પરિસ્થિતિમાં હવે બહુ વેગથી ફેરફાર થવા લાગ્યો. એક દશકા પહેલાંનું હિંદુસ્તાન અને આજનું હિંદુસ્તાન જોનારને આ ફેરફાર પવનવેગી જણાય જ. જ્યાં થોડા બુદ્ધિવાદના ઉપાસક પુરૂષો રાજકીય ચર્ચા કરતા હતા ત્યાં આજે હિંદુસ્તાનને ઝુંપડે ઝુંપડે રાજકીય વિષયના અખાડા જામ્યા. જ્યાં નાતાલની રજામાં જુદા જુદા પ્રાંતના રાજકીય વિષયના અભ્યાસી મિત્રો સાથે મળી કોંગ્રેસનો આદેશ, વ્યાસ–પીઠપર ભાષણો કરી ત્યાંને ત્યાં એક વર્ષ દાટી રાખી–બીજે વર્ષ પાછો ફરી તાજો કરતા તેને બદલે એજ રાષ્ટ્રીય કોંગ્રેસની આજ્ઞા આજે દેશને ધર્મના ફરમાન રૂપે રોજ જીવનમાં દોરવા લાગી. જ્યાં કોંગ્રેસ એટલે વધારેમાં વધારે ભણેલો માણસ ભાષણ કરી હજારો માણસનો ક્ષણિક જુસ્સો જાગૃત કરે તેવી રાજકીય વ્યાખ્યાનમાળા ગોઠવનારી સભા હતી તેને બદલે આજે કોંગ્રેસ એટલે દેશને માટે પ્રાણ આપનારા શહીદોની–દેશને તારનારી યોજના ઘડનારી કર્મયોગીઓની મહાસભા બની. જ્યાં કોંગ્રેસ એટલે રાજકીય હક્કોને માટે ભીખ માગવાની એક સભા થતી તેને બદલે 'અમે અમારો જન્મસિદ્ધ હક્ક લઇશું' અને એ લેવા માટે કોઇને મારીશું નહિં પણ અમે મરીશું એ ભાવના અમલમાં મેલનારી પ્રજાની રાષ્ટ્રીય સંસ્થા થઇ.

ભારત–વર્ષમાં પ્રગટેલી આ નવીન ભાવનાએ દરેક વ્યક્તિપર જુદી જુદી અસર કરી. ગુરૂત્વાકર્ષણની માફક આ ચળવળે ઘણાં માણસોને પોતાની તરફ ખેચ્યાં; ઘણાં પ્રભાવશાળી વિચારવંત ભેજાં ચળવળની આસપાસ ભેગાં થયાં. આગેવાનો, ભણેલો વર્ગ અને અભણ લોકસમુહ અસહકારના ઝુંડા નીચે ધીમે ધીમે ભેગો થવા લાગ્યો.

પણ દેશમાં એવા પણ માણસો હતા કે જેઓ આ લડતના સંબંધમાં

શંકા બતાવતા. ઘણા બુદ્ધિવાદમાં ભૂલા પડેલાઓને આ લડત અંધાધુધી કરનારી અને સમાજમાં 'અવ્યવસ્થા' કરનારી ભાસતી. અને તેમાંયે જ્યારે મહાત્માજીએ માબાપોની આજ્ઞા કરતાં પોતાના હૃદયના અવાજને માન આપી વિદ્યાર્થીઓને શાળા છોડવાની સૂચના કરી અને તે સૂચના વિદ્યાર્થીઓએ ઉત્સાહથી ઉપાડી લીધી ત્યારે આ લોકોના રોષની હદ આવી રહી! 'ગાંધી તો સમાજની નીતિના મૂળ પાયા ઉપર પ્રહાર કરે છે; બાપ દિકરાને લડાવી મારે છે;' એવી અનેક વાતો કરી આ વર્ગ પોતાની લાગણી બતાવવા લાગ્યો પણ ધીમેધીમે આખો દેશ લડતમાં જોડાવા લાગ્યો તેમ તેમ તેમનામાંના ઘણા આ ચળવળમાં જોડાતા ગયા.

આપણા રાવબહાદુર કેશવલાલ પણ બુદ્ધિભ્રમમાં ગોથાં ખાધા કરતા હતા. પોતે વિનિત પક્ષના હતા. અને વર્ષો થયાં તેમના મગજમાં 'કાયદેસર ચળવળની' ગડી વળી હતી. એટલે ગાંધીની આ 'મુર્ખતામાં મુર્ખતા ભરેલી ચળવળમાં' તેમની જરાએ શ્રદ્ધા નહોતી.

પણ ધીમેધીમે તેમની આંખ આગળનો ભ્રમનો પડદો ખસવા લાગ્યો હતો. ગાંધીજીનાં ભાષણોએ, 'નવજીવન' અને 'યંગ ઇંડીઆ' ના વાંચને તેમના મન ઉપર તેમની ઇચ્છા વિરૂદ્ધ અસર કરી હતી. ધીમેધીમે તેમનામાં ભાવના જન્મતી હતી. ઘણીયે વખત મહાત્માજીનું વ્યાખ્યાન સાંભળી ઘેર આવતા ત્યારે મનમાં ઘણાયે તરંગો ઉઠતા. દેશ સેવાનો જુસ્સો ઉછળી પડતોઃ 'હું આમ કરૂં ને તેમ કરૂં. આ ત્યાગું અને આ છોડું.' પણ જ્યારે ઘરમાં આવતા કે તેમની મહેચ્છાઓનો કિલ્લો 'કડકડ' કરતો નીચે તૂટી પડતો. સુધાના ટાપટીપ વાળા જીવનમાં કેશવલાલને ત્યાગનો વિચાર અસંભવિત લાગતો અને દેશસેવાના વિચારો સુધાની હાજરીમાં બરફની પેઠે ઓગળી જતા. ગરીબ બિચારા કેશવલાલભાઇ!

પ્રકરણ ૨ જુ

એ સમય ચાલ્યો ગયો; જ્યારે લોકો સવારમાં ઉઠતાં જ આવશ્યક કાર્યોમાંથી પરવારી સૌથી પહેલાં ભગવાનનું સ્મરણ કરતા હતા. મુસલમાન નિમાઝ પઢતા હતા; હિંદુઓ ગાયત્રી કરતા હતા અને જૈનો સામાયિક-પ્રતિક્રમણમાં લીન રહેતા.

તે જમાનો આજે નથી. આજે તો નવયુગ છે! મુસલમાનોની નિમાઝ,

હિંદુઓની ગાયત્રી–સંધ્યા અને જૈનોનું સામાયિક પ્રતિક્રમણ ચ્હાનો પ્યાલો, બીડી અને વર્તમાનપત્ર છે.

આપણા રાવબહાદુર ચ્હાનો પ્યાલો પી, આરામ ખુરસી પર પડયા પડયા સીગારેટ સળગાવીને એંજીનની માફક ધુમાડો કાઢી રહ્યા હતા. સુધા પાસેની ખુરસી પર બેસી ચ્હાનો પ્યાલો હાથમાં લઇ ચ્હાને ફુંકી ફુંકી એકએક ઘુંટડો પીતી હતી. એટલામાં નોકર આવ્યો અને ટેબલ પર 'નવજીવન' મૂકી ગયો.

'નવજીવન'ને જોતાંજ બંનેએ એકજ સાથે સીગારેટ અને ચ્હાનો પ્યાલો છોડી દીધાં. એક બીજાની વચ્ચે 'નવજીવન' પહેલું વાંચવા માટે ખેંચતાણ ચાલી. કેશવલાલે ઘણો પ્રયત્ન કર્યો પણ સુધા જીતી ગઇ. રાવબહાદુરે હારી જઇને ફરીથી સીગારેટ સળગાવી અને મોંઢામાંથી ધુમાડા કાઢતાં કહ્યું:–" ઠીક, તમે જ વાંચી સંભળાવો. નવા સમાચાર શું છે?"

હોલ્ડર વડે પાનું ફાડતાં સુધાએ હાસ્ય મિશ્રીત સ્વરમાં કહ્યું:— "પગાર આપો છો શું?"

કેશવલાલે ઉત્તર આપ્યો:—"સારૂં, આજથી ચાલુ કરીશું; વાંચી સંભળાવો તો ખરાં?"

સુધાએ '**સુરતમાં ગાંધીજી**' હેડીંગ વાંચી રાવબહાદુર તરફ મદ પૂર્ણ દૃષ્ટિ ફેંકતાં સ્મિત હાસ્યથી કહ્યું:–" ફરી તો જશો નહિને?"

કેશવલાલે ઉત્સાહથી ઉત્તર આપ્યો:—" વિશ્વાસ ન આવતો હોય તો લ્યો દસ્તાવેજ કરી આપું? અગર પગાર પહેલેથી ચૂકવી લ્યો!"

સુધા 'નવજીવન'નાં પાનાં તરફ નજર ફેરવતાં ફેરવતાં બોલી:–"ના, ના. હમણાં તમારી પાસે રહેવા દ્યો, અત્યારે વળી કયાં સંભાળું? ચાલો સાંભળો."

સુધાએ હજુ તો બે ત્રણ લીટીઓ વાંચી નહિ હોય એટલામાં તેની ચંચળ દૃષ્ટિ મોટા અક્ષરોમાં લખેલી નીચેની લીટી ઉપર પડી:

" **હું સલ્તનતની જડ ઉખેડવા ચાહું છું.**"

સુધા આ વાક્ય વાંચીને ચોંકી ઉઠી અને બોલી:–"જુઓ તો ખરા. આજ કાલ ગાંધીજી મરજીમાં આવે તેમ બોલે છે. માલુમ પડે છે, કે તેઓ તસ્તજ જેલ મહેલના મેમાન થશે."

"હેં! હેં! શું બાબત છે?" કહીને રાવબહાદુરે ટટાર થઇ ટેબલ પર બંને કોણીઓ મુકીને સીધા બેસી 'નવજીવન' જોવા માંડયું.

સુધાએ ઉપરની પંક્તિઓ દેખાડી કહ્યું:–"ખુદ મહાત્માજી જ આવી

વાતો કરવા માંડશે તો કામ આગળ કેમ ચાલશે ? સરકાર મહાત્માજીને પકડી જશે. તેમને જેલમાં મોકલીને અનેક કષ્ટ આપશે. અરેરે! ફરીથી જલીઆનવાળા બાગનો હત્યાકાંડ ઉપસ્થિત ન થઇ જાય તો સારૂં; કારણકે મહાત્માજીના પકડાયા પછી લોકો કોઇપણ રીતે શાંતિ જાળવી શકશે નહિ"

સુધા અદ્યાપિ ચાલુ લડતમાં કાંઇપણ રસ લેતી નહોતી; તથાપિ મહાત્માજી ઉપર તેની અટલ શ્રદ્ધા હતી. તે મહાત્માજીને પૂર્ણ યોગી, મહાન ત્યાગી, કઠોર તપસ્વી અને સાચા દેશભક્ત સમજતી હતી.

તે સમજતી કે તે દૈવી પુરૂષ છે. પરમાત્માએ તેમને હિંદનો ઉદ્ધાર કરવા માટે પોતાનો કંઇ અંશ આપીને મોકલ્યા છે. તે સાધારણ પુરૂષ નથી.

અને ઘણીએ વખત તેનું અંતઃકરણ ગાંધીજીનાં વચનોની વાસ્તવિકતા સ્વીકારવા અને લડતમાં જોડાવા લલચાતું, પણ મનની નિર્બળતા તેના આત્માને વિવશ કરી દેતી. તે મોહનિંદ્રામાં હતી. ઘડીમાં હૃદય ગાંધીજી તરફ ખેંચાતું તો ઘડીમાં ત્યાગના વિચારથી ગભરાઇ ઉઠતું. ઘણીએ વખત પોતાના બંગલાની નીચે વિદ્યાર્થીઓના સરઘસમાં દેશભક્તિનું દર્શન થતું ત્યારે તેનું મન ઉસ્કેરાતું, અનેક સંકલ્પ કરતું છતાં એ સરઘસ ચાલ્યું જાય એટલે સુધાની ઘટમાળ એવીને એવી જ. આવી નિર્બળતા છતાં સુધાની મહાત્માજી ઉપર પુર્ણ ભક્તિ હતી અને તેમને દુઃખ પડશે એવા વિચારોથી એ ગભરાઇ ઉઠતી હતી.

રાવબહાદુરે કહ્યું:—" જો ગાંધીજી પકડાઇ ગયા તો દેશમાં જરૂર લોહીની નદીઓ વહેશે. સમજાતું નથી કે ગાંધીજીને આ બધું શું સુઝયું છે ? ચળવળ કરવી જોઇએ પણ તે કાયદાની હદમાં રહીને કરવી જોઇએ. ભાષણ આપવાં તો જોઇએ પરંતુ હૃદયના આવેશને કાબુમાં રાખીને આપવાં જોઇએ. અમે લોકો આ પ્રમાણે જ વર્તીએ છીએ. અમે કંઇ મહાત્માજીની માફક છુટે મોંઢે કદાપી બોલતા નથી. મહાત્માજીએ લગામ પણ હાથમાંથી મૂકી દીધી છે. ઘોડો બહુ તેજીની સાથે દોડી રહ્યો છે; પુરપાટ ભાગી રહ્યો છે. બીક રહે છે, કે ઘોડો કોઇ ઉંચી દિવાલપરથી કુદી પડે અને સવારનો અંત આણી દે."

સુધાએ જરા ઉત્તેજીત થઇને કહ્યું:—" છિઃ ! છિઃ ! કેવી અપશુકનની વાતો કરો છો ? એવા અપશુકન જીભ ઉપર કદાપિ ન લાવો. પણ જો મહાત્માજી પોતે જ છુટે મોંઢે ફાવે તેમ બોલવા માંડશે તો પછી સ્ત્રીઓ પાસેથી શું આશા રાખી શકાશે ?"

" એ તો ઠીક. પણ તમે હમણાં જ કહ્યું, કે 'અમે પણ એમજ

વર્તીએ છીએ' ત્યારે તો તમે મવાલ લોકો (Moderates) ઘણા પાકા છે. તમે સરકાર અને જનતા બંનેને ઠગો છો."

રાવબહાદુરે ગંભીરાઇ ધારણ કરતાં કહ્યું:—"આ કંઇ ઠગાઇની વાત નથી, સુધા! આ તો રાજનીતિ છે. દરેક કામ પોતાનું મસ્તક બચાવીને કરવું જોઇએ. લડત લડવી જોઇએ; પરંતુ પોતાના મસ્તકની રક્ષાનો ખ્યાલ બધામાં પહેલો રાખવો જોઇએ. સંસારમાં જીવન છે તો સર્વ કંઇ છે. જો જીંદગી જ ના રહે, જો અમને જેલમાં ખોસી ઘાલવામાં આવે અને પછીથી સ્વરાજ્ય મળે તો બતાવો તો ખરાં, પછી સ્વરાજ્ય અમારે શા કામનું છે? જુઓ, સુધા! હજુ હું કાઉન્સિલનો સભાસદ છું. રાવબહાદુર છું. પૈસો પણ પુષ્કળ છે અને લોકોમાં પણ વજન છે. સાથે સાથે ઉભય પક્ષ તરફથી માન મળે છે. અગર હું ગાંધી જેવો થઇ જાઉં તો બધું ધૂળમાં મળી જાય."

રાવબહાદુરે પોતાના હંમેશના સ્વભાવ મુજબ સુધા આગળ બડાશ મારી. બીજા કોઇ પ્રસંગે સુધા આ શબ્દોને અભિનંદન, પણ આજે ગાંધીજીના 'સુરત'માંના ભાષણે સુધાનું અંતઃકરણ નરમ કરી દીધું હતું. આજે તેની મસ્તી ભરી વલણે વિચારનું રૂપ પકડ્યું હતું. રાવબહાદુરના આ શબ્દો સુધાને રૂચ્યા નહિ.

સુધાએ મોઢું ચઢાવીને ઉત્તર આપ્યો—"ત્યારે તમે કબુલ કરો કે હું સ્વાર્થી માણસ છું. બળિદાન, સ્વાર્થત્યાગ ઇત્યાદિ વાતો કેવળ લોકોને ફોસલાવા તમે કરો છો. હું તો એવા માણસને દેશના આગેવાન તરીકે અથવા મહાત્મા તરીકે સમજું છું કે જે માણસ પોતાના અંતઃકરણમાં હોય છે તેજ બહાર કાઢે છે અને જે બહાર કાઢે છે તેજ પ્રમાણે વર્તન રાખે છે. '**मनस्येकं वचस्येकं कार्यमेकंहि महात्मनाम्**' ગાંધીજીનું '**મહાત્મા**' નામ સર્વથા સાર્થક છે. ગાંધીજી ત્યાગની જવલંત મૂર્તિ છે; સત્યની સાક્ષાત્ પ્રતિમા છે અને આત્મત્યાગનું અપૂર્વ ઉદાહરણ છે."

આજ સમયે રસ્તા ઉપરથી મધુર સ્વર સંભળાયો:—

"અયિ માતૃભૂમિ તેરે ચરણોમેં શિર નમાઉં.
મેં ભક્તિ ભેટ અપની, તેરી શરણમેં લાઉં—અયિ.
માથે પે તૂ હો ચંદન, છાતી પે તૂ હો માલા,
જિવ્હા પે ગીત તૂ હો, મેં તેરા નામ ગાઉં—૧
જિસસે સુપૂત ઉપજે, શ્રીરામ કૃષ્ણ જેસે,
ઉસ તેરી ધૂલિ કો મેં, નિજ શીસ પે ચઢાઉં—૨

માની સમુદ્ર જિસકી, ધૂલિકા પાન કરકે,
કરતા હૈ માન તેરે ઉસ પૈર કો મનાઉ—૩
સેવામેં તેરી સારે ભેદોં કો ભૂલ જાઉં
વહ પુણ્ય નામ તેરા પ્રતિદિન સુનું સુનાઉં—૪
તેરે હી કામ આઉં, તેરા હી મંત્ર ગાઉં,
મન ઔર દેહ તુઝપર બલિદાન મેં ચઢાઉં"—૫

સુધા ચોંકી ઉઠી ઉભી થઇ અને રાવબહાદુરને 'સાંભળો સાંભળો' કહીને બારી તરફ દોડી. બારીએ આવીને જોયું તો સફેદ ખાદીનાં વસ્ત્રોમાં સજ્જ થયેલા કેટલાક વિદ્યાર્થીઓ ગાંધી–ટોપી પહેરી પગમાં ચંપલ લગાવી ગીત ગાતા ગાતા જઇ રહ્યા હતા. તેમના શુદ્ધ, શ્રદ્ધાપુર્ણ અંતઃકરણથી નીકળતા મધુર સ્વર ધ્વનિથી આખો રસ્તો ગુંજી રહ્યો હતો. સ્ત્રી પુરૂષો બારીએ ઝુકીને છોકરાઓને જોતાં અને દેશભક્તિના ભાવોને પોતાના અંતઃકરણમાં બહલાવતાં.

અને દરરોજ આવા દેખાવ થતા. સારા દેશમાં મહાત્માજીની આજ્ઞાને માન આપી વિદ્યાર્થીઓએ ધડાધડ શાળાઓ છોડી રાષ્ટ્રકાર્યમાં જોડાવાનું શરૂ કર્યું હતું. કલકત્તાની કોલેજો ખાલી થતી હતી. મુંબાઇ અને પુનાની વિદ્યાર્થી આલમ ચમકી ઉઠી હતી. અમદાવાદમાં ગુજરાત કોલેજ ધાસ્તીમાં આવી હતી અને પ્રોપ્રાયટરિ હાઇસ્કુલે અસહકારનો ઝુંડો પોતાની શાળા ઉપર ઉડતો કર્યો હતો. બીજી બાજુ વિદ્યાપીઠો સ્થપાતી; શાળાઓ રાષ્ટ્રીય કરાતી અને છોકરાઓનાં સરઘસ શહેરે શહેરમાં પ્રજાજનોને જાગ્રત કરવા ગીત ગાતાં શેરીએ શેરીએ ફરતાં અને લોકોમાં નવજીવનની, નવા વિચારોની, ઉત્સાહની લ્હાણી કરતાં.

વિદ્યાર્થીઓ અદૃશ્ય થઇ ગયા. લોકો વેરાઇ ગયા પરંતુ સુધા ત્યાંની ત્યાં ઉભી રહી રસ્તાની તરફ જ ટીકી ટીકીને જોતી હતી. તે ઇચ્છતી હતી કે પુનઃ વિદ્યાર્થીઓ અહિંથી પસાર થાય અને ફરીથી એનું એજ મધુર ગાયન તેના અંતઃકરણને તૃપ્ત કરે. વિચારમાં ને વિચારમાં વેળા વીતી ગઇ પણ સુધા વિચાર નિંદ્રામાંથી ન જાગી. અનેક ભાવો તેના સરળ અંતઃકરણને હચમચાવી દેતા હતા. વિદ્યાર્થીઓએ સુધાને દેશ–પ્રેમની માત્રા લગાડી હતી. સુધાના અંતઃકરણમાં પ્રકાશનું પહેલું કિરણ પહોંચી ગયું હતું.

વિચારમાંથી જાગૃત થતાં અંતે સુધાએ ઘરમાં જતાં એક નિશ્વાસ નાંખીને કહ્યું:–" ધન્ય છે તે માતાઓને કે જેમના પુત્રો આ પ્રકારે દેશને

જગાડવા માટે ગલીએ ગલીઓમાં ગીત ગાતા ફરે છે. જો મારો રમેશ પણ એવો હોત; જો તે સાચા અંતઃકરણથી દેશહિતમાં મંડયો રહેતો હોત તો હું પણ કેવી ધન્ય થાત? મારી કુખ પવિત્ર બની જાત; મારૂં જીવન સફળ થઇ જાત."

પ્રકરણ ૩ જું

એક મોટા શણગારેલા દિવાનખાનામાં સુધાનો પુત્ર રમેશ અભ્યાસ કરી રહ્યો હતો. રમેશ ખુરશી પર બેઠો બેઠો ઇતિહાસ વાંચતો હતો. પાસેના ટેબલ ઉપર પુસ્તકનો અવ્યવસ્થિત ઢગલો પડયો હતો. વાંચતાં વાંચતાં ટેબલ પર હાથ પછાડી તે બૂમ પાડી ઉઠયો.–"બરાબર છે. જૂના સમયના આર્યો સાવ જંગલી હતા. આગને અગ્નિદેવ, પાણીને વરૂણદેવ અને સૂર્યના ગોળાને સૂર્યનારાયણ કહીને પૂજવું એ જંગલીપણું નહિ તો બીજું શું છે? અંગ્રેજી સભ્યતાની કૃપાથી આજે હિંદીઓ કંઇ લાયક બન્યા છે!"

પુત્રને જમવા બોલાવવા આવેલી સુધાને બારણું ઉઘાડતાં રમેશના બોલ પૂરેપુરા સંભળાયા. પુત્રની અજ્ઞાનતાથી તેનામાં પારાવાર ખેદ પ્રકટયો. તેણે નિશ્વાસ મૂકયો,–'પ્રભુ! શું ન દેખાડવાનું દેખાડી રહ્યો છે?"

સુધા અંદર આવી ટેબલ પાસે ઉભી રહી. માતાને જોઇ રમેશ બોલી ઉઠયોઃ–"મા, જુઓ તો ખરાં ઇતિહાસમાં સાફ લખ્યું છે કે પ્રાચીન કાળના હિંદીઓ સાવ જંગલી હતા; અને ગાંધીજી આજ ફરીથી તે જંગલી જમાનો પાછો લાવવા ઇચ્છે છે."

સુધાએ પુત્રના વાળ પસવારતાં નરમાસથી કહ્યું–"ના, બેટા! તેમાં જુઠું લખ્યું છે. ભગવાન રામચંદ્ર, શ્રીકૃષ્ણ, ગૌતમબુદ્ધ, મહાવીર આદિ મહાન અવતારી જ્યાં ઉત્પન્ન થયા; વ્યાસમુનિ, વસિષ્ઠ, વાલ્મિકી જેવા ઋષિ જે ભારતવર્ષે ઉત્પન્ન કર્યા; મહાસતી સીતા, દ્રૌપદી, કુંતા અને સાવિત્રી સમાન દેવીઓ જે દેશે ઉત્પન્ન કરી, યુધિષ્ઠિર અને હરિશ્ચંદ્ર જેવા સત્યવાદી નરોનું જે ભૂમિએ પોતાની ગોદમાં પાલન કર્યું; ભિષ્મ, અર્જુન, ભીમાદિ વિરપુંગવોને જે પૃથ્વીએ પેદા કર્યા; તે દેશના–તે પુણ્યશ્લોક ભારતવર્ષના પ્રાચીન આર્યો શું જંગલી હોઇ શકે છે, રમેશ?"

રમેશ હજુ પંદર વર્ષનો બાળક હતો. તેણે કહ્યુંઃ–"તો મા! અમને શાળામાં આવી જુઠી વાતો શા માટે શીખવાડવામાં આવે છે?"

"બેટા! તેનું પણ કારણ છે. આટલી નાની ઉંમરે તું હમણાં તે નહિ સમજી શકે. જો, 'નવજીવન' માં શું લખ્યું છે? તે વાંચ."

રમેશે ઉત્તર આપ્યોઃ–"ના. પિતાજીએ "નવજીવન" વાંચવાની સાફ મનાઈ કરી છે. પિતાજી કહે છે કે તેમાં ભ્રમ ઉપજાવનારી વાતો લખવામાં આવે છે. મારી ઇચ્છા તો તેને ઘણી વાંચવાની થાય છે. મા, જો તમારી આજ્ઞા હોય તો તે વાંચું."

સુધા થોડીવાર વિચારમાં પડી. રાવબહાદુરની પુત્ર ઉપરની તકેદારી જોઇ ઘણી વિસ્મિત થઇ. વ્યક્તિ સ્વાતંત્ર્યના હિમાયતી, બળ નહિ પણ કળથી રમેશની બાબતમાં કામ લેનારા રાવબહાદુર પુત્રને આવો હાસ્યજનક અટકાવ કરે એ જાણી ઘણી નાખુશ થઇ. તે વિચારમાં પડી કે,–"નવજીવન' વાંચવામાં શું નુકશાન છે? તેઓ એ ખ્યાલથી 'નવજીવન' પુત્રને વાંચવા દેતા નહિ હોય કે કદાચ રમેશ શાળા છોડી દે; પણ પુત્ર શાળા છોડે એમાં ખોટું શું? જે શાળામાં જઇને છોકરો એ શીખી આવે છે ~~કે પ્રાચીન~~ કાળના હિંદીઓ જંગલી હતા તે શાળા શા કામની છે? અને પિતાનો પુત્ર પર જેવો હક છે તેવો માતાનો પણ હક છે. જેણે પુત્રને નવ મહીના ગર્ભમાં રાખ્યો તેનો શું કંઇ હક નહિ? પણ ના. દેશમાં કર્ત્તવ્યનો પોકાર પડી રહ્યો છે. દેશ પુત્રને બોલાવે છે. અનેક ભાગ્યશાળી માતાઓ પોતાના પુત્રને દેશસેવા કરતા જોઇ આનંદે છે, તો હું પણ શા માટે રમેશને મહાત્માજીનો દિવ્ય ઉપદેશ વાંચવા ન દઉં?"

માતાને વિચારમાં પડેલી જોઇને થોડી વારે રમેશે પૂછયુંઃ–"મા. શું કહે છે?"

સુધાએ પ્રેમથી રમેશના માથા ઉપર હાથ ફેરવીને કહ્યુંઃ–"વાંચો, બેટા! 'નવજીવન' ખુશીથી વાંચો."

રમેશે ઘણા ઉત્સાહની સાથે મહાત્મા ગાંધીજીનું સુરતમાંનું વિદ્યાર્થીઓ સન્મુખ આપેલું આખું ભાષણ વાંચ્યું. તેણે અભિમાન પૂર્વક સુધાની તરફ જોતાં કહ્યુંઃ–"તો મા, હવે હું શાળામાં ના જાઉં? અમારી શાળાના કેટલાયે વિદ્યાર્થીઓએ શાળા મૂકી દીધી છે. મને શાળા છોડવાનું મન તો ઘણું થતું, પણ પિતાજીની બીકને લીધે તમને કહેતો ન હતો."

સુધાએ આનંદપુર્ણ નયનોથી કંઠે ગદ્દગદીત થતાં કહ્યુંઃ–"હા, રમેશ! તું પણ આવતી કાલથી શાળામાં જવાનું બંધ કરજે."

રમેશઃ–"અગર પિતાજી નારાજ થશે તો?

સુધાઃ–" હમણાં જ તેં નથી વાંચ્યું કે પ્રહલાદે પોતાના પિતાની અન્યાયી આજ્ઞાનો નમ્રતાપુર્વક વિરોધ કર્યો હતો. તું પણ એવું કરજે."

રમેશે ગભરાતાં કહ્યું:–" પણ પિતાજી નારાજ થઇ ગાડીમાં સહેલ કરવા ન જવા દેશે તો ? મારી પાસેથી ફુટબોલ, ફોનોગ્રાફ ઇત્યાદિ રમવાનાં સાધનો ખુંચવી મને ઘર બહાર કાઢી મૂકશે તો ?"

સુધાએ ગુસ્સે થતાં કહ્યું:–" સાંભળ, રમેશ! પ્રહલાદને તેના પિતાએ પર્વત ઉપરથી નીચે નાંખી દીધો હતો, બળતી ચિતામાં બેસાડયો હતો અને છેવટે થાંભલાએ બાંધીને તેનું મસ્તક કાપી નાંખવા ઇચ્છયું હતું; પરંતુ પ્રહલાદ ધર્મ પર અચળ રહ્યો હતો, તે પ્રભુનું સ્મરણ જરાએ ચૂકયો નહતો. રમેશ! એનો કોઇથી વાંકો વાળ થયો ન હતો. બેટા! તારી પણ ભગવાન એવી જ રક્ષા કરશે."

સુધાએ ઘણીયે રીતે રમેશને સમજાવ્યો, પણ તેના હૃદયમાંથી પોતાના પિતાની ધાક ન ગઇ. તેણે અંતે જવાબ આપ્યોઃ–" ના, મા! હું તો શાળા નહિ છોડું. પિતાજી ગુસ્સે થાય."

સુધાનું મોંઢુ ક્રોધ, ગ્લાનિ અને દુઃખથી લાલ થઇ ગયું. છેવટે તેણે કહ્યું:–" તું મારૂં કહેવું નહિ માને તો હું તારી સાથે બોલીશ નહિ–અસહકાર કરીશ. જા, મારા મોંઢા આગળથી ચાલ્યો જા."

સુધાએ મોં ફેરવી લીધું. રમેશ ચુપચાપ ત્યાંથી ચાલ્યો ગયો.

પ્રકરણ ૪ થું.

પંદરેક દિવસો આમને આમ વિતી ગયા. આસો મહીનો બેસી ચૂકયો હતો. નવરાત્રના દિવસો હતા; રાત્રે પોળમાં, શેરીમાં ચકલે ચકલે ગરબા ગવાતા. ગઇ સાલના નવરાત્ર કરતાં આ સાલના નવરાત્રમાં એક અપૂર્વ નવીનતા હતી. અસહકારની ચળવળે લોકોનાં અંતઃકરણ જીતી લીધાં હતાં; લોકોના વિચારમાં, આચારમાં અને ચર્યામાં મોટું પરીવર્તન કરી દીધું હતું. આજે ગરબા ગવાતા; પણ પહેલાંના ઇશ્કના, વિરહના, તૃષ્ણાના અને આશાના ગરબા નહતા. અસહકારનાં ગીતે તેનું સ્થાન લીધું હતું. પડોશની સ્ત્રીઓ જ્યારે રસભર ગરબા ગાતી ત્યારે આજુબાજુનું લોકમંડળ–ઘરડા માણેક કાકાથી માંડી નાના કિશોર સુધીનું–એ ગીત સાંભળવા ભેગું થતું.

શહેરની સ્ત્રીઓ ધીમા સ્વરથી મીઠી હલકે નીચેના રાસ ગાતીઃ

"જોયા જગત્ ધૂમી એક જોગીરાજને,
પુરાતન ભારતને ચોક; અલબેલડી!
જનનીએ દીધ એવા એક જોગીરાજને;
જગવ્યા જેણે ચૌદ લોક; અલબેલડી!

—જોયા.

"કરણે સુણ્યા'તા સાચા એક જોગીરાજને,
મુખડે જેને બ્રહ્મ બોલ; અલબેલડી!
હૃદયે પૂજ્યા'તા પૂજ્ય એક જોગીરાજને!
તપતા ત્રિખંડ રવિ તોલઃ અલબેલડી!"

—જોયા.

"જાણ્યા'તા જીવી જીવન એક જોગીરાજને,
ભર્યાં અમૃતે જેનાં ઉર! અલબેલડી!
નિરખ્યા—એ પરખ્યા મુજ દેશ જોગીરાજએઃ
નયણે જેને વીજ–નૂરઃ અલબેલડી!"

—જોયા.

"દીઠા સખી! મીઠા એવા એક જોગીરાજને,
બુદ્ધ શા વિશુદ્ધ દયા–પ્રેમ! અલબેલડી!
જાણ્યા–મનમાન્યા તપસિદ્ધ જોગીરાજનેઃ
જીવને ગુંથેલ કૃષ્ણ પ્રેમઃ અલબેલડી!"

—જોયા.

"રસના અખંડ રટે એક જોગીરાજને,
નીતિમાં રામના નિવાસઃ અલબેલડી!
શ્વાસે વસાવ્યા રૂડા એક જોગીરાજનેઃ
ઝીલ્યા જનક શા સંન્યાસઃ અલબેલડી!"

—જોયા.

"જીવને જડેલ સખી! એક જોગીરાજ એ,
બ્રહ્મચર્યે ભીષ્મ ભડવીરઃ અલબેલડી!
મર્ત્યપુરીમાં અમર એક જોગીરાજએઃ
સત્યે હરિશ્ચંદ્ર હીરઃ અલબેલડી!"

—જોયા.

"દેહે મઢેલ દેવ, એક જોગીરાજ એ,
ચરિતે સુવર્ણ શા વિશુદ્ધઃ અલબેલડી!
ધર્મે ધેનું શા નમ્ર, એક જોગીરાજએઃ
શૌર્યે સિંહણ પીધ દૂધઃ અલબેલડી!

—જોયા.

"શાને પૂજશું સખી! જન્મ–જોગીરાજને?
ધોળ્યાં કુંકુમ કનકથાળઃ અલબેલડી!
શાને વધાવશું એ વિશ્વ– જોગીરાજને?
ગુંથી નભ–તારકની માળઃ અલબેલડી!"

—જોયા.

"જોગી, પરભોગી લુખાં ભૂષણે નારાજ એ,
જોગીને વ્હાલો જીવનભોગઃ અલબેલડી!
મુક્તિને પંથ એવા એક ગાંધીરાજ એઃ
સનાતન ભારતને ચોકઃ અલબેલડી!"
જોયા બ્રહ્માંડ ઘૂમી એક જોગીરાજ એ.

રા. કેશવ. હ. શેઠ.

રાસ ઉત્સાહ ભેર ગવાતા અને નવરાત્રની કોલાહલ ભરી રાત્રીઓમાં લોકોનાં દીલને બહેકાવી મૂકતા. દિવસે કે રાત્રે, ઘરમાં કે બજારમાં ચોરે ચૌટે આજ વાતો થતી. 'આજે આટલી શાળાઓ રાષ્ટ્રીય થઇ, કલકત્તાની ફલાણી શાળાના વિદ્યાર્થીઓએ શાળા છોડી; મહાત્માજીએ મદ્રાસની લોક-મેદનીમાં આવું ભાષણ કર્યું;' આવી વાતો થતી. સ્ત્રીઓમાં પણ રેંટીઆ ચલાવવાનો, છોકરાંને શાળામાંથી ઉઠાડી મૂકવાનો, ગાંધીજીનાં ભાષણો સાંભળવા જવાનો ઉત્સાહ વધી પડયો હતો. તેમનામાં સરસાઇ થતી; અને સ્ત્રીઓ ટોળામાં ભેગી થઇ હોય ત્યાં અભિમાનથી 'મારા શરતને શાળામાંથી ઉઠાડી મૂકયો, આજે અમે રેંટીઓ લાવ્યાં; ખાદી મંગાવી' એવી એવી વાતો કહેવાતી અને સંભળાતી. એવી જગ્યાએ લડતમાં જોડાનાર સ્ત્રી પુરૂષનાં ગુણ ગાન થતાં.

સુધા આ સઘળું સમજતી અને ખેદ પામતી. તે બિચારીને પતિ અને પુત્રને લડતમાં જોડાતા, તેમાં ભાગ લેતા જોવાની અત્યંત ઇચ્છા થતી. ઘણી વખત પતિ અને પુત્રની સ્થિતિ જોતાં મનમાં ને મનમાં ધુંધવાયા કરતી– "પ્રભો! કયા જન્મનાં પાપોએ કરી તેં મારી આ અવસ્થા કરી છે? દેશમાં સ્વતંત્રતાની લડત ચાલી રહી છે. લડત પણ કેવી? શાંત, સભ્ય અને પવિત્ર. હાય! એવા યુદ્ધમાં મારા તનનું કોઇ જોડાયું નથી. ન તો પુત્ર અથવા ન તો પતિ. મને કોના ઉપર અભિમાન આવે? એક દિવસ એવો હતો કે ભારતની રમણીઓ પોતાનાં સંતાનોને દેશ–પ્રેમનાં કવચ ધારણ કરાવીને અને પોતાના પ્રાણાધિક પતિઓને પોતાના સતિત્વની ઢાલ આપીને હસ્તે મોઢે યુદ્ધ–ભૂમિમાં વિદાય કરતી અને પોતાને ભાગ્યશાળી સમજતી. ત્યારે લડતમાં પણ શું રસ આવતો? લાસોના ઢગલા થતા, લોહીની નદીઓ વહેતી અને અને જીવસટ્ટાની બાજી ખેલાતી."

"આજે તેવું ભયાનક યુદ્ધ નથી લડવાનું. આજે તો શાંત અને અહિંસાત્મક લડત લડવાની છે. આજે હિંદમાં સ્વાધીનતાનું જે ધર્મ–યુદ્ધ ચાલી રહ્યું છે તેમાં લોહી વહેવડાવાનું તો દૂર રહ્યું, પરંતુ લાકડીનો પ્રહાર સરખો કરવાનું અને ગાળો સુદ્ધાં દેવાનું પાપ છે. એવા પવિત્ર યુદ્ધમાં મોકલવાને માટે મારી પાસે કોઇ નથી."

"શું નુકસાન થાત, કદિ હું વાંઝણી રહી હોત? શું ખોટ જાત, કદિ હું કુંવારી રહી હોત? પ્રભુ! આ અગન–હૃદયની આ બળતરા હવે સહન નથી થતી. પાડોશમાંની સ્ત્રીઓ–જેમના પતિઓ અને પુત્રો આ અહિંસાત્મક યુદ્ધમાં સામેલ થયા છે–તે ગર્વની સાથે છાતી ફુલાવીને ફરે છે અને હું? હાય! મારૂં શિર લજ્જાનું માર્યું નીચું નમેલુંજ રહે છે. હાય! પ્રભુ..."

રમેશ નિશાળેથી આવે છે, મોટરમાંથી ઉતરી ઘરમાં જાય છે; પરંતુ ત્યાં હવે તેને પ્રેમથી છાતીએ ચાંપનાર કોઇ નથી. તેનાં મોજશોખનાં તમામ સાધનો હજુએ ત્યાં મોજુદ છે, પરંતુ તે તેને હવે નિરસ લાગે છે. તે સમજે છે, કે મારૂં કંઈ ખોવાઈ ગયું છે. રમેશની એવી તે કઇ વસ્તુ ખોવાઇ ગઇ છે, કે જે તેના અંતઃકરણમાં, તેની મોજશોખની સામગ્રીઓમાં અને તેની રમત ગમતોમાં સજીવતા લાવી હતી? માતૃ–પ્રેમની તેને ખોટ હતી. તેના વગર તેનું જીવન છતી સામગ્રીઓએ, છતાં સાધનોએ નિરસ થયું હતું.

રમેશ ભોજન કરવા બેસે છે, કે ચુપચાપ નોકર તેની સામે થાળી લાવી મૂકે છે, અને પોતે એક અતીથિની માફક માથું નમાવી ખાઇ લે છે. તેને કોઇ કહેનાર નથી, કે "થોડું તો વધારે ખા; લાવ તને ભાવતી વસ્તુ બનાવી આપું?"

અને રમેશના હૃદયમાં સુખ નથી. તેને ચેન પડતું નથી. માતાનું અંતઃકરણ દુઃખવી, માતૃ–પ્રેમને ખોઇ બેસી કોણ સુખી થયું છે?

રમેશે વિચાર કર્યો:–"માતા ત્યારેજ પ્રસન્ન થશે કે જયારે હું શાળાનો ત્યાગ કરી દેશ-સેવામાં જોડાઇશ. આ રેશમી ખમીશ, પેલો આલપાકાનો કોટ, પેલું કાસ્મીરી પાટલુન ઇત્યાદી સર્વેને દીવાસળી લગાવી દઇ જ્યારે હું ખાદી–ખાદીનો પોશાક પહેરીશ ત્યારેજ માતાની કીકીઓમાં હાસ્ય પ્રકટશે......આજે દેશભરમાં આજ પોકાર પડી રહ્યો છે; મહાત્મા ગાંધીજી આજ કહી રહ્યા છે. મારા સાથી છોકરાઓ ખાદીજ પહેરે છે. શા માટે પણ ખાદીનાં કપડાં ન શીવડાવું? શું કરવા હું ખાદીનો પોશાક ન પહેરૂં જરૂર ખાદી પહેરીશ."

રમેશ આજે નિશાળમાં ન ગયો. પોતાના એક મિત્રની સાથે બહાર જઇ ખાદી ખરીદી લાવી દરજીને પહેરણ શીવવા આપી દીધી. હવે તો તેણે અસહકારી વિદ્યાર્થીઓમાં જવા માંડયું.

રમેશ રાત્રે સુતો સુતો વિચારવા લાગ્યોઃ– "કાલે સાંજે લુગડાં શીવાઇને આવશે. એટલે તે લુગડાં પહેરીને હું માતાની પાસે જઇશ. માતા મને ખાદીના પોશાકમાં જોઇને ખુશી થશે. મારૂં ખોવાઇ ગએલું સુખ મને પાછું સાંપડશે. અરેરે! માતાના પ્રેમ વિના–માતાની સંભાળ વિના આ પંદર દિવસમાં મારી શું હાલત થઇ?"

બીજે દિવસ થયો. આજે કોણ જાણે કોઇ સુધાના હૃદયમાં અમૃત રેડી રહ્યું હતુંઃ– "સુધા! ચિંતા ન કર. ભગવાન તારી મનોકામના પુર્ણ કરશે. ત્હારો પુત્ર તારી આજ્ઞા પાળશે. તે તને, ફક્ત તનેજ પ્રસન્ન કરવા માટે અસહકારી સૈનીક બની ગયો છે. ચિંતા તજી દે અને પ્રસન્ન ચિત્તથી અભિમાન પુર્વક ગરદન ઉંચી કર."

રમેશ આજે ખાદીનો પોશાક પહેરી મહા આનંદમાં છે. આજે તે અસહકારી વિદ્યાર્થીઓની સાથે ગલીઓમાં ફરે છે અને દેશ–ભક્તિનાં ગીત ગાય છે.

સાયંકાળ થઇ ગયો. સુર્યનારાયણ દિવસભર સ્વાધીનતાની લડત નિહાળતાં નિહાળતાં થાકીને વિશ્રાંતિ લેવાને માટે પશ્ચિમ મહાસાગર તરફ ઉતાવળા જઇ રહ્યા છે. સંસાર સુર્યનાં પ્રખર કિરણો રૂપી દુઃખથી કંટાળી જઇ અત્યારે ચંદ્રદેવની હાસ્યપુર્ણ જ્યોત્સ્નાથી શાંતિ મેળવી રહ્યો છે. ઘરોમાં દિવા પ્રગટી ચૂક્યા છે.

ઘડીઆળમાં ટન ટન કરતા આઠ વાગી ગયા. સુધા ગભરાઇ રહી છે. 'રમેશ કેમ હજી ના આવ્યો? શાળામાં નથી ગયો, ફરવા નથી ગયો, ત્યારે ક્યાં ગયો હશે?'

સુધા ઉંબર ઉપર ઉભી ઉભી વારંવાર માર્ગ પ્રતિક્ષા કરી રહી છે. કોઇને દૂર જોઈ વિચારે છે,–' મારો રમેશ આવી રહ્યો છે!' પણ બીજી જ પળે તેની ભ્રાંતિ નષ્ટ થાય છે. તેનું ક્ષણિક આશ્વાસન નિરાશામાં ફેરવાઇ જાય છે.

રમેશને શોધવા માટે જેટલા નોકરો મોકલ્યા હતા તે બધા ખાલી હાથે પાછા આવ્યા. તેમાંના કોઇએ પણ તેને આશ્વાસનપ્રદ સમાચારો ન સંભળાવ્યા. ઘડીઆળનો કાંટો સાડા આઠ ઉપર આવી ગયો. સુધાના હૃદયમાં આપોઆપ શાંતિનો પાદુર્ભાવ થયો. તેને લાગ્યું કે તેનો પુત્ર

આવી રહ્યો છે. એટલામાં તેના કાનમાં સંગીતનો મધુર ધ્વની આવી અથડાયો. ગીત સ્પષ્ટ સમજાતું હતું:—

" હણહણ " કરતો રણનો ઘોડો દ્વાર પરે ખુંખારે,
આપોને આશીશ શુભ માતા! ચરણ પડું છું તમારે;
રણ જાતું મારે હો.
કાયર ક્યમ તમ પુત્ર થાએ મા દુધ તમારૂં પીધું,
વિર ચરિતે પૂર્વ તણાં કંઇ જૂદું શિક્ષણ દીધું;
રણ જાતું મારે હો.

× × × × ×

વિર તણી કાયા હો જનની! ક્ષણભરની ચણગારી,
ક્ષણ ભભુકે તો ભસ્મ કરે એ દુશ્મન દેહ હજારી;
રણ જાતું મારે હો.
મહાભારતમાં કૃષ્ણે જે અર્જુનને પાઠ પઢાવ્યો,
સૈનિક-ધર્મ ગીતાનો એ અધ્યાય સ્મરણ મુજ આવ્યો;
રણ જાતું મારે હો.

× × × × ×

પૂર્વ તણો ઇતિહાસ તું જો મા! બહુ બહુ રણ રોળાયા;
દેશોન્નતિ-યજ્ઞે નરવિર પરિવાર સહિત હોમાયા;
રણ જાતું મારે હો.
આપો આશીષ આપો માતા! માની કુખ દીપવજે,
દેશ તણા હિત માટે તું દીકરા! ભવોભવ મરજે;
રણ જાતું મારે હો.

આ મધુર ગીતમાં, તેના મધુર ભાવોમાં સુધા લીન થઇ ગઇ. પુત્ર ચિંતા, હાર્દિક ઉદ્વેગ, આપણું-પારકું ઇત્યાદિ સંસારિક ભાવો આ ગીતના મધુર ધ્વનીમાં, આ મધુર ગીતના ભાવોમાં વિલિન થઇ ગયા. તેના અંતઃકરણમાં એક જ પંકિત ગુંજી રહી,—

આપો આશીષ આપો માતા! માની કુખ દીપવજે,
દેશ તણા હિતને માટે તું દીકરા! ભવોભવ મરજે;
રણ જાતું મારે હો.

ગીત અંતે વિરામ પામ્યું. તેના દ્વાર પાસે એક વખત 'મહાત્મા ગાંધીજીની જયનો' અને બીજી વખત 'વંદેમાતરમ્' નો ધ્વની સંભળાયો. રમેશ ઘર આવવાથી છુટો પડયો; બીજા વિદ્યાર્થીઓ આગળ ચાલ્યા ગયા.

રમેશે ઘરમાં આવીને માતાને એક આરામ ખુરસી ઉપર વિચાર નિમગ્ન બેઠેલી જોઇ. તે છાનોમાનો તેની સામે ઉભો રહ્યો.

સુધાના ધ્યાનમાં ન હતું, કે કોઇ તેની સામે ઉભું છે. વિચારમાં ને વિચારમાં તેણે નિશ્વાસ નાંખી કહ્યું,–'મારો પુત્ર પણ એવો હોત તો?'

સુધાનો નિશ્વાસ તેના અંતઃકરણમાં પ્રજળી રહેલી દેશ–પ્રેમની અગનનો નિશ્વાસ હતો. તેણે રમેશનું હૃદય ભેદી નાંખ્યું. તે ઉભો ન રહી શક્યો. તેણે સુધાના પગમાં પડી કહ્યું:–"ક્ષમા કરો માતા, તમારો પુત્ર હવે એવો થયો છે." સુધાએ ચમકી કહ્યું:–"ખરે? શું મારો પુત્ર પણ એવો વિર છે? મારા કાનોમાં આ અમૃત વચનો કોણે સંભળાવ્યાં?"

સુધા ઉભી ન થઇ શકી; કારણ કે તેના બંને પગો રમેશે પકડી રાખ્યા હતા. પરમ આશ્ચર્યથી તે રમેશના સામું એકી ટશે જોઇ રહી. તેણે જોયું કે તેનો પુત્ર તેના પગોમાં પડયો હતો. 'મારો પુત્ર! મારૂં સર્વસ્વ!' કહીને રમેશને ઉઠાડવા લાગી.

રમેશ ઉઠયો પણ નહિ અને માતાના પગને છોડયા પણ નહિ.

તેણે રડતાં રડતાં કહ્યું:–"માતા! ક્ષમા કરો. આપના અંતઃકરણને મેં ખૂબ દુખવ્યું છે. હવે આપની આજ્ઞા પાળીશ."

સુધા પણ પોતાનાં આંસુ રોકી ન શકી. સત્તર દિવસથી દબાઇ ગયેલો પ્રેમ સ્રોતનો બંધ આજે તુટી ગયો. તેણે પુત્રને ઉઠાડી છાતી સરખો ચાંપ્યો.

રમેશ ફરીથી રડી પડયો. રોતાં રોતાં તેણે કહ્યું:–"મા, ત્હારા ન બોલવાથી મારા દુઃખનો પાર ન હતો. પેટ ભરીને ન તો ખવાતું હતું કે ન નિંદ્રા આવતી હતી. હવે તો તારી આજ્ઞા પ્રમાણે ચાલીશ."

સુધાએ ફરીથી તેનાં આંસુ લુછી કહ્યું:–"ના, બેટા! હવે હું કદીપણ તારાથી નારાજ નહિ થાઉં. તેં આજે મારી કુખ ઉજ્જવલ કરી. માતૃ–ભૂમિની સેવાનું વ્રત સ્વીકારી તેં મને ધન્ય બનાવી. બેટા! મહાત્માજીના ઉપદેશાનુસાર માતૃ–ભૂમિની સેવાનાં વ્રત નિભાવો અને માતાને ચરણે પોતાની જાતને અર્પણ કરો."

પ્રકરણ ૫ મું.

રાવબહાદુરને ખબર પડી કે રમેશે શાળા છોડી દીધી છે, ત્યારે તેઓ ઘણા ગુસ્સે થયા. તેમણે રમેશને બોલાવીને ખૂબ ધમકાવ્યો. રમેશે સામો ઉત્તર આપ્યો નહિ. પોતાના પિતા જ્યારે ઠંડા પડયા ત્યારે રમેશે વિનય પુર્વક કહ્યું:–"માતાની એવી આજ્ઞા છે. ધર્મ પણ એમજ શીખવે છે."

રાવબહાદુરે ક્રોધથી પગ પછાડી કહ્યું:–"ધર્મ શું એમ શીખવે છે, કે પિતાની આજ્ઞા ન માનવી? પિતાને પ્રસન્ન કરવાની ખાતર ભીષ્મે આખું જીવન બ્રહ્મચર્ય વ્રત ધારણ કર્યું હતું. પિતાની આજ્ઞા માથે ચઢાવીને રામચંદ્રજીએ ચૌદ વરસ વનવાસ વેઠયો હતો. આજે ધર્મનું ઓથું લઇને તું પિતાના વચનોની અવગણના કરે છે?"

રમેશ દલીલોના જોસની સામે ટકી ન શકયો. તે ગભરાઇ ગયો. પરંતુ સુધાએ આવીને તેનો ગભરાટ મટાડયો.

તે બોલીઃ–"પિતાની અપેક્ષાએ પિતાના પણ પિતાની, સમસ્ત સંસારના પિતા પરમાત્માની આજ્ઞા માનવી એ ધર્મ છે. પરમાત્મા એવું નથી ઇચ્છતો કે તેનાં સંતાનો અન્યાયની સામે પોતાનું શિર નમાવે, તે નથી ચાહતો કે તેનાં સંતાનો ગુલામ બની રહે. તે જરૂર ઇચ્છે છે, કે તેનાં બધાં સંતાનો સમાનતાથી રહે અને યદિ કોઇ સબળ સંતાન નિર્બળ ઉપર આક્રમણ કરે તો તેનો પોતાની શક્તિ મુજબ વિરોધ કરે. રમેશ અને હું પોતે એજ પરમાત્માની આજ્ઞા માનીએ છીએ. તેનીજ મદદ ઉપર અમે અમારી જીવન–નૌકાને તોફાની સંસાર–સાગરમાં ઝુકાવી છે. પરમાત્માજ મદદ આપીને અમને પાર ઉતારશે."

રાવબહાદુરે હોઠ કરડીને ગુસ્સાને મહા પરાણે રોકી રાખતાં કહ્યું:— "સુધા! શું તારો ગાંધી આવું જ શિખવે છે?"

સુધાઃ–"ગાંધીજી નવી વાત ક્યારે કહે છે? પ્રહલાદનું ઉદાહરણ આપની નજર સામે છે. ધર્મ વિરૂદ્ધ જો પિતાની આજ્ઞા થાય ત્યારે તેનો નમ્ર વિરોધ કરવો એ તો કર્તવ્ય છે."

રાવબહાદુરઃ–"અને સુધા! પતિની આજ્ઞા પણ ન માનવી એ પણ ધર્મ છે, ખરૂં ને?"

સુધાઃ–"તેને માટે મીરાંબાઇનું ઉદાહરણ મોજુદ છે. ધર્મ કહે છે કે સ્ત્રી પતિની સહધર્મિણી છે. તે એવું નથી કહેતો કે સહ–અધર્મિણી છે. ધર્મમાં પતિની પડખે રહેવું એ સ્ત્રીનું કર્તવ્ય છે. અધર્મમાં પડખે રહેવાનું નહિ. નાથ! જરા તો વિચારી જુવો! જે સરકારના અમલદારોએ પંજાબની સ્ત્રીઓને બેઇજ્જત કરી તે શું મુંબાઇની સ્ત્રીઓની બેઇજ્જતી નથી કરી શકતા? જે સરકારના નોકરોએ અમૃતસરમાં હજારો નિરપરાધીઓના કતલ કરી તે શું વખત આવે મુંબાઇના લોકોને છોડી શકે તેમ છે? જેણે દશ વરસના મદનમોહનને મારી નાંખ્યો તે શું મારા રમેશને મારી નથી શકતો? જેણે અમૃતસરના લોકોને પેટે ચલાવ્યા તે શું મુંબાઇના લોકોને નથી ચલાવી શકતો?"

રાવબહાદુરઃ-" પણ સુધા ! એ અત્યાચારના પ્રતિકારનો આ રસ્તો નથી. તેને માટે તો કાયદેસર લડત લડવી જોઇએ. શાળાઓ છોડી દેવાથી સરકારને શું નુકશાન જશે ? સામું નુકશાન તો આપણને જ થશે."

સુધાઃ—" કાયદેસર લડત! કોંગ્રેસ પાંત્રીસ વરસથી એવી ચળવળ કરતી આવી છે. બતાવો, કોંગ્રેસે શું મેળવ્યું ? સરકારે હિંદીઓને શું આપ્યું ? રોલેટ એકટની વિરૂદ્ધ સમસ્ત ભારતે વિરોધ દર્શાવ્યો; લાખો અને કરોડો માણસોની સહીઓ સાથે અરજી કરી. સરકારે શું રોલેટ એક્ટ રદ કરી દીધો ?

" શાળાઓ ખાલી થવાથી સરકારની એટલી માન-હાની થશે કે જેટલી બીજા કશાથી નાહ થાય. દરેક સરકારી ઓફીસો તરફ જુઓ. બધામાં હિંદીઓ જ કામ કરે છે. આવડું મોટું સામ્રાજ્ય રૂપી યંત્ર હિંદુસ્તાનીઓ જ ચલાવે છે. તે બધા આ શાળાઓમાં અને કોલેજોમાં શિક્ષણ લે છે. સરકારે શાળાઓ અને કોલેજો દ્વારા એકજ મનસુબો રાખ્યો છે કે જેથી ભણેલા હિંદીઓ સરકારને રાજકારભાર ચલાવવાના ખપમાં આવે."

" રેલ્વે તરફ જુઓ ? તેમાં કોણ કામ કરે છે ? સરકારની જ શાળામાં ભણીને તૈયાર થયેલા હિંદીઓ. મહેસુલ કોણ ઉઘરાવે છે ? સરકાર અથવા તો તેના જાતીભાઇ? કોર્ટો તરફ જુઓ ? પોલીસની કોટવાલી તપાસો ? પોષ્ટખાતા તરફ નજર નાંખો ? જ્યાં જુઓ ત્યાં સરકારી શાળાઓમાં ભણેલા માણસો જ તમને જણાશે. જો અત્યારેજ તેઓ સઘળા પોતાનું કામ તજી દે તો સરકારનું આ હાલતું ચાલતું મહાન યંત્ર આજ વખતે અટકી પડે. પણ જેઓ ગુલામીમાં ભૂલ્યા ભટકે છે, જે પોતે પોતાને ભૂલી ગયા છે તેમને હવે પોતાપણાનું જ્ઞાન આપવું; યંત્રમાં ભાગ લેતા અટકાવવા એ જો અસંભવિત નથી તો દુઃસાધ્ય તો છે જ. એ કારણથી સ્વમાનને ભૂલવનારી શાળાઓમાં પોતાનાં બાળકોને ન મોકલવાં એજ ઉત્તમ છે."

" વાંસ જ રહેશે નહિ તો વાંસળી કેમ વાગશે ?"

" ગુલામીને વધારનારી શાળાઓ જ ન હશે તો ગુલામો ક્યાંથી ઉત્પન્ન થશે ? ભવિષ્યમાં યંત્રને ચલાવનારા હિંદીઓ ખોળ્યા જડશે નહિ તો યંત્ર એની મેળેજ અટકી પડશે. ત્યારેજ સરકાર આવીને કહેશે કે " આવો આપણે બધા ભાઇઓ છીએ; આપણે બધા સરખા છીએ !"

રાવબહાદુરઃ-" પણ સુધા ! ગાંધી, તિલકાદિએ પણ એજ શાળાઓ અને કોલેજોમાં શિક્ષણ લીધું હતું."

સુધાઃ–"એ તો ઇશ્વરેચ્છાની વાત છે. મગમાં કેટલાક ગાંગડુ મગ પણ હોય છે. તેને ગમે તેટલા ઉકાળો પણ તે ચઢતા નથી. એવી જ **મહાત્મા ગાંધી, લોકમાન્યાદિની** વાત છે. તેઓ શાળાઓ અને કોલેજો રૂપી આગ્રદ્વારા ગુલામ બનાવનારા શિક્ષણ રૂપી પાણીમાં ખૂબ ઉકળ્યા, પરંતુ તેમનું ભારતીય બીજ જે ગાંગડુ મગની સમાન હતું તે ન ચઢ્યું. નાથ! અપવાદ તરફ ન જુઓ. સર્વ સાધારણની તરફ નજર નાંખો કે તેમની શું દશા છે?"

રાવબહાદુર કશું બોલ્યા નહિ. તેમણે ટગર ટગર **સુધા** તરફ જોયાજ કર્યું. તેમને લાગી રહ્યું કે **સુધાની** જીભ ઉપર **સરસ્વતી** દેવી આવી વસ્યાં છે. થોડીવાર ચુપ રહીને અત્યંત ખેદથી તે બોલ્યાઃ–"તું જાણે **સુધા**! મને તો પુત્રને જાડાં લુગડાં પહેરતો અને ભણતર વગરનો જોઇ પારાવાર દુઃખ થાય છે."

સુધાએ ગંભીરાઇથી કહ્યું:–"એમાં દુઃખી થવા જેવું શું છે, નાથ! ઘણાયે દિવસો સુધી ધર્મભ્રષ્ટ કરનારાં વિલાયતી વસ્ત્રો પહેર્યાં કર્યાં: હવે તો આ પવિત્ર ખાદી અમારાં અંતઃકરણને નિર્મળ બનાવશે અને મુલાયમ કપડાંથી નિઃસત્વ થએલાં અમારાં શરીરને સબળ બનાવી અમને ધર્મ પાળવાને યોગ્ય બનાવશે. અને **રમેશ** શિક્ષણથી ક્યાં વંચિત રહ્યો છે? તે તો આજકાલ આત્મોન્નતિ કરીને મુક્ત બનવાનું શિક્ષણ મેળવી રહ્યો છે. આજ ખરેખરૂં શિક્ષણ છે. પ્રત્યેક મનુષ્યને માટે આજ શિક્ષણ આવશ્યક છે."

પ્રકરણ ૬ ઠું.

રમેશના શાળા છોડવાના કૃત્યથી **કેશવલાલ** ઘણું ચીઢાયા, પણ **સુધાની** દલીલો આગળ ટકી ન શક્યા, એથી દરરોજ મનમાં ધુંધવાયા કરતા. ઘણી યે વખત શાળાની બાબતમાં, રાષ્ટ્રીય શિક્ષણની બાબતમાં વર્તમાનપત્રોની દલીલો ઉછીની લાવી **સુધાની** સાથે તકરારમાં પડતા. રાષ્ટ્રીય શિક્ષણ કેવું હોવું જોઇએ, શાળાઓ ઉત્પન્ન કરવાનું જોર ગજે નહિ અને છોકરાંને શાળા છોડવાનો ઉપદેશ કરવામાં કેટલું જોખમ છે એ ઘણીયે વખત **સુધાને** સમજાવતા. '**ગાંધીજી** તો છોકરાંને પથરા ફોડવાનું અને બૈરાંની માફક રેંટીઆ કાંતવાનું શિખવે છે' એવી વિરૂદ્ધ પત્રોમાંની ગોખી રાખેલી દલીલ મોંઢું

ઠેકાણે રાખી, આંખો ચઢાવી અસરકારક રીતે કહેતા; પણ સુધાની સરળ વાણી આગળ તેઓ સહેજમાં નિરૂત્તર થઇ જતા. છતાં વાદ ન મૂકતા.

રાવબહાદુરે એક દિવસ હસતાં હસતાં આવીને સુધાને પૂછયુંઃ–"સુધા! તારા ગાંધીને પણ રોજ નવી નવી વાતો સૂઝે છે. આજે 'નવજીવન'માં તેઓ લખે છે, કે સુતર કાંતો અને સ્વરાજ્ય લો. જાણે સુતર કાંતવાથી સરકાર નમી જઇ સ્વરાજ્ય આપી દેશે ? જાણે ગાંધીનો રેંટીઓ સરકારની મશીનગનો અને તોપોનાં મોઢાં બંધ કરી દેશે ? સંસારનો શરૂઆતથી આજ સુધીનો ઇતિહાસ તો જરા યાદ કર. શક્તિ વગર–પશુબળની સહાય વગર શું આજ સુધી કોઇ અત્યાચારી અત્યાચાર કરતો અટક્યો છે ? તેમાંયે આપણા ઋષિ–મુનિ સરખા કે જેમનો પુર્ણ આત્મ–વિકાસ થઇ ચૂક્યો હતો અને જેઓ સંસારની માયા તજીને તપસ્યા પાછળ પોતાનું જીવન વિતાવતા હતા, તેવા સમર્થ પુરૂષોને પણ પોતાની તપસ્યા પુરી કરવા–પોતાની સાધના સિદ્ધ કરવા પશુબળનો આશ્રય લેવો પડયો હતો."

"વિશ્વામિત્ર સરખા ઋષિ પોતાના યજ્ઞની નિર્વિઘ્ને સમાપ્તી કરવા માટે રામચંદ્રજીને લઇ ગયા હતા. ઋષિ–મુનિઓને શાંતિથી યજ્ઞની ક્રિયાઓને પુરી ન કરવા દેનારા રાક્ષસોને દંડ દેવા માટે નારાયણને નર બનીને આવવું પડયું હતું. હિરણ્યકશ્યપનો સંહાર કરવા માટે ભગવાનને નૃસિંહાવતાર ધારણ કરવો પડ્યો હતો. કંસાદિ રાક્ષસોના અત્યાચારથી સંસારને બચાવવા માટે ભગવાનને કૃષ્ણનું રૂપ લેવું પડયું હતું."

"વિચાર કરો, સુધા ! શું તે વખતના ઋષિ–મુનિઓ પોતાના આત્મબળ વડે રાક્ષસોની સાથે અસહકાર કરી પોતાની રક્ષા ન'તા કરી શકતા ? શું વિશ્વામિત્ર ઋષિમાં આત્મબળ ઓછું હતું, કે તેમને પશુબળનો આશ્રય લેવા દશરથ રાજાની સભામાં દોડવું પડયું ? શું ભગવાન શ્રીકૃષ્ણ આત્મબળ વગરના હતા કે તેમને કંસ, ચાણુર વિગેરેને હણવા પશુબળ વાપરવું પડયું ? જે સમયે કૌરવો અને પાંડવો વચ્ચે યુદ્ધની જવાળાઓ ભભુકી રહી હતી તે સમયે શ્રીકૃષ્ણનું આત્મબળ કયાં નાસી છૂટયું હતું ? ભિષ્મની બાબતમાં તેમની પ્રતિજ્ઞા હતી કે હું શસ્ત્ર ગ્રહણ કરીશ નહિ–પશુબળનો આશ્રય લઇશ નહિ; પરંતુ તેમણે શા માટે પશુબળનો આશ્રય લીધો ? શું કામ રથના પૈડાને આંગળી ઉપર ચાક ચઢાવી ભિષ્મ પિતામહ સામું ઉગામ્યું ?"

"સુધા ! સંસારની ઉત્પત્તિથી આજસુધી જે વાત બની નથી તે આજ કેમ બની શકશે ? જેને મોટા મોટા મહાત્મા અને અવતારી પુરૂષો

કરી શક્યા નહિ તેને ગાંધીજી કેમ પુરી કરશે ?"

રાવબહાદુર આજે ખૂબ ખીલ્યા હતા. કાઉન્સિલમાં, જનતાની અથાગ લોકમેદનીમાં ભાષણ આપતાં ઘણીયે વખત ઉશ્કેરાઇ જતા પણ આજની તેમની દલીલો જબરી હતી અને તેમાંયે સુધા આગળ તો પહાડ સરખી હતી. ઘણાજ ઉત્સાહથી આજ તે ખૂબ જુસ્સામાં બોલતા હતા. તેમને પુરી શ્રદ્ધા હતી, કે આ દલીલો આગળ સુધા જરૂર મ્હાત થશે–હારી જશે."

સુધા ક્ષણવાર વિચારમાં પડી. અનેક વિચારો તેના હૃદયમાં ઉત્પન્ન થવા લાગ્યા અને વેરાઇ જવા લાગ્યા. પોતાના પતિને આજે કેમ પતવવા તેની તેને ગમ પડતી ન હતી.

રાવબહાદુર ગંભીરાઇથી પોતાની દલીલો આગળ કર્યે જ ગયાઃ "જવાબ આપો, સુધા ! શાંત કેમ બેસી રહી છે? જે કાર્ય ગૌતમ બુદ્ધ અને મહાવીર સમાન શાંત મહાત્માઓ કરી ન શક્યા તે કાર્ય ગાંધીજી શું કરી શકવાના હતા ? શું ગાંધીજીની તપસ્યા તેમના કરતાં પણ વધારે છે? સ્વરાજ્ય જોઇએ તો યુદ્ધ–વૃતિ પેદા કરો, બાહુને સશક્ત બનાવો અને રણક્ષેત્રમાં મરવા–મારવા માટે તૈયાર થઈ જાઓ. જો એવું ન બની શકે તેમ હોય તો ઇશ્વરને ખાતર આ રેંટીઓ ચલાવવાનું, શાળાઓ છોડવાનું અને સરકારને 'સેતાની, રાવણી' ઇત્યાદિ શબ્દોથી સંબોધવાનું છોડી દો."

સુધાએ તેટલીજ ગંભીરતાથી ઉત્તર આપ્યોઃ-હા, આપનું કહેવું તો ઠીક છે; પરંતુ આપે વિચાર્યું નથી કે પાપીઓને દંડ આપવાનું કાર્ય ઋષિ–મુનિઓનું નથી. પ્રાચીન સમયમાં મહાત્માઓની તપસ્યા ફક્ત મોક્ષ–પ્રાપ્તી સારૂં થતી હતી; સંસારિક વિઘ્નોને દૂર કરવા માટે તેઓ પોતાની તપસ્યાનો ઉપયોગ કરવા નહતા ઇચ્છતા. એ કારણથી તેઓ વિઘ્નો ટાળવા માટે સર્વ શક્તિમાન પરમાત્માની પ્રાર્થના કરતા હતા, અને પરમાત્મા વધી પડેલા અત્યાચારને ઘટીત હોય તે રીતે નષ્ટ કરે છે. કદી પ્રભુ અવતાર ધારણ કરીને અત્યાચારને નષ્ટ કરે છે, તો કદી ભાવનાથી."

"દ્રૌપદીની લજ્જા રાખવા પ્રભુએ કયું રૂપ ધારણ કર્યું હતું ? ટીટોડીનાં બચ્ચાંનું રક્ષણ કરવા માટે ભગવાને કયો અવતાર ધારણ કર્યો હતો ? મીરાંબાઇ ઉપર ઝેરની અસર ન થવા દેવા માટે પ્રભુએ કયા પશુબળનો પ્રયોગ કર્યો હતો ?"

"તે સર્વ શક્તિમાન ક્યે સમયે શું કરે છે તેની કોઇને ખબર પડતી નથી. તેની માયા અગાધ છે. હું ફક્ત એટલુંજ જાણું છું, કે તે

અત્યાચારને જરૂર દબાવે છે. હિંદમાં થઈ રહેલા અત્યાચારને દબાવવા માટે તેણે હાલમાં **સ્વદેશી ભાવનાના** રૂપમાં અવતાર લીધો છે. એ કારણથી મહાત્માજી કહે છે, કે "સુતર કાંતો અને સ્વરાજ્ય લો."

"સંસાર ઉપર વિજય મેળવવા માટે પ્રેમ, ક્ષમા, સેવા ઇત્યાદિ શસ્ત્રો ઉપયોગનાં છે. ઘૃણા અથવા આસુરી વૃત્તિ નહિ. સંસારને જીતી લેવાની શક્તિ પ્રેમમાં છે. પ્રેમજ ફક્ત આત્માની સર્વોત્કૃષ્ટ વૃત્તિ છે. તરવારથી—પશુબળથી સંસાર જીતી શકાતો નથી."

"ગૌતમ બુદ્ધને વિજય ન મળ્યો એમ કહેવું એ સાવ ભ્રમ ભરેલું છે. ધર્મપ્રચારકોમાં, અત્યાચારના વિરોધીઓમાં જેટલી સફળતા ગૌતમ બુદ્ધને મળી છે તેટલી સફળતા બીજા કોઇને મળી નથી. સંસારની ચોથા ભાગની વસ્તી આજ પણ ગૌતમ પ્રભુની અનુયાયી છે. શું આ થોડી સફળતા છે? મનુષ્યનું હૃદય પ્રેમથીજ બદલી શકાય છે; પશુબળના ઉપયોગથી નહિ."

"અને પરમાત્માની સુંદર પ્રતિકૃતિ રૂપ આ દુનીયાને જુઓ. તારાઓથી ભરેલા માથા ઉપરના સુંદર આકાશને નિહાળો? મનને મુગ્ધ બનાવે તેવી વનસ્પતિઓથી ભરેલા પર્વતોને જુઓ, થેઇ થેઇ નાચતી નાચતી મંદ મંદ વહેતી આ નદીઓ અને તેના જળતરંગને જુઓ અને પછી બતાવો કે એવી સુંદરતાનો યુદ્ધદ્વારા લોહી વહેવરાવી ધ્વંસ કરવો, એ શું મનુષ્યતા છે? પ્રભુની આ મનોરમ્ય સૃષ્ટિમાં મનુષ્ય માત્રને માટે, પ્રાણી માત્રને માટે થોડા જ જમીન અને ખોબો અનાજ ઓછાં છે?"

"યુદ્ધ! યુદ્ધ! અને યુદ્ધ! આખો દિવસ લડાઇનીજ વાતો! હવે તો એ પાશવિક વૃત્તિઓને તજી દઈ સંસારમાં સાત્વિક વૃત્તિનો—પ્રેમવૃત્તિનો પ્રચાર કરવો જોઇએ. શક્તિ ઉત્પન્ન કરવી જોઇએ, બાહુ સશક્ત બનાવવા જોઇએ, પરંતુ તરવાર પકડવાને માટે નહિ; નિર્બળને સહાયતા કરવા માટે. તૈયાર થવું જોઇએ, પણ મારવા માટે નહિ; પરંતુ નિરપરાધીઓને સશક્તથી બચાવતાં મરવા માટે. આ કેવી રાક્ષસી વૃત્તિ કે એક મનુષ્ય બીજાને મારીનેજ પ્રસન્ન થાય છે. જાણે કે એક મહાન કામ કર્યું!"

"શું કામ લોકોને સમજાવવામાં નથી આવતું કે આનંદ તો બીજાને પ્રસન્ન કરવામાં છે અને સંતોષ તો બીજાની સેવા કરી તેના અંતરાત્માને સંતુષ્ટ કરવામાં છે; મારવામાં નથી. આજ કાર્ય સંસારમાં મહાન છે."

"શાળાઓ છોડવાની બાબતમાં તો હું પહેલાં કહી ચૂકી છું. ફરીથી પણ કહું છું, કે જે રગરગમાં ગુલામી ભરે છે તે શાળા અને કોલેજને

દૂરથીજ નમસ્કાર કરવો એ ઉત્તમ છે.”

“રેંટીઆઓ ફરવાથી આપણે વિદેશીઓના આશ્રીત મટી જઇશું. આપણને વાટ જોતાં બેસી નહિ રહેવું પડે કે વિલાયતમાંથી કાપડ આવશે ત્યારેજ આપણું નગ્ન શરીર ઢંકાશે. એટલું પણ કેમ? હિંદમાંથી સાઠ કરોડ રૂપિયા પ્રતિવર્ષ વિદેશમાં જતા રહે છે; હિંદ દિન પર દિન ગરીબ બનતું જાય છે, તે ગરીબાઇ તો અટકી જશે?”

“અને ક્ષમા કરજો, નાથ! શું આપ બતાવશો ખરા કે આપ વરસો થયાં પાકા સ્વદેશભક્ત બની ફરો છો, પરંતુ આપે દેશના કલ્યાણ વાસ્તે કદાપિ થોડું પણ આચરણિય કામ કર્યું છે? આપની દેશ–ભક્તિ કોરી વાતોમાં છે અને આપનો સ્વદેશ–પ્રેમ અથવા સ્વાર્થ–ત્યાગ કેવળ સભાના માંચડા પર છે.”

“આપણું ઘર તો તપાસી જુઓ, નાથ! ઘરનો ખુણેખુણો વિદેશી માલથી ભર્યો પડ્યો છે. આપણાં બીછાનાં અને પહેરવાનાં કપડાં જૂઓ? તમામ વિલાયતી વસ્ત્રોનાં છે. આપ પોતે પણ પગથી માથા સુધી વિદેશીમાં સજ્જીત છો. હું વિદેશી બની હતી, રમેશને વિદેશી બનાવી રહ્યા હતા અને વધુ તો શું કહું? આપણા ઘરનું આખું વાતાવરણ આપે વિદેશી બનાવી રાખ્યું હતું. ‘પોથીમાંનાં રીંગણાં’ વાળી કહેવત આપની બાબતમાં ચરિતાર્થ હતી–છે.”

“હવે તો ચેતો, નાથ! એક દિવસ આપ કહેતા હતા, કે ‘જો તારા વિચારો મારા જેવા હોત તો હું શું ન કરી શકત?’ વહાલા! આજે મારા વિચારો આપની સમાન છે, રે? બે આંગળ આગળ છે. તો નાથ! હવે આપના વિચારોનો અમલ કરો અને જગતને બતાવી આપો કે ‘**ત્યાગ**’ શું વસ્તુ છે?”

બિચારા રાવબહાદુરને માથે ધર્મસંકટ આવી પડ્યું હતું. તેમની વિવેકબુદ્ધિ તેમના અંતઃકરણને હચમચાવી રહી હતી. પોતાની નબળાઇઓની તેમને આજ સુધી ખબર ન હતી. અત્યાર પહેલાં આટલા સ્પષ્ટ શબ્દોમાં, આટલા મીઠા શબ્દોમાં કોઇએ તેમની નબળાઇના વિષયમાં કહ્યું ન હતું. રાવબહાદુરને આજે જીવનમાં પહેલી વાર સુધાના માર્મિક શબ્દોથી પોતાની નબળાઇનું ભાન થયું. તેમણે જોયું કે પોતે અનેક નબળાઇથી ભરેલા છે; પોતાનાં વચન, મન અને કર્મમાં એટલું બધું અંતર છે, કે જેટલું સ્વર્ગ, પૃથ્વી અને પાતાળની વચ્ચે છે. તેમનો શબ્દ સ્વર્ગનો હોય છે, જ્યારે તેમનું અંતઃકરણ પૃથ્વીનું છે અને આચરણ પાતાળ જેટલું મલીન હોય છે.

રાવબહાદુર નિઃસ્તબ્ધ હતા. તેમના હૃદયમાં પશ્ચાતાપની જ્વાલા ભભુકી રહી હતી. તેમની આંખોમાં જળ ભરાઈ આવ્યું હતું. તેમના ચહેરા ઉપર ઉદાસીનતા છવાઇ રહી હતી.

સુધાને પોતાના પતિની સ્થિતિ જોઇ આંખોમાં પાણી ભરાઇ આવ્યું. તે સમજી કે પોતાનાથી પોતાના પતિનું અંતઃકરણ દુઃખાયું છે.

સુધા કેશવલાલના પગ પાસે બેસી ગઇ, અને બોલીઃ– "નાથ! પંજાબના હત્યાકાંડની ઘટના પછી જ્યારથી મેં સ્ત્રીઓના અપમાનની વાત સાંભળી છે, ત્યારથી અને ખાસ કરીને મેં મહાત્માજીનાં ડાકોર અને સુરતનાં ભાષણો 'નવજીવન' માંથી વાંચ્યાં છે ત્યારથી મારૂં અંતઃકરણ મારા હાથમાં નથી રહ્યું. જેમ જેમ હું વિચાર કરવા લાગી તેમ તેમ મને માલમ પડ્યું કે આપણા હિંદીઓના જેવી ગુલામ પ્રજા સંસારમાં બીજી કોઇ નથી. જેમ જેમ દેશમાં બનતી ઘટનાઓ ઉપર વિચાર કરતી જાઉં છું તેમ તેમ મને માલમ પડે છે, કે આપણાજ દેશમાં આપણે પશુઓનું જીવન ગાળી રહ્યાં છીએ."

"આ વાતો જ્યારે મારા અંતઃકરણમાં–મારા અનુભવમાં આવી ત્યારથી મને માલમ પડ્યું કે વૈભવ એક વિટંબણા છે; ધન દોલત આપણા માથા ઉપર બોજા સરખી છે. આપણો મોજશોખ એ બીજાનો નચાવ્યો નાચ છે અને આપણું કથન બીજાઓથી ઉચ્ચારાયેલા રાગ સમાન છે. શબ્દ આપણો છે; ભાવ પારકો છે."

"ઉપરના વિચારોએ મારા અંતઃકરણને મારે હાથ રહેવા ન દીધું; આજે મેં સ્પષ્ટ બોલી નાંખ્યું. ક્ષમા કરો, નાથ! દાસીના અપરાધને ક્ષમા કરો. પરંતુ આપ જાણતા હોત કે મારૂં અંતઃકરણ આપણી–હિંદીઓની હિનતાથી કેટલું તલમલી રહ્યું છે; હિંદીઓને અમૃતસરમાં પેટે ચાલવું પડ્યું હતું, આ સ્મરણ મારી છાતીમાં કેટલું દુઃખ કરી રહ્યું છે, તો આપ દુઃખી ન થાત અને મને ક્ષમા કરત."

સુધા છુટે મોંઢે રોવા લાગી. પોતાના પતિના પગ પકડીને તેને પોતાનાં આંસુથી નવરાવવા લાગી.

રાવબહાદુરના હૃદયનો બંધ તૂટી ગયો. તે પણ જમીન પર સુધાની પાસે બેસી ગયા અને રોવા લાગ્યા. આંસુઓદ્વારા તેમના અંતઃકરણની મલીનતા નાશ પામી. બનાવટી દેશ–ભક્તિ નષ્ટ થઇ. વાસ્તવિક દેશ–પ્રેમે હૃદયમાં વાસો કર્યો.

રાવબહાદુરે સુધાનાં આંસુ લુછતાં કહ્યું:—" પ્રિયે ? તું શામાટે નારાજ થાય છે ? આજે તેં મારા પર મોટો ઉપકાર કર્યો છે. તેં મને તાર્યો છે. ખુશામતી લોકોની 'જી' હજુરમાં આજસુધી કદાપિ મેં મારા અંતઃકરણને ઓળખ્યું ન હતું. આજસુધી લોકોની જુઠી પ્રશંસાએ મારી નબળાઇઓનું મને ભાન ન થવા દીધું હતું. આજે તેં તે ભાન મને કરાવ્યું. સુધા ! તારાજ પ્રયત્ન વડે હું આજથી સાચો દેશસેવક છું–હું આજથી સાચો ત્યાગી બનીશ. ગુલામીમાં જકડનારી ભાષા, ભાવ અને આભુષણોનો હું આજથીજ ત્યાગ કરૂં છું. આજથી હું પણ એક સાચો અસહકારી છું. આજેજ હું મારી રાવબહાદુરની પદવી સરકારને પરત કરીશ અને ધારા-સભાના સભાસદની જગ્યાનું રાજીનામું આપી દઇશ. ઉઠો, પ્રિયા ! આજથી આપણે બંને એકજ પંથનાં મુસાફર છીએ. "

સુધાએ પતિના ગળામાં પોતાના બંને હાથ નાંખી વિસ્ફારિત પ્રેમાશ્રુ-પુર્ણ: આંખોથી પતિના અંતઃકરણની શુદ્ધિથી પવિત્ર બનેલા ચહેરાને જોતાં કહ્યું:—" આપને એવુંજ ઘટે છે, નાથ ! આજે હું ધન્ય થઇ. મારૂં જીવન સફળ થયું ! જેનો પુત્ર અને પતિ ધન, વૈભવ અને વિલાસને ઠોકર મારી દેશ માટે ત્યાગી બની જાય; સ્વાધીનતાની લડતમાં કુરબાન થવા ખડો થાય, તેની બરોબર બીજી કયી સ્ત્રી ભાગ્યશાળી હશે ? "

પાસેના દિવાનખાનામાં વાજાની પેટી ઉપર રમેશ ગાઇ રહ્યો હતો:–

" બીત ગયે હાં, બીત ગયે દિન લજ્જા–જનક–ગુલામી કે,
ભારત ભૂ દિન ફિરે અન્તમેં તેરે અરૂ તવ સન્તતિ કે;
ઉડા હવામેં ઝંડા અપના પુનઃ કીર્તિ–સૌરભ ફૈલા,
હો જો દૃઢતર સમર–સુભટ બન મત હોનેદે મન મૈલા.
'લિખ અપની પ્રાચીન ધ્વજ પર,
ધર્મ, ન્યાય, સમતા, સ્વાતંત્ર્ય.
રણમેં આ ! ના ચાહ છુટકારા, મુકુટ સહૃસ સાહસ ધરકે,
તેરા બલ–દાતા પ્રસન્ન હો તબ–ઉદ્યોગ દેખ કરકે;
તબ–ઉર્વી ઉર્બરા પરિશ્રમકા અવશ્ય ફલ દેતી હૈ,
કલા કુશલતા અરૂ સ્વતંત્રતા તબ–જનકો બલ દેતી હૈ.
લિખ અપની પ્રાચીન ધ્વજ પર,
ધર્મ, ન્યાય, સમતા, સ્વાતંત્ર્ય.
યે પ્રાચીન મિત્ર જો અરિ સમ ફિરવે હાથ બઢાતે હૈં,
મૂલ્ય સ્વતંત્રાત્માઓમેં હમ અધિક સ્વર્ણસે પાતે હૈં.
પ્રિભુ ! હે વિનય, નાશ ઝગડે હોં, બંધુ પરસ્પર મિલ જાવે,
મિલકર સબ જય ધર્મ, ન્યાય અરૂ સ્વતંત્રતાકી ચિલ્લાવે.

'લિખ અપની પ્રાચીન ધ્વજ પર,
ધર્મ', ન્યાય સમતા, સ્વાતંત્ર્ય.
ભારત જનની ! આશા હૈ, યહ તબ પદ–પ્રેમ ન કમ હોગા,
તું આશા હૈ, તુહી રક્ષકા જબ તક હમમેં દમ હોગા;
હમ સબ પુત્ર ઢાલ પર તેરી યહ પદ અંકિત કરતે હૈં,
દુઃખ હો યા સુખ ઘર યા બાહર ઇસી બાત પર મરતે હૈં.
લિખા રહે તેરે ઝંડે પર,
ધર્મ ન્યાય, સમતા, સ્વાતંત્ર્ય.

રાવબહાદુરે ગીત સાંભળી ઉત્ફુલ નયનો સુધાનાં નયનો સાથે મેળવતાં કહ્યું: "હા, સાચું છે. આજથી મારા લજ્જાના–ગુલામીના દિવસો વીતી ગયા છે. અત્યારથી હું ધર્મ, ન્યાય, સમાનતા અને આઝાદીનો સાચો ઉપાસક છું !"

પ્રકરણ ૭ મું.

અરૂણોદય થઇ ચૂક્યો હતો. ભગવાન દિનકર નવજીવન અને નવીન ઉત્સાહ લઇને હિંદને કર્તવ્ય પંથ તરફ પ્રેરતા દષ્ટિગોચર થયા. નવીન સાહસ, નવીન પ્રાણ અને નવીન ભાવનાથી વિભુષિત થયેલા હિંદે નવીન સૂર્યનું હૃદયથી સ્વાગત કર્યું.

આવશ્યક દૈનિક ક્રિયાઓથી નિવૃત થઈ, પ્રભુની સેવા કરી રાવબહાદુર અને સુધા વચલા દિવાનખાનામાં આવ્યાં અને તેમણે નોકર પાસે પોતપોતાનાં લુગડાંની પેટીઓ મંગાવી.

રાવબહાદુરે પ્રથમ પોતાની પેટી ઉઘાડી. એકમાં ચાઇનાસિલ્કના સૂટ હતા. એક એકથી ચઢે તેવા અને છેલ્લામાં છેલ્લી ઢબના ! તેઓ એક પછી એક સૂટ કાઢી જોતા અને જોઇ વિચારતા હતા;– 'મેં કેટલા ઉમંગથી, કેટલી ચીવટાઈ અને આગ્રહથી આ લુગડાં તૈયાર કરાવ્યાં હતાં !' તે દરેકને ગણી જોયાં. પચીસ સૂટ હતા. બીજી પેટી ઉઘાડી. તેમાં રેશમી કપડાં હતાં. પચાસ જોડી ધોતીયાં હતાં. પચીસ જોડી ખેસ હતા. પાંચ ડઝન હાથ રૂમાલ, ચાલીશ જોડ ખમીસ બીજી પેટીમાં હતાં. રાવબહાદુરે એક પણ પેટી ઉઘાડી જોવામાં બાકી ન રાખી. કોઇમાં ગરમ તો કોઇમાં સુતરેલ; કોઇમાં કોલર તો કોઇમાં નેકટાઇઓ હતી. એકમાં તો પચાસ જોડી બુટ હતા. છેલ્લી પેટી ખોલી. તેમાં ચંપલ હતી. તેની ગણતરી કરી તો સાઠ થઇ.

સુધાએ મશ્કરીમાં કહ્યું:–" આટલી જ ચંપલ ! "

રાવબહાદુરનું હૃદય આ સમયે અત્યંત વિષાદપુર્ણ થઇ રહ્યું હતું. તેમની ત્યાગની ભાવના શિથીલ થતી જતી હતી. આ મુલાયમ વસ્ત્રોનો ત્યાગ કરવા સામે તેમના અંતઃકરણમાં અત્યારે જબરૂં બંડ થઇ રહ્યું હતું. તેમના મનમાં અનેક ભાંજગડ થઇ રહી હતી. વિચારોની પરંપરા, લાભ નુકશાનનો અંદાજ, થનારી સ્થિતિ, એ સર્વ તેમની ચિંતાનાં કારણો થયાં હતાં. કાલે ઉત્સાહમાં બોલતાં બોલી તો ગયા પણ લુગડાંની માયા દેખી તેમનું મન તેમને સેતાનને શરણે જવા ઉશ્કેરી રહ્યું હતું. તે વિચારતા હતા, કે " હાય આ સર્વનો શું ત્યાગ કરવો પડશે ? અને આ સર્વનો ત્યાગ કરીને જંગલી લોકો પહેરે તેવી ' ખાદીનાં ' સીવેલાં કપડાં પહેરવાં પડશે ? છટ્ ! આ કેવી ગાંડાઇ છે ? શું તેનાથી સ્વરાજ્ય મળશે ? એ તો ઠીક. વારૂ, આપણને સ્વરાજ્ય શા માટે જોઇએ છે ? આપણા સુખ માટેને ? જ્યારે સુખની સામગ્રીઓ નષ્ટ થશે, જ્યારે આ ભભકાદાર પોશાક અને આ બધી સુખોપભોગની વસ્તુઓ છોડી દઇશું, ત્યારપછી સુખ શું મળશે ? અને જ્યારે સુખ જેવું કશું રહેશે નહિ તો પછી સ્વરાજ્ય પ્રાપ્ત કરવાની મતલબ કેમ સિદ્ધ થશે ? જંગલી થઇને સ્વરાજ મેળવવાની અપેક્ષાએ સ્વરાજ્ય વગર સુસભ્ય રહેવું ઉત્તમ છે. "

રાવબહાદુરની વિચાર ઘટમાળ ઉપર પ્રમાણે ચાલી જતી હતી તેવામાં સુધાનો અવાજ આવ્યો. સહેજ ભાનમાં આવીને રાવબહાદુરે પૂછ્યું:– " વારૂ, સુધા ! એક વાત પૂછું ? "

સુધાઃ– " શું ? "

રાવબહાદુરઃ–" આપણે સ્વરાજ્ય શા માટે ઇચ્છીએ છીએ ? "

સુધાઃ– " સ્વરાજ્ય ? સ્વરાજ્ય આપણે એ માટે મેળવવા ઇચ્છીએ છીએ, કે આપણે સ્વાધીનતાનો ઉપભોગ કરી શકીએ, આપણે માણસ બની શકીએ."

રાવબહાદુરઃ—" પણ સુધા ! સરકાર જ્યારે આપણને 'નવીન સુધારાની' યોજના પ્રમાણે 'જવાબદાર સરકાર' આપી રહી છે, ત્યારે તેને ઠેલીને નવો ઝઘડો ઉભો કરવાની શું જરૂર છે ? શું કોઇપણ સરકારે આવી ઉદારતા જીતેલી પ્રજા તરફ દેખાડી છે ? અને મનુષ્ય બનવાની વાત તો એકલી તેં જ કરી. આજે આપણે માણસ નથી ત્યારે શું પશુ છીએ ? "

સુધાઃ—" હા, આપણે પશુઓથી પણ હલકા છીએ. પશુઓ સ્વતંત્રતાથી બોલી શકે છે. ઘોડાઓ ઇચ્છાનુસાર હરીફરી શકે છે; હાથી

મરજી પ્રમાણે બરાડી શકે છે; ગધેડાંઓ મરજી માફક ભૂંકી શકે છે અને કુતરાઓ પોતાની લહેરમાં આવે તેમ ભસી શકે છે, પણ હિંદીઓ એટલાજ એવા છે, કે તેમના મોંઢામાંથી એક પણ શબ્દ સ્વાધીનતા–પૂર્વક નીકળતો નથી. પોતાનાં દુઃખ–દર્દ જરા સ્પષ્ટ શબ્દોમાં હિંદીઓ બોલે છે કે તરતજ જીભ ઉપર ૧૪૪ મી કલમનાં તાળાં ઠોકવામાં આવે છે અથવા તો ૧૨૪ મી અ અને ૧૫૩ મી કલમોનો ઉપયોગ કરી જેલમાં મોકલી દેવામાં આવે છે. બોલો, નાથ ! આજ હિંદીઓની માણસાઇને ? માણસનું જીવન આવું જ હોય છે કે ? વર્તમાન હિંદીઓની માણસાઇ શું પશુઓથી વધારે છે ? ”

“ આગળ ઉપર ‘ સુધારા ’ અને ‘ જવાબદાર સરકાર’નો તમાસો પણ જોઇશું; પણ અત્યારે તો કવિવર રવીબાબુનો ઇંગ્લાંડમાંથી લખેલો પત્ર જાપાનના ‘એશીઅન રિવ્યુ’ નામના પત્રમાં પ્રગટ થયેલો છે, જેનો તરજુમો ગઇ કાલના ‘નવજીવનમાં’ આવ્યો છે, તે તો જરા વાંચો; રવીબાબુ શું લખે છે ? ”

સુધાએ પત્ર વાંચવા માંડયોઃ—

“ હું લંડનમાં આવ્યો તેજ દિવસથી લોકોનાં ધાડેધાડાં એટલાં તો મારી આસપાસ વીંટળાએલાં રહે છે, કે પત્રવહેવાર કરવો પણ મુસ્કેલ થઈ પડયો છે; વળી અહીંયાં જે જે કંઇ હું જોઉં છું અને સાંભળું છું તે ઉપરથી એક વાત મારા અંતરને વધુને વધુ સ્પષ્ટ થતી જાય છે તે એ છે, કેઃ—

“ તેઓ બેહદ જોરાવર છે. ગયે વરસે પંજાબમાં વર્તેલા કેરની વેળાએ મને એમ લાગેલું કે એ કેવળ ગભરાટને લીધે તેઓના હાથથી બની ગએલો અકસ્માત હશે. પણ તેને લગતા સરકારી અહેવાલો અને પાર્લામેન્ટમાં ચાલેલી ચર્ચા જ્યારે મારા વાંચવામાં આવી ત્યારે મારા અંતરમાં દીવા જેવું અજવાળું પડયું કે તેમના લોહીના પ્રત્યેક બિંદુમાં, તેમની રગેરગમાં અને રોમેરોમમાં પશુતા અને નઠોરતા વ્યાપી રહેલી છે. સેતાનીયત તેમના હાડમાં ઘર કરી બેઠેલી છે. આવાં કેટલાંક માનવ પ્રાણીઓ તો અહીં એટલી હદ સુધી ગયાં છે કે જનરલ ડાયરની ‘અદ્દભુત પશુતા’ના ખૂનખાર પરાક્રમને માટે તેમણે માથે મોડ ઘાલી તેને પોંખ્યો છે ! અને એથી પણ વધુ હેરાન તો હું અહીંની સ્ત્રીઓને પણ એ લોહી તરસ્યા રાક્ષસીપણામાં ભાગ લેતી જોઇને થયો છું. મને લાગે છે કે બ્રિટિશ સરકાર અને બ્રિટિશ પ્રજા તરફથી આપણે કશાની પણ આશા રાખવાનું માંડી વાળવાનો વખત હવે આવી પહોંચ્યો છે. હવે એમની પાસેથી કશાની પણ આશા રાખવી એ આપણે હાથે આપણું અપમાન કર્યા બરોબર છે. ”

" આટલા દિવસ ધુતારી આશાની ઇંદ્રજાળમાં પડી આપણે માન્યા કીધું કે તેઓ આપશે અને આપણે પામીશું. તેઓ દાતા બનવાના હતા, આપણે યાચક હતા. પણ આપણું જ નશીબ જોરાવર કે એમનામાં દાનબુદ્ધિ જ ન રહી. જે નબળા છે તેને દગાના કરતાં દાન જ વધુ જલદી પછાડે છે. જો આપણે સબળા હોત, સમરથ હોત, તો દાન લેત તોયે દીપી નીકળત. એવું દાન આપણને નાના ન કરત; નીચા ન નમાવત; આપણા આત્માને ન સંકોચત. દરેક મહા પ્રજા બીજાઓની દાનની ભેટો સ્વીકારે છેઃ એવો સ્વીકાર કર લેવા સમાન છે. જે જોરાવર છે તે એ કર વસુલ કરે છે. રાજા હંમેશાં મેળવી શકે છે; ભિખારી કદિ પામતો નથી. આમ અત્યારની સ્થિતિમાં તો બ્રિટિશ જેવી પ્રજાના હાથનું દાન લેવું એના કરતાં મરવું હજાર દરજ્જે બહેતર છે."

" આપણા 'મોડરેટો' તેમની આગળ કૃતાંજલિ બનીને ભીખ માગી રહ્યા છે; એકસ્ટ્રીમિસ્ટો રાતી આંખ સાથે માંગી રહ્યા છે, એટલો જ બે વચ્ચે ફેર છે. પહેલો વર્ગ શેઠની થાળી સામે બેસી પુછડી હલાવે છે, બીજો વર્ગ ભસે છે માત્ર. મોડરેટોને લાગે છે કે અમે ડાહ્યા છીએ; એકસ્ટ્રીમિસ્ટો માને છે કે અમે સાચા શુરવીર છીએ. પણ બ્રિટિશ રાજ્યના ડોંસા અને બ્રિટિશ બુટની લાતો તો બંનેની ઉપર સરખીજ પડે છે! બ્રિટિશ માલેકના દસ્તરખાનની છાંડ પણ બંનેની ઉપર સરખી જ પડે છે; અને એ છાંડના એંઠા ટુકડા વહેંચી ખાવા તેઓ અંદર અંદર લડી મરે છે. આ મહાન વ્યવસાય આડે દેશના હિત તરફ નિગાહ કરવાની તેમને ફુરસદ જ ક્યાંથી હોય ? ખરૂં કાર્ય–કરવાનું કાર્ય બેઠું રહે છે. આ સ્થિતિમાં તો માલેકના ભાણાની છાંડના ટુકડા કરતાં એના બુટની લાતો જ આપણે માટે ખરેખર વધુ કિંમતી છે."

પત્ર પુરો કરીને સુધાએ પૂછયુંઃ–" જોઇને દાતારના દાનની દશા ? શું હજુ પણ આપ માનો છો કે સરકાર આપશે અને આપણે પામીશું ?"

રાવબહાદુરે કહ્યુંઃ– " આ પત્ર તો ' સુધારા ' મુજબની ધારાસભા સ્થાપન થઇ તેની પહેલાંનો છે. 'સુધારા'ની યોજના મુજબ ડયુક ઓફ કોનેટે નવીન ધારાસભાઓ ખુલ્લી મુકતાં કેવા ઉદાર વિચારો દર્શાવ્યા છે ? ધારાસભામાં કેવા કેવા ઠરાવ પસાર થયા છે તેનું તને જ્ઞાન હોત તો કદાપિ પણ આ પ્રમાણે કહેત નહિ."

સુધા બોલીઃ–" મુસ્કેલી તો એ છે, કે હું સઘળી બાબત જાણું છું. ઠીક, તમારી નવી ધારાસભાઓના સ્થાપન થવા પછી જે જે વિગતો બની તે સાંભળો અને પછી બતાવો કે એ નવી કાઉન્સીલોએ હિંદને કેટલી સ્વાધીનતા અપાવી છે ? સિંધના સ્વામી ગોવિંદાનંદજી, રાજસ્થાનના કર્મવીર અર્જુનલાલ શેઠીજી, મધ્યપ્રાંતના મહાત્મા ભગવાનદીનજી અને સુંદરલાલ તથા વરાડના વીર વામનરાવ જોશી આદિને નોકરશાહીએ સ્વ-

તંત્રતાથી બોલવા માટે જેલ મોકલ્યા ને? રાજદ્વારી બાબતો જવા દો. હિંદમાં દારૂની ધર્મમાં પણ બંધી છે. હિંદુસ્તાનમાં એક પણ ધર્મ એવો નથી કે જે દારૂ પીવાનું શિખવે છે. ધર્માત્મા વ્યક્તિઓએ લોકોને દારૂ પીવાનું છોડી દેવાનો ઉપદેશ આપવા માંડયો; દારૂ પીવાની હાની સમજાવવા માંડી. નોકરશાહીની નજરે તે વ્યક્તિઓ કાંટાની માફક સાલવા માંડી. તેણે એવા માણસોને પકડવાનું શરૂ કર્યું."

"આ રીતે ધર્મપ્રચાર કરનારાઓને પણ શિક્ષા થઇ અને હજી પણ તમે કહો છો કે નવી ધારાસભાઓ આપણું સર્વ કંઇ ભલું કરશે?"

રાવબહાદુરે કહ્યું:– "સાચું કહો છો, સુધા! હું તમારી સઘળી વાતો કબુલ કરૂં છું. પણ કપડાંએ, આ મોહક પદાર્થોએ મારામાં મોહ ઉત્પન્ન કરી દીધો હતો. એ કારણથી હું આટલી રકઝક કરતો હતો. ચાલો, ઠીક થયું. પણ કહો તો ખરાં, હવે આપણે આ કપડાંનું શું કરીશું? મારી સમજમાં તો એ આવે છે, કે આ લુગડાં ગરીબગરબાંને આપી દઇએ."

સુધાએ વિચારમાં પડતાં કહ્યું:– "જેવી આપની ઇચ્છા."

રાવબહાદુર:– "તમે તમારાં કપડાં તો બહાર કાઢી જુઓ?"

સુધાઃ– "ના, હું તો તેને બહાર કાઢી નાહ જોઉં. મોહ ઘણો પ્રબળ છે. વાસનાઓ ઘણી તિવ્ર છે. જે વાસનાઓથી, જે ઇચ્છાઓથી પ્રેરિત થઇને મેં વખતોવખત ઉમંગથી આ વસ્ત્રો ખરીધાં છે તે આ સમયે યાદ આવી જશે! મન વિચલિત થઈ જાય તેના કરતાં ઉત્તમ છે, કે તેને તો હું ઉઘાડી જોઉં નહિ."

રાવબહાદુર:–"ઠીક છે. મારી સલાહ છે કે આપણાં લુગડાં આપણીજ મિલોના મજુરોને વહેંચી આપીએ. કેમ, તારો શું વિચાર છે, સુધા?"

સુધાઃ– "આપને જે યોગ્ય લાગે તે ખરૂં. આ બાબતમાં મારે આપને કશું સુચવવાનું નથી."

પ્રકરણ ૮ મું.

ભોજનથી પરવારતાંજ અગિઆર વાગી ગયા હતા. રાવબહાદુરે પોતાનાં અને સુધાનાં તમામ કપડાં પોતાની એક મિલના કમ્પાઉંડની અંદરના ચોગાનમાં ખડકાવ્યાં હતાં. પોતાના મિલના તમામ મજુરોને ત્યાં એકઠા કરવામાં આવ્યા હતા. ભેગા થએલા મજુરોની સંખ્યા પચીસ હજારની હતી.

સુધા આટલી મોટી મજુરોના સંખ્યા જોતાં હબકી ગઇ. તેના મનમાં વિચાર આવવા લાગ્યાઃ– " અરે ! પ્રભુ ? અમે આટલા બધા આદમીઓની કમાઇથી ચેન ઉડાવી રહ્યાં છીએ ? જે માણસો રાત દિવસ પરિશ્રમ કરી પોતાના લોહીનું પાણી કરી કમાય છે તેઓ પોતે ગરીબ છે અને અમે ? અમે–જે પડયાં પડયાં પારકી કમાઇથી જીવીએ છીએ તે–ધનવાન છીએ ! પ્રભો ! આ અત્યાચાર ! આ લુંટ ! તારાથી કેમ ખમાય છે ? "

મિલના મેનેજરે કાર્યની શરૂઆત કરતાં કહ્યુંઃ–" તમે સ્ત્રી પુરૂષો જુદી જુદી રીતે એક હારમાં ઉભાં રહો. આજ શેઠ સાહેબ પુરૂષોને અને શેઠાણી સાહેબ સ્ત્રીઓને કપડાં વહેંચી આપશે."

સ્ત્રી પુરૂષો શેઠ શેઠાણીને દુવા દેતાં જુદાં હારમાં પડી ગયાં.

શેઠ કપડાં આપવા–વહેંચવા ઉભા તો થયા પણ તેમની પાસે એટલાં બધાં કપડાં ન હતાં કે જે સર્વને પહોંચી વળે. તેમણે મેનેજરને કહ્યુંઃ—" જે લોકો ૩૦ થી ઓછા પગારદાર છે તેમને આગળ બોલાવો. "

આજ્ઞા પળાઇ. ત્રીસ રૂપીઆથી ઓછા સૌ પગારદાર આગળ આવ્યા: વધારે પગારવાળા મનમાં દુઃખીત થયા.

શેઠ જોઇને આશ્ચર્ય પામ્યા કે આગળ આવનારા ઓછા પગારદાર માણસોની સંખ્યા પંદર હજારથી ઓછી નહતી. તેમણે મેનેજરને ખૂટત કપડાં ખરીદી લઇ આવવાનું ફરમાવ્યું.

રમેશ હમણાં જ મિલમાં આવી પહોંચ્યો હતો. તેના પિતાએ શું નિશ્ચય કર્યો હતો તેની અત્યાર સુધી તેને કંઇ ખબર ન હતી. આજે જ તે નિશ્ચયની તેને ખબર પડી. તેણે મેનેજરને લુગડાં ખરીદવા જતા રોકી પોતાના પિતાને કહ્યુંઃ—" આપ શું ધાર્મીક ગરીબોને અધર્મમાં નાંખવા ઇચ્છો છો ? " આ પ્રશ્નથી રાવબહાદુર ખીજાઇ પડયા. સુધા વિચારમાં પડી.

રાવબહાદુરે કઠોર સ્વરમાં કહ્યુંઃ—" તેમનું ભલું કરૂં છું કે તેમને અધર્મમાં ખેંચું છું ? "

રમેશે અત્યંત નમ્રતાથી ઉત્તર આપ્યોઃ—" આપ જે મેલનો ત્યાગ કરો છો, તે મેલ આ ભોળા લોકોને આપો છો, એ પાપમાં નાંખવા જેવું નથી તો બીજું શું છે ? "

સુધા બોલી ઉઠીઃ—" રમેશની વાત તો સાચી લાગે છે. જે લોકોને વિદેશી વસ્ત્ર પહેરવાને નથી મળ્યાં તેવાઓને એવાં વસ્ત્રો આપવાં; જે વ-

ઓને આપણે હિંદમાંથી દૂર કરવા ઇચ્છીએ છીએ તે ગરીબોને આપીને મોહ ઉત્પન્ન કરવો એ ખચીત પાપ જ છે."

રાવબહાદુર પણ આ વાત સમજી ગયા. તેમણે કેટલીક ક્ષણ નિઃસ્તબ્ધ રહી અંતે કહ્યું:—"પણ લોકોને ભેળા કરી કપડાં આપવાનું કહ્યું છે તેનું શું?"

રમેશે કહ્યું:—"જો આપ આજ્ઞા આપો તો હું એ લોકોને સમજાવી લઉં. એ લોકો સ્વયં પોતે જ કપડાં લેવાનો ઇન્કાર કરશે."

રાવબહાદુરે તેમ કરવાની હા પાડી.

રમેશ મેજ ઉપર ઉભો થયો અને બોલ્યો:—"ભાઇઓ અને બહેનો! હું તમને થોડા પ્રશ્નો પૂછવા ઇચ્છું છું. શું તમે સાચા જવાબ આપશો?"

બધા:—"જરૂર આપીશું."

રમેશ:—"હું ગમે તેવી વાત પૂછું, તમે દીલગીર તો ન થશોને?"

બધા:—"ના, ના."

રમેશ:—"ઠીક, તો કહો કે તમને કોઇ ધનવાન કદી અભક્ષ્ય વસ્તુ ખાવાને આપે તો તમે ખાશો ખરા કે?

બધા:—"અરે, કદી નહિ."

રમેશ:—"કદાચ પિતાજી આપે અને ખાવાનું કહે તો?"

સર્વ વિચારમાં પડયા. લોકો મોટી મુસ્કેલીમાં આવી પડયા. હા કહે એ ઉચીત નહતું. 'ના' કહેવામાં બીક લાગતી હતી કે રખે માલીક નારાજ થઇ જાય.

રમેશ:—"બીક ન રાખો. પિતાજી તમારી સાચી વાત સાંભળી દીલગીર થશે નહિ. તમારા અંતઃકરણમાં જે હોય તે સાચેસાચું કહી સંભળાવો."

હજુ પણ બીક ન ગઇ. કેટલાકે મન કઠણ કરી સાહસ કરી કહ્યું:—"ન ખઇશું?"

રમેશ:—"શાબાશ! આવો સાચો ઉત્તર સાંભળવાની હું ઇચ્છા રાખતો હતો. તો હવે સાંભળો. પિતાજી આજ તમને અભક્ષ્ય જેવાં પોતાનાં વિદેશી કાપડ આપવા આવ્યા છે. શું તમે તે સ્વીકારી લેશો?"

કેટલાક:—"કપડાં કેવી રીતે અભક્ષ્ય છે?"

રમેશ:—"અભક્ષ્ય તે ચીજ કહેવાય છે કે જે ધર્મનો નાશ કરે છે, જે મનને કલુષિત કરે છે. બીજી પણ વાત વિચારવા જેવી છે. તમે જાણો છો કે પિતાજી આપને કપડાં શા માટે આપે છે?"

બધા:—"ના."

રમેશઃ—“એ માટે કે વિદેશી કપડાં પાપ ફેલાવનારાં છે. વિદેશી કપડાં પહેરવાં એ સ્વદેશનો દ્રોહ કરવા બરાબર છે. જે ભારતમાતાનાં સાચાં સંતાન છે તે વિદેશી વસ્તુઓનો ઉપયોગ નથી કરતાં; જે ધર્માત્મા છે તેઓ વિદેશી વસ્તુઓ વાપરવાનું પાપ નથી કરતા. આજ સુધી તમે એ પાપ નથી કર્યું; આજ સુધી તમે સાચા ધર્માત્મા અને ભારતમાતાના સાચા સંતાન હતા, અને આજે પણ છો. અમે ભારતમાતાના કપુત હતા, અધર્મી હતા; પણ હવે અમે એ પાપનો ત્યાગ કરી ધર્માત્મા અને માના સપુત બનવા ચાહીએ છીએ. શું તમે અમે તજેલાં પાપને ફરીથી ગ્રહણ કરશો? શું તમે સપુતમાંથી કપુત અને ધર્મીમાંથી અધર્મી બનશો?”

બધા જોરશોર બોલી ઉઠયાઃ—“નહિ! હરગીજ નહિ!”

એકઃ—“પણ શેઠજી ફક્ત અમનેજ શા માટે આપે છે?”

રમેશઃ—“પિતાજી ફક્ત તમારી પરીક્ષા કરતા હતા કે તમને ધર્મનું અભિમાન, ઓળખાણ છે કે નહિ? તમારામાં ધર્મવૃત્તિ જાગૃત છે કે નહિ? પિતાજી કદાપી તમને પાપમાં નહિ નાંખે. જે પાપને અમે છોડીએ છીએ અને જે પાપની સાથે તમારો કદી સંબંધ નથી થયો, એ પાપને શું પિતાજી તમારે માથે ચઢાવશે? કદાપિ નહિ.”

લોકોનું અંતઃકરણ પ્રેમથી ગદ્‌ગદ્ થઇ ગયું. સુધા અને રાવબહાદુરના અંતઃકરણમાં પિતૃ–વાત્સલ્યનો સ્ત્રોત ઉભરાઈ જવા લાગ્યો. રાવબહાદુર પુત્રને હર્ષાવેશમાં ગોદમાં લઈ ચૂમી લીધો, અને પછી તેને અળગો કરતાં કહ્યું:—

“ભાઇઓ!”

લોકો ફફડી ઉઠયાઃ— “અમે આપના નોકર છીએ. અમને આ રીતનું સંબોધન કરી લજ્જીત બનાવો નહિ.”

રાવબહાદુરે કહ્યું:—“ના, તમે મારા ભાઇઓજ છો. ભાઇઓ એટલુંજ નહિ પણ તમે અમારા અન્નદાતા પણ છો. તમારી કમાઇથી મારા કુટુંબનું પાલણ–પોષણ થઇ રહ્યું હતું. તમારીજ કમાણીમાંથી અમે આનંદ કરી રહ્યાં હતાં. પરંતુ અમે મોહમાં પડી અંધ બન્યાં હતાં, એથી અમે અત્યાર સુધી તમને નોકર સમજતાં હતાં. ભગવાનની દયાથી આજે ગેર-સમજનો પડદો ફાટી ગયો છે. અમે અને તમે બધા એકજ પિતાનાં—સર્વ શકિતમાન દયાળુ પરમાત્માનાં—સંતાન છીએ. તમારી અને અમારી વચ્ચે અંતર કેવું? તમે અને અમે સર્વ ભાઇઓ છીએ. આજથી તમે બધા અમને માલીક ન સમજશો અને અમે તમને નોકર માનીશું નહિ.”

બધા ફુલફુલી ઉઠયાઃ— “જય, શેઠજીની જય હો!”

રાવબહાદુર બોલ્યાઃ– મારી જય ન કહો. જય બોલો **મહાત્મા ગાંધીજીની** જેમણે અમને આ સ્થિતિએ ઝુકવાની પ્રેરણા આપી."

પચીસ હજાર અવાજોએ **મહાત્મા ગાંધીજીના** જયઘોષના અવાજોથી ગગનમંડળને ભરી દીધું.

રાવબહાદુરે ફરીથી કહ્યુંઃ–"અને જય બોલો **રમેશ** અને તેની માની કે જેમણે મારા મોહનો નાશ કર્યો."

લોકોએ **રમેશ** અને **શેઠાણીનો** જય–ધ્વની કર્યો. ફરી એકવાર રાવબહાદુર બોલ્યાઃ–"તમારી સામે મારે એક અપરાધ કબુલી લેવો જોઇએ. હું વસ્ત્રો તો તમને આપવા માટે લાવ્યો હતો, પણ જે વાત **રમેશે** તમને કરી તે **પાપની** વાત મને સુઝી ન હતી. **રમેશે** દાક્ષિણ્યતાની સફાઇથી થોડું જુદું કહ્યું છે, જો કે વ્યવહાર દૃષ્ટિમાં તે બરોબર છે; તોપણ હું સ્પષ્ટ કહું છું કે પોતાની ભુલનો સ્વીકાર કરવો એ ઉચ્ચતા છે."

સુધા બોલવાને માટે ઉભી થઈ. કેવી સૌમ્ય લાગતી હતી? જાણે સાક્ષાત **ભારત લક્ષ્મીજ** આવ્યાં હોય તેમ લાગતી હતી. પચીસ હજાર કંઠોમાંથી **શેઠાણી માની** જય–ધ્વની ગુંજી ઉઠી.

સુધા બોલીઃ–"પ્યારી બ્હેનો અને ભાઇઓ! આજથી તમે પોતાને અમારા નોકર **ન** સમજશો; પોતાને અમારા કુટુંબી સમજશો. આપણે બધાં એકજ પિતાનાં સંતાન છીએ. તમને અત્યાર સુધી જે કાંઇ દુઃખ વેઠવાં પડતાં હતાં, તે દૂર કરવામાં આવશે અને તમે અને અમે આજથી એક કુટુંબની તરેહથી રહીશું."

સુધા બેસી ગઇ. **રમેશ, રાવબહાદુર** અને **સુધાએ** મસલત કરી કપડાં બાળવાનું છેવટે નક્કી કર્યું. **રમેશ** ઉભો થયો અને બોલ્યોઃ–

"ભાઇઓ! અંતે અમે વિદેશી કપડાં બાળી નાંખવાનું છેવટે નક્કી કર્યું છે. જ્યારે આપણે એક વસ્તુને પાપ સમજીએ છીએ ત્યારે તેને બાળી દેવીજ ઉત્તમ છે. આપણને મોહ–જાળમાં ફસાવનાર આ વેરીનો, આપણા જીવનને–શરીરને નષ્ટ કરવાવાળા આ અગ્નિનો નાશ કરવો એજ બહેતર છે. આવો, આપણે ભેગા મળીને આ પાપનો નાશ કરી નાંખીએ."

ચોગાનમાં બધાં લુગડાં ખડકવામાં આવ્યાં. **રમેશે** તેની ઉપર કેરોસીન છાંટી લુગડાંને દિવાસળી ચાંપી દીધી. ભડભડ કરતી હોળી સળગી ઉઠી. મિલના બધા કામદારોએ– ઝાડુ વાળનારાથી માંડીને મેનેજર સુધી બધાએ–પોતાની પાસેનાં વિદેશી વસ્ત્રો હતાં તે હોળીમાં ફેંકી દીધાં.

અને એ અગ્નિની સમીપ બધાએ નીચેની પ્રતિજ્ઞા કરીઃ–

"અમે સર્વવ્યાપી પરમાત્મા, અમારાં-હિંદનાં-પાપોને ભસ્મ કરનારા આ અગ્નિને, અસ્ત પામતા સૂર્યને, ઉદય પામતા ચંદ્રને અને આકાશને સાક્ષી સમજી પ્રતિજ્ઞા કરીએ છીએ કે આજથી અમે પોતાની અને પોતાના કુટુંબની જરૂરિઆતો પુરી કરવા માટે હિંદમાંજ બનેલાં, હાથથી કાંતેલાં અને વણેલાં કપડાં પહેરીશું."

રાવબહાદુરે મિલના બધા કામદારોને ખાદીની ટોપી મંગાવી એક એક વહેંચી આપી. અને મેનેજરને દરેકને એક એક ખાદીનું પહેરણ શીવડાવી આપવા ફરમાવ્યું.

પચીસ હજાર મુખમાંથી '**ભારત માતાની જયના**' શબ્દો નીકળ્યા. બધા પોતપોતાને ઘેર વેરાઇ ગયા.

પ્રકરણ ૯ મું.

શહેરમાં ઇન્ફ્લ્યુએંઝાનું જોર વધતું જતું હતું. હજારોના જીવન-દીપ હોલવાઇ જતા હતા. અતિ પ્રજ્વલિત પ્રકાશમાન દિપક ઉપર ચોમાસાના દિવસમાં જેમ અનંત જીવોનું જીવન નાશ પામતું તેવીજ રીને લોકોનું જીવન આ ભયંકર રોગનું બળીદાન થઇ પડતું. કહેવત છે, કેઃ—

"સભી સહાયક સબલકે, હોય ન નિર્બલ સહાય,
પવન બુઝાવત દીપક કો, અગ્નિ હિ દેત બઢાય."

આ રોગમાં પણ ગરીબોનું તેમજ થયું. ગરીબ લોકોજ પોતાની જીવન લીલા હોમી રહ્યા હતા, અને તેમાંયે અસ્પૃશ્ય વર્ગની સ્થિતિ તો ઘણીજ માઠી હતી. સાધારણ વર્ગના 'સ્પૃશ્ય' ગણાતા ગરીબ લોકો માટે તો, એજ ગરીબ લોકોની મજુરીથી તાજા થએલા આપણા ધનવાન લોકોએ દયા-ધર્મ બતાવી દવા-પાણી અને સેવા-સુશ્રુષાનો પ્રબંધ કરી આપ્યો હતો, પરંતુ બિચારા 'અસ્પૃશ્ય' ગણાતા લોકો માટે તો એવો કોઇ પ્રબંધ થયો ન હતો. મોટી મોટી પદવીઓથી વિભુષિત થયેલા દાકતરોને એમની ચિકિત્સા કરતાં સંકોચ થતો; આપણા દેશી વૈદરાજતો નાકનું ટીચકું ચઢાવી ધર્મને નામે-ધર્મને આગળ કરી દૂર ભાગતા. થોડા એવા દાકતરો પણ હતા, કે જેમને સ્પર્શાસ્પર્શનો વાંધો ન હતો, પરંતુ ફીના પૈસા મળવાની કોઇ આશા ન હોવાથી તે બિચ । 'અસ્પૃશ્ય' તરફ નજર પણ ન નાંખતા.

લોકોને મદદ કરવા 'સ્વરાજ્ય—સૈનિકો' નીકળી પડયા હતા. દરરોજ ટુકડીઓમાં શહેરમાં ફરતા અને લોકોને મદદ કરતા. રમેશ અને તેના

બીજા સાથીઓ હંમેશના નિયમાનુસાર આજે પણ ભજન ગાતા શહેરમાં ફરવા નીકળ્યા હતા. **નરસિંહ મ્હેતાનું** પ્રસિદ્ધ ગીત ગવાતું હતું:—

કવિતા.

" વૈષ્ણવ જનતો તેને કહિએ, જે પરાઈ પીડા જાણેરે,
પરદુઃખે ઉપકાર કરે તોએ, ઉર અભિમાન ન આણેરે—ટેક.
સકળ લોકમાં સૌને વંદે, નિંદા ન કરે કેનીરે,
વાચ, કાછ, મન નિશ્ચય રાખે, ધન ધન **જનની** તેનીરે—વૈ૦
સમદૃષ્ટિને તૃષ્ણા ત્યાગી, પરસ્ત્રી જેને માતરે,
જીહ્વા થકી અસત્ય ન બોલે, પરધન નવ ઝાલે હાથરે—વૈ૦
મોહ માયા વ્યાપે નહિ જેને, દૃઢ વૈરાગ્ય જેના મનમાંરે;
રામ નામશું તાળી લાગી, સકળ તીરથ તેના તનમાંરે—વૈ૦
વણ લોભીને કપટ રહીત છે, કામ ક્રોધ નિવાર્યાંરે,
કહે **નરસૈંયો** તેનાં દર્શન કરતાં, કુળ એકોતેર તાર્યાંરે—વૈ૦

ઝરમર ઝરમર વરસાદ વરસી રહ્યો હતો. સૂર્યનારાયણ મેઘાચ્છિન્ન થઇને પશ્ચિમ મહાસાગરની પાસે આવી પહોંચ્યા હતા. પવન સુસવાટાબંધ ઘણા જોરથી વાતો હતો. પરંતુ આપણા સ્વયં–સેવકોને તેની કંઈ પરવા ન હતી. તે તો આગળ વધે જતા હતા.

આજ તેમણે નિશ્ચય કર્યો હતો કે કચરાપટીના રસ્તા પરનાં અંત્યજોનાં ઘર પાસે જવું. સડક ઘણી સાફ અને વિશાળ હતી. તેની એક બાજુમાં આખા શહેરનો કચરો ગાડીઓમાં ભરેલો હતો, અને બીજી તરફ અંત્યજ લોકોનાં મકાનો હતાં. કચરાપટ્ટીની ગાડીઓ પાસે પહોંચતાં દુર્ગંધથી માથું ફાટી જવા લાગ્યું. દરેકે ગજવામાંથી રૂમાલ કાઢી નાક ઉપર દાબ્યા અને મકાનો તરફ આગળ વધ્યા. એટલામાં દુઃખથી પીડાતા કોઈ અંત્યજના ઉંકારા તેમના કાનમાં પડયા. એ ઉંકારા સાંભળી તેને મદદ કરવા સ્વયં–સેવકો ઉંકારાના અવાજ ભણી જવા લાગ્યા.

રમેશની ટોળીમાં પાંચ જણા હતા. ચાર જણાનું વય વીસથી ઓછું હશે; જ્યારે પાંચમાનું વય ત્રીસની ઉપર હતું. જ્યારે આ ટોળી ધસારાબંધ અંત્યજના ઘર પાસે આવી પહોંચી ત્યારે સૌથી મોટાએ કહ્યું:—" અરે રમેશ ? અહીંજ ઉભા રહો. આપણે એ અંત્યજોના ઘરમાં જઈ શકીશું નહિ. આપણે તો ખાલી જોવા માટે આ તરફ આવ્યા હતા. "

પણ કોઇએ તેના કહેવાને માન આપ્યું નહિ. બધા ચાલતા ચાલતા ટીનના પતરાથી બનાવેલી એક કોટડી સામે આવી ઉભા. આ કોટડીમાંથી જ તે દુઃખનો અવાજ આવતો હતો. કોટડીની એક તરફ સાવરણી અને

ટોપલો પડેલાં હતાં. બંનેપર મેલું વળેલું હતું. એ કોટડીમાં અજવાળું નહતું. બહાર અસ્ત થતા સૂર્યની લાલી આકાશમાં હજુ વિદ્યમાન હતી, પરંતુ તેનો ક્ષિણ પ્રકાશ તે કોટડીમાં પેઠેલા અંધકારને ધકેલી કાઢવા શકિતમાન ન હતો. રમેશે ગજવામાંથી પોકેટ લેમ્પ કાઢી તેના પ્રકાશમાં અંદર જોયું તો જણાયું કે એક માણસ ફાટેલા ગોદડા પર પડયો દુઃખથી કરાંઝી રહ્યો છે અને આળોટી રહ્યો છે. તેનું શરીર વિષ્ટાથી ખરડાએલું હતું. તેની આંખો ઉંડી પેસી ગઇ હતી. બધાએ આ દૃશ્ય જોયું અને જોઇને તેમનું અંતઃકરણ દયાથી ઉભરાઇ ગયું.

રમેશ આ દૃશ્ય દેખી વિચારમાં એટલો બધો મગ્ન બની ગયો હતો કે તેને બીજા કશાનું ભાન ન રહ્યું. તે અંદર જવા દોડયો; તેને દોડતાં—અંદર જતાં રોકી સૌથી મોટાએ કહ્યું:—" ક્યાં જાય છે, રમેશ ? આ તો ઢેડનું ઘર છે. ચાલ, પાછો વળ.

રમેશે તે યુવક તરફ એક તિવ્ર દૃષ્ટિ નાંખી કહ્યું:–" મોહન ! શું કહે છે ? આપણે ઘેર જઇશું ? એક દુઃખથી વિકળ મનુષ્યને આવી સ્થિતિમાં જોઇને શું આપણે તેને મદદ કર્યા વગર ચાલ્યા જઇશું ? "

મોહનઃ–" પણ પાત્ર અપાત્રનો વિચાર કરીને મદદ કરવી જોઇએ. "

રમેશ અને તેના બીજા સાથીઓ વિસ્મય પામી મોહન તરફ જોવા લાગ્યા. રમેશે કહ્યું:–" એક દુઃખી મનુષ્યને બીજી મનુષ્યે મદદ કરવી, એમાં પાત્રાપાત્ર શું ? "

મોહને અભિમાનથી માથું હલાવી જણાવ્યું :–" તમે હજુ કાચી ઉંમરના બાળક છો. આ તો ધર્મસિદ્ધાન્તની વાત છે. હું કંઇ આ બાબતમાં ઉંડુ જ્ઞાન ધરાવતો નથી, પરંતુ એટલું જાણુંછું કે આપણે ઢેડને અડકવું ન જોઇએ, કારણ કે આપણે વૈષ્ણવ છીએ અને તેઓ અંત્યજ છે–નીચ છે. "

રમેશે કહ્યું:–" શું કહે છે, મોહન ? હજુ તો આપણે હમણાં જ ભજન ગાતા આવી રહ્યા હતા, કે વૈષ્ણવ તો તે જ કહેવાય, જે બીજાનાં દુઃખને યથા–શક્તિ નિવારી શકે છે, બીજાનું દુઃખ દૂર કરવાનો પ્રયત્ન કરે છે. મને નવાઈ લાગે છે, કે જ્યારે બીજાનું દુઃખ દૂર કરવાનો અવસર આપણને મળ્યો છે ત્યારે તું કહે છે, કે 'અમે વૈષ્ણવ છીએ, તેઓ ઢેડ છેઃ આપણાથી તેમને ન અડકાય; આપણાથી તેમનું દુઃખ દૂર ન થાય.' ઠીક, તું તારો વૈષ્ણવ ધર્મ જાળવી બેસી રહે; હું તો નરસૈયાએ કહ્યું છે તેવો વૈષ્ણવ બનીશ. "

અને બીજાઓ તરફ ફરી રમેશે કહ્યું:-" કેમ, ભાઇઓ! તમારો શું વિચાર છે?"

બધાએ કહ્યું:-" રમેશ! અમે તો ફક્ત એટલું જાણીએ છીએ કે દુઃખીની સેવા કરવી જોઇએ. ચાલ, રમેશ? મોહનને વૈષ્ણવ બનેલો અહીં જ રહેવા દઇએ અને આપણે મનુષ્ય-ધર્મનું પાલન કરીએ."

બધાએ કોટડી તરફ જવા માંડયું. મોહન બૂમ પાડી ઉઠયો:-" અરે! આ શું કરો છો? તમે ચુસ્ત વૈષ્ણવના-ઉંચ કુળના સંતાન થઇને એક ઢેડને ત્યાં જાઓ છો? હજુ અક્કલ આણો! નહિતો જ્ઞાતિવાળાઓ તમારે લીધે તમારા કુટુમ્બીઓને જ્ઞાતિ બહાર મૂકશે."

છોકરાઓએ આ બકવાટ ઉપર કશું ધ્યાન આપ્યું નહિ. તેઓ કોટડી પાસે જઇ પહોંચ્યા. બારણું ઉઘાડી તેમણે અંદર જોયું તો દુઃખી અંત્યજની પાસે એક પાદરી પાછલા બારણા પાસે ઉભો રહી આશ્વાસન દેતો હતોઃ-" તું પ્રભુ ઇસા મસીહપર વિશ્વાસ રાખ. તે તારી મદદ કરશે." પાદરીના હાથમાં ફાનસ હતું. તેના પ્રકાશમાં તેણે જોયું કે રોગી પાણી માગે છે. પાદરીએ તરત જ બેગમાંથી એક શીશી કાઢી કંઈ પાણી જેવો પદાર્થ દરદીના મોંઢામાં નાંખ્યો. તે પીતાં જ રોગીના ઉંહકારા બંધ થઇ ગયા. તે ચેનમાં પડયો.

પાદરીએ સ્મિત કરી કહ્યું:-" અરે, રમેશ? તમને જ્ઞાતિનો ડર નથી શું? આતો ઢેડનું ઘર છે.?"

રમેશે ઉત્તર આપ્યો:-" સાહેબ! પ્રભુ સિવાય મને બીજા કોઇનો ડર નથી. પણ તમે મને ક્યાંથી ઓળખો છો, વારૂ?"

પાદરીએ કહ્યું:-" રમેશ! દશ વરસ પહેલાં હું પણ એક ઢેડ હતો. તમારા બંગલા પર કામ કરવા આવતો. એક દિવસે તમારા પિતાજીએ એક નાનીશી બાબત પર મને ખૂબ માર મરાવ્યો. તેજ દિવસે મને મારી જાતપર-મારા અંત્યજપણા પર પુષ્કળ ધિક્કાર વછુટયો. ઘણીવાર સુધી હું સડક પર રડતો રડતો બેસી રહ્યો. તે દિવસે મેં ઈસાઈ થઈ જવાનો વિચાર કર્યો. મેં સાંભળ્યું હતું, કે પાદરી લોકો ઈસાઇ બનાવે છે અને ઈસાઇ થયા પછી કોઈ તેમને કષ્ટ આપી શકતું નથી. મેં વિચાર કર્યો કે હું પણ ઈસાઈ બની જાઉં. ધર્મ તો છોડવો પડશે, પણ તેથી હિંદુ ધર્મમાં પડતાં દુઃખો તો નાશ પામશે? અને હિંદુ ધર્મ શા કામનો છે? તે અમારી તરફ ઘૃણાની નજરે જુએ છે; જ્યારે ઈસાઇ, મુસલમાન વિગેરે અમને આનંદથી પોતાની પાસે બેસાડે છે. અમે હિંદુ ધર્મ પાળીએ,

રામ અને કૃષ્ણની પૂજા કરીએ તોપણ આ લોકો અમારી સાથે આવો દુર્વ્યવહાર ચલાવે છે. હું ઈસાઇ થયો અને ભણી ગણીને આજ બે વરસ થયાં હું પાદરી બન્યો છું. હવે હું મારા બધા ભંગીભાઇઓને ઈસાઈ બનાવવાનો પ્રયત્ન કરૂં છું. સારી સ્થિતિમાં જેઓ ઈસાઈ નથી થતા તેઓ આવી સ્થિતિમાં આવી પડવાથી ઈસાઇ થઈ જાય છે. કેમકે હિંદુઓ તો તેમને મદદ કરી શકતા નથી. હિંદુઓતો પોતાનો ધર્મ બગડશે એવા વિચારમાં રહી જાય છે; જ્યારે ઇસાઇઓ તેમને જોઇતી મદદ આપીને પોતાના ધર્મમાં લઇ લે છે."

રમેશે કહ્યું:–"પરંતુ આ દરદીને તો અમે સારો કરીશું. તમે તેને ઈસાઇ બનાવી શકશો નહિ"

"તમે તે કેમ કરી, કરી શકશો?" એમ કહી પાદરીએ રમેશના તરફ જોઇ સ્મિત કર્યું."

રમેશે કહ્યું:–"તમે તમારે જોયા કરો કે અમે તેની સારવાર કરી સકીએ છીએ કે નહિ?" તેણે પોતાના સાથીઓને કહ્યું:–"ભાઇઓ! તમે જરા પાસેના નળ પરથી પાણી લાવો તો? આપણે પ્રથમ તેના વિષ્ટાથી લચપચ થએલ શરીરને ધોઈ નાંખીએ, પછી બીજો વિચાર કરીશું."

પાદરીએ કહ્યું:–"અરે! આ શું કરો છો? તાવમાં નવરાવી એને તમારે મારી નાંખવો છે કે શું?"

"ઠીક, ત્યારે એનું શરીર લુછી નાંખીએ." એમ કહી રમેશે એક કપડું લઈ તેનું શરીર લુછી નાંખ્યું. તેના બીજા સાથીઓએ પણ તેમાં મદદ કરી. જો કે દુર્ગંધથી તેમનું માથું ફાટી જતું હતું પરંતુ તેમણે તેની મુદલે પરવા ન કરી.

તેમણે આમ તેમ જોયું, પરંતુ તેને પહેરાવવા કંઇ વસ્ત્ર જડયું નહિ. રમેશે પોતાનો કોટ કાઢી તેને પહેરાવ્યો. બીજા એકે પોતાનું અડધું ધોતીયું ફાડી આપ્યું અને ધોતીયાની જગ્યાએ તે લપેટી દીધું. પાદરી સ્તબ્ધ થઇ આ બધું જોયા કરતો હતો. છેવટે વિચાર કરી તેને ઉંચકી લીધો.

પાદરીએ કહ્યું:–"રમેશ! એને કયાં ઉંચકી જાઓ છો?"

રમેશે ઉત્તર આપ્યો:–" અમે તેને ઈન્ફ્લુએંઝાના દરદીઓની સારવાર કરવા માટે જે દવાખાનું ઉઘાડવામાં આવ્યું છે ત્યાં લઈ જઇએ છીએ."

પાદરી બોલી ઉઠયો:–"પણ એને ત્યાં કોઇ સંઘરશે નહિ."

"જોઇ લેવાશે" કહી રમેશ અને બીજા વિદ્યાર્થીઓ તેને ઉંચકી

લઇ ચાલ્યા. પાદરી પણ તેમની પાછળ ગયો. **મહાલક્ષ્મીના** સ્ટેશન ઉપર પહોંચી બધાએ **આંટરોડની** ટીકીટ લીધી.

ગાડી આવી. બધા તેમાં બેસી **આંટરોડ** ઉતર્યા. ત્યાંથી **વિક્ટોરિયા** ભાડે કરી દવાખાનામાં પહોંચ્યા.

ત્યાંના વ્યવસ્થાપકોએ બધી વિગત સાંભળી જણાવ્યું કે "મહાશય! અમારૂં આ દવાખાનું ભંગીઓ માટે નથી. એતો ઉચ્ચ વર્ણના **હિંદુઓ** માટે છે."

છોકરાઓ સ્તબ્ધ થયા. ક્ષણભર તો શું કરવું એ તેમને સૂઝયું નહિ.

પાદરીએ કહ્યું:—"મેં તો તમને પહેલાંથી આ વિષે કહ્યું હતું. તમે બધા હવે તેને મારા દેવળ સુધી મૂકી જશો તો એ બિચારો બચી જશે."

રમેશે ઉત્તેજીત થઇ જણાવ્યું:—"એ કદાપિ નહિ બને. હું એને મારે ઘેર લઇ જઇશ. એને મારા બંગલામાં રાખીશ."

ગાડી **રમેશને** બંગલે આવી પહોંચી. **રમેશે** દોડીને **સુધા** પાસે જઈ સઘળી હકીકત કહી સંભળાવી, અને પૂછ્યું:—"મા, આપણે એને ક્યાં રાખીશું?"

રાવબહાદુર તે વખતે ઘરમાં ન હતા. તેઓ તે **વખતે** **સ્વરાજ્ય** સભાની મીટીંગમાં ગયા હતા. **સુધાએ** કહ્યું:—"બીજો પ્રબંધ તો તારા પિતા આવશે ત્યારે થશે, પણ હાલમાં પેલી ઓરડી ઉઘાડી તેને ત્યાં ખાટલો પથરાવી દે."

રમેશ દરદીને ગાડીમાંથી ઉતારવા ગયો. **સુધાએ** નીચે આવી એક બંધ કોટડી ઉઘડાવી તેને સાફ કરાવી ખાટલો ઢળાવ્યો અને ફાનસ પણ મુકી દેવરાવ્યું.

રમેશ અને તેના સાથીઓ દરદીને ઉંચકી લાવ્યા. તેને ખાટલાપર સુવાડ્યો. ટેલીફોન કરી દાક્તરને બોલાવ્યો. તેણે આવી સારવાર કરવા માંડી. **સુધા** માની માફક તેની સારવાર કરવા લાગી. **રાવબહાદુર** પણ આવી પહોંચ્યા. બધી હકીકત સાંભળી તેમની આંખમાંથી હર્ષનાં આંસુ વહેવા લાગ્યાં. તેમણે **રમેશને** છાતી સરસો ચાંપી કહ્યું:—"બેટા! આજ તેં મારા કુળને ઉજ્જવળ કર્યું છે. દુઃખીનું દુઃખ દૂર કરવા તનમનથી લાગી જવું એનુંજ નામ ધર્મ છે."

પ્રકરણ ૧૦ મું

દિવસનો ત્રીજો પહોર પુરો થવા આવ્યો હતો. ઘડીઆળનો કલાક કાંટો ૭ ના આંકડાની લગભગ આવી પહોંચ્યો હતો.

પરેલની દારૂની દુકાનોની સામે માથા ઉપર ગાંધી—ટોપી ઘાલી, અંગ ઉપર ખાદી પહેરેલા, ગળામાં લાલ અક્ષરોના પટા ઘાલી મહાસભાના સ્વયં-સેવકો પહેરો ભરી રહ્યા હતા. તેઓ બધા ખાનદાન લોકો હતા અને તેમની બોલી ઉપરથી માલમ પડતું હતું, કે તેઓમાં હિંદુ, મુસલમાન, ખ્રિસ્તિ અને પારસી વિગેરે હતા.

એકે કહ્યું: "અરે ભાઇઓ! જરા ઇશ્વરનો ડર રાખો. દારૂથી ખરાબ શું કામ થાવ છો?"

બીજાએ કહ્યું: **बाबानो! दारु पिऊँ नका! आपल्या साठी, आपल्या बायका पोरा साठी दारु पिऊँ नका!**

દારૂ પીવા માટે દુકાનમાં આવનારની સામે સ્વયંસેવકો બે હાથ જોડી ઉભા રહેતા અને કહેતાઃ—"ભાઇ! આપ શા માટે પોતાના ધનનો, માનનો અને શરીરનો નાશ કરો છો? શા માટે પોતાને અને પોતાના કુટુંબને ગરીબ બનાવો છો? ભાઇઓ! પોતાનો પરલોક ન બગાડો! જો એકાદ માસ સુધી દારૂ નહિ પીશો તો તેટલી મુદ્દતની બચતમાંથી તમારા છોકરાને માટે એક ઘરેણું ઘડાવી શકશો."

આવી વાતો સાંભળી કેટલાક શરમાઇને ચાલ્યા જતા હતા. કેટલાક બેશરમા રકઝક કરતા તેમને સ્વયંસેવકો પાછા સમજાવતા હતાઃ—"ભાઇ! તમારે પગે પડીએ; તમે ઘેર પાછા જાઓ. પ્રભુને ખાતર, દેશને ખાતર, રે! તમારી જાતને ખાતર પણ આ લતમાંથી બચો!" કંઇ લોકો આવાં વચનો સાંભળી પાછા વળી જતા. કેટલાક એવા પણ હતા કે જેઓ સ્વયં-સેવકોને ધક્કા મારી અંદર ઘુસી જતા અને દારૂ પી પાછા વળતાં તેમને હજારો ગાળો ભાંડતા.

આજે સુધા અને રમેશ પણ બીજા સ્વયં-સેવકોની સાથે એ દુકાન પર પહેરો ભરી રહ્યાં છે. પાસેજ તેમની મિલો આવેલી છે. તેમની મિલોના મજુરો આવે છે, પણ ખુદ શેઠાણીને દુકાન પાસે ઉભેલાં જોઇ પાછા વળી જાય છે. દુકાનવાળાની કમાણી આજે પુરી ૯૯ ટકા ઘટી ગઇ છે. તેથ પણ ભારે ગુસ્સામાં અને દિલગીર છે. વારંવાર તે સ્વયં-સેવકોને તથા દેશના પૂજ્ય નેતાઓને ગાળો ભાંડતો જાય છે. તેણે એક ઉપાય શોધી

ત્રણ મવાલીઓને બોલાવી કંઇ મસલત કરી. દુકાનદારે સલાહ આપી કે 'એ સ્વયં-સેવકોને એવા મારો કે પહેરો ભરવાનું ભૂલી જાય"

છેવટે એમ જ બન્યું: મવાલીઓએ બહાર આવી લાઠી ચલાવી શરૂ કરી. સ્વયં-સેવકો પર લાઠીઓ ચાલી રહી છે, પણ તેમને ગુસ્સો આવતો નથી. ઉલટા માર ખાતાં પણ સ્વયં-સેવકો કહે છે:-"ભાઇઓ! સર્વ શક્તિ-માન પ્રભુથી ડરો! આ દુષ્ટ લાલચને વશ ન થઈ પોતાના જીવનને સુધારો!"

સુધા આગળ આવી અને હાથ જોડી કહેવા લાગી:-"ભાઇઓ! આ શું કરો છો? તમારા ભલાની વાત કહેનારા ભાઇઓને જ તમે મારો છો?"

તેટલામાં એક મવાલીએ સુધાપર લાકડી ઉગામી. રમેશ ઉછળી વચ્ચે આવ્યો. લાઠી રમેશના માથામાં વાગી. માથું ફુટી ગયું. તે બેભાન થઇ ધડાક દઇ જમીનપર ગબડી પડયો. સુધાએ દોડી તેને ખોળામાં લીધો. રાવબહાદુરના કેટલાક વફાદાર નોકરો પોતાના માલીકની રક્ષા માટે આમ-તેમ ફરતા તપાસ રાખતા હતા, તેઓ બધા રમેશને લાઠી વાગતાંજ દોડી આવ્યા. તેમણે મવાલીઓને પકડી લીધા અને માર મારવા માંડયો. જૂનો વફાદાર બુઢ્ઢો નોકર રમેશની પાસે બેસી રોવા લાગ્યો. સુધા રમેશનું માથું પેલા બુઢ્ઢાના ખોળામાં આપી ઉઠી અને નોકરોની પાસે જઇને બોલી:- "આ શું કરો છો? આ લોકોને છોડી દો."

નોકરો સુધાની આજ્ઞાનો અનાદર કરી ન શકયા. તેમણે મવાલીઓને છોડી મૂકયા. મવાલીઓ દીંગ બની સુધાની સામે તાકીજ રહ્યા. અવાજથી લોકો એકઠા થઇ ગયા હતા. પોલીસના બે સિપાઇઓ પણ ત્યાં આવી પહોંચ્યા હતા. તેમણે પેલા મવાલીઓને પકડી સુધાને પૂછ્યું:-"બાઈ, જેને લાકડી વાગી તે શું તમારો દિકરો છે?"

સુધાએ ગંભીરાઇથી કહ્યું:-"હા."

એક સિપાઈ બોલ્યો:-તો આપે ફરીઆદ કરવા થાણામાં આવવું પડશે." રાવબહાદુરના એક નોકરે કહ્યું:-"જનાબ! આપ કોને ગેટ ઉપર લઇ જવાની વાતો કરી રહ્યા છો? જાણો છો, આ બાઇ કોણ છે? પેલી સામે જે મોટી મિલો દેખાય છે, તે મિલોનાં એ સ્વામીની...

સુધાએ તેને વચમાં બોલતાં અટકાવી સિપાઇઓને કહ્યું:-"ભાઇ, આ લોકોને છોડી મૂકો. તેમણે કશો ગુન્હો નથી કર્યો. ગુન્હો કરવાવાળા તો બીજા છે. તમે એમને સજા નહિ કરાવી શકો."

સિપાઇઓ સુધા ઓળખતાંજ દબાઇ ગયા હતા. તેમણે એકવાર

નમ્રતાપૂર્વક સુધાને વિનંતી કરીઃ–"શું આપ શેઠસાહેબને માથામાં લાઠી મારનાર બદમાસોને શિક્ષા નહિ કરાવો ?"

સુધાએ ઉત્તર આપ્યોઃ– "આટલી સજાજ બસ છે. હવે વધારે શિક્ષાની જરૂર નથી."

સિપાઇઓએ ગુન્હેગારને છોડી મૂક્યા. તેઓ દોડી સુધાના પગમાં પડી છાતીફાટ રડવા લાગ્યા. સુધાએ હેતથી તેમના માથા ઉપર હાથ ફેરવતાં કહ્યુંઃ–"ભાઇ, ઉભા થાવ. રડવાથી શું ફાયદો મળશે ?"

તેઓ બોલ્યાઃ–"મા ! અમને ક્ષમા કરો. આપે બતાવેલી દયા અમે આખા જીવનમાં પહેલીજવાર જોઇ છે."

સુધાએ તેમને ઉઠાડતાં કહ્યુંઃ–"ભાઈ ! પ્રભુની માફી માગો. તેની માફી મળવાથી જ તમારૂં કલ્યાણ થશે. એક મારી વાત પણ સાંભળી લ્યો. આજથી જે દારૂને માટે તમે મારા બાળકનું માથું ફોડી નાંખ્યું, તે દારૂને જીવનમાંથી દૂર કરવાનો પ્રયત્ન કરો. તેથી પ્રભુ તમારા ઉપર અત્યંત પ્રસન્ન થશે. તે તમારાં સઘળાં પાપોને બાળી નાંખશે."

મવાલીઓ તે જ સમયે સ્વયં-સેવક થવા માટે તૈયાર થઇ ગયા. સુધાના કહેવાથી ત્રણ સ્વયં-સેવકોએ પોતાના ઉપરીને પુછીને પોતાના પટા એ નવીન સ્વયં-સેવકોને આપ્યા. તેમણે તે પહેરી સુધાની ચરણરજ લઇ કહ્યુંઃ–"મા ! આર્શીવાદ આપો કે અમે અમારા નવીન વ્રતમાં સફળતા પ્રાપ્ત કરીએ." સુધાએ તેમને આર્શીવાદ આપ્યા.

એક નોકર એક વિકટોરીઆ ભાડે કરી લાવ્યો. તેણે સુધાને બેસી ઘેર જવાની પ્રાર્થના કરી. પણ સુધાએ કહ્યુંઃ–"રમેશને લઇ તું ઘેર જા. દાકતર સાહેબને ટેલિફોનથી બોલાવી લેજે. હું તો પહેરાનો વખત પુરો થયે ઘેર આવીશ."

એ સમયે ત્યાં હજારો માણસો એકઠા થયા હતા. આ ઘટનાથી અને ખાસ કરીને રમેશ અને સુધાના પરિચયથી લોકોના હૃદય પર જબરો પ્રભાવ પડયો. જેણે વાત જાણી તેણે સુધાને ધન્યવાદ દીધો. ત્યાં જેટલા દારૂ પીનારા હાજર હતા તેમણે દારૂ નહિ પીવાની પ્રતિજ્ઞા લીધી.

રમેશને ગાડીમાં બેસાડવામાં આવ્યો. સાથે નોકર બેસી ગયો. ગાડી રવાના થઇ. લોકોએ ગગનભેદી અવાજથી 'મહાત્મા ગાંધીજીની જય' પોકારી. ધીમે ધીમે લોકો વિખરાઈ ગયા.

એ દારૂની દુકાનના બે માલીક હતા. બંને ભાઇઓ હતા. બંને એ ઘટના વખતે હાજર હતા. નાના ભાઇના હૃદયને એ ઘટનાથી બહુ અસર

થઇ. એ ઘટનાએ એનું અંતઃકરણ બદલી નાંખ્યું. તે ઘણીવાર માથું નમાવી વિચારમાં ને વિચારમાં બેસી રહ્યો. અંતે તેણે પોતાના ભાઇને કહ્યું:–" ભાઈ! હવે હદ થઇ! હવે દુકાનને બંધ કરવામાં જ શોભા છે."

મોટો ભાઈ રમેશના વિચારમાં હતો. તેણે એકવાર પોતાના ભાઇ તરફ તીક્ષ્ણ દૃષ્ટિપાત કરી કહ્યું:–" અરે! હવે આપણી અડચણ ઓછી થશે. એ છોકરો હવે કદી આપણા કામની વચ્ચમાં આવશે નહિ."

નાનાએ કહ્યું:–" શું કહો છો ? છોકરાને મોકલી એની મા હજુ પહેરો ભરી રહી છે. આવા ઉત્તમ આત્મ–ત્યાગની સામે આપણી દુકાન ટકી શકશે ?"

મોટા ભાઇએ ખડખડ હસતાં ઉત્તર આપ્યો:–"ભોળા રે ! ભોળા ! બ્રિટિશ સરકાર જ્યાં સુધી આપણે પડખે છે ત્યાં સુધી આપણને કશો ડર નથી."

નાનાએ ઉત્તેજીત થઈ કહ્યું:–" શું ડર નથી ? શું સરકારને ભરોંસે કર્તવ્યનો વિચાર ન કરશો ? ખુદાની સામે શું બ્રિટિશ સરકારને પેશ કરશો ? જે ચીજને બુરી સમજી સારો દેશ તેનો વિરોધ કરે છે, તે ચીજને સરકારની મદદ લઈ લોકોને ગળે જબરદસ્તીથી ઠાંસશો ? જ્યારે સારો દેશ આ બદીને નાબુદ કરવા માટે હાથમાં માથું લઇ નીકળી પડયો છે ત્યાં સરકારની તાકાત શું કામ કરશે ?"

બોલતાં બોલતાં એનો અવાજ ઘાડો થઇ ગયો. એક સ્વયંસેવક ઘાંટાઘાંટી સાંભળી ત્યાં દરવાજા બહાર સામે ઉભો રહ્યો અને બોલ્યો:–

" બેશક, તાકાત કામ નહિ આવે. જ્યાં મોતનો ડર નથી ત્યાં તાકાતની ડીંગ મારવી નકામી છે. અને ખુદાની તાકાત આગળ બ્રીટિશ સરકાર તો શું પણ સંસારની તમામ સરકારોની ભેગી તાકાત નકામી છે. એ માટે ખુદાની તાકાતથી ડરો. ખુદાથી ડરો. ખુદાજ આ બદીનો નાશ ઇચ્છે છે."

નાનાએ કહ્યું:–" અને સરકાર પણ એવી ભોળી નથી કે સારા દેશની વિરુદ્ધ આપણને મદદ કરશે. હું દુકાન બંધ કરવા માગું છું. આપ શું કહો છો ?"

મોટો ભાઇ ચુપ રહ્યો. નાનાભાઇએ દુકાન બંધ કરી.

× × × ×

પિકેટીંગથી ઘેર આવીને સુધાએ જોયું તો રમેશ હજુ સુધી જેવોને તેવો બેભાન છે. દાક્તર માથા ઉપર પાટો બાંધીને તેને હોંસમાં લાવવાનો યત્ન કરી રહ્યો છે. રમેશનો ચહેરો લોહી વહી જવાથી ફીકો પડી ગયો છે.

સુધા રમેશની આ સ્થિતિ જોઈ પલંગની નીચે જમીન પર બેસી ઝારઝાર રોવા લાગી.

રાવબહાદુર પણ આવી પહોંચ્યા. તેઓ સઘળી વિગત જાણી ચૂક્યા હતા. રમેશ પાસે આવીને તેના વદન પર પ્રેમથી હાથ ફેરવતાં દાક્તરને પૂછ્યું:—
"પ્રાણ જવાની શંકા તો નથીને ?"

દાક્તરે અચકાતાં અચકાતાં કહ્યું:– "ના."

આ 'ના' નહિ પણ 'હા' હતી. સુધા રોઇ પડી:–"હાય પુત્ર ! મારીજ રક્ષા કરતાં તેં તારી જાતને જોખમમાં નાંખી ?"

રાવબહાદુરે પોતાની આંખો લુછી કહ્યું:–" શા માટે રૂએ છે, સુધા ! તારો પુત્ર પોતાના કર્ત્તવ્યનું પાલન કરતાં, પોતાની માતાની રક્ષા કરતાં અને પોતાના દેશના હિતને માટે મોતના મોંઢામાં જઈ પડ્યો છે. આવ, પ્રભુની પ્રાર્થના કર. તે એની રક્ષા કરશે. ગીતાનો પેલો શ્લોક સાંભરે છે ને?

'कर्मण्येवाधिकारस्ते मा फलेषु कदाचन'

રમેશે પોતાના કર્ત્તવ્યનું પાલન કર્યું. ફળ પ્રભુ આપશે. ઇશ્વરેચ્છાથી યદિ એનું મૃત્યુ થશે તો પણ એનું નામ ધર્મવીરોની શ્રેણીમાં આવશેઃ–

'મરના ભલા હૈ ઉસકા જો અપને લિયે જિયે;'
જીતા હૈ વહ જો મર ચુકા નિજ દેશ કે લિયે."

દયામયની કૃપાથી રમેશને થોડા દિવસમાં આરામ થઇ ગયો, અને પાછો પોતાના કામમાં મંડ્યો રહ્યો.

પ્રકરણ ૧૧ મું.

નાગપુરની મહાસભા ભરાઇ ગયાને બે માસ થવા આવ્યા હતા. દેશની સમસ્ત મહાત્માજીએ બેઝવાડાનો કાર્યક્રમ મૂક્યો હતો. એક કરોડ રૂપીઆ; એક કરોડ સભાસદ અને વીસ લાખ રેંટીઆ ત્રીસમી જુન સુધી દેશે પુરાં કરી પોતાની પ્રતજ્ઞા પાળવાની હતા. દેશમાં ઉત્સાહ વધી પડ્યો હતો. મહાત્માજીના મુસાફરીથી દરેક પ્રાંતમાં નવું ચેતન આવ્યું હતું.

સ્વયં-સેવકો સભાસદો બનાવવા, રેંટીઆનો પ્રચાર કરવા નીકળી પડ્યા હતા. રાવબહાદુર પણ રાષ્ટ્રીય કાર્યમાં તનતોડીને મહેનત કરતા હતા. તેઓ પ્રાંતિક મહાસભા સમીતીના પ્રમુખ હતા; તેમને માથે ભારી જવાબદારી આવી પડી હતી.

અને હવે એ પહેલાંના રાવબહાદુર ન હતા. સભાઓમાં તાળીઓ પાડી, જુસ્સાદાર વ્યાખ્યાનો આપી ઘેર આવી ઝંઝાળમાં ભૂલી જનાર પહેલાંના રાવબહાદુર ન હતા. આજે તો ટૈં.ટીઆ પ્રચાર માટે ઘેર ઘેર ભટકનાર, ખાવાના દરકાર ન રાખતાં રાતની રાત કોંગ્રેસ કમિટિની ઓફીસમાં કામમાં મશગુલ રહેનાર તે હતા. કામ, કામને કામ! આખો દિવસ જ કાર્યક્રમને અમલમાં મૂકી સફળ કરવાની ચિંતા!

આ સફળા પરિશ્રમને અંતે રાવબહાદુર ભયંકર તાવનો ભોગ થઇ પડયા. આજે ત્રણ દિવસ થયાં તાવ ઉતર્યો નથી. સુધા, રમેશ અને બીજાં સગાંઓ તેમના બિછાના પાસે ખડે પગે બેસી રહ્યાં છે. સુધાની આંખમાંથી ગરગર આંસુ ખરે જાય છે. રમેશની આંખો પણ ભીની છે. ખબર પૂછવા-જોવા આવેલાં આપ્ત-જનો બંનેને આશ્વાસન આપે છે.

દાકતર આવ્યા. તેમણે આવીને રાવબહાદુરની છાતી ઉપર નળી રાખી. રાવબહાદુરે નળીને ખસેડી નાંખી કહ્યું:-"મને વધારે પાપમાં ન નાંખો."

આટલું મહા-પરાણે બોલી તેમણે સુધા તરફ પોતાની નજર ફેરવી. એ દૃષ્ટિ કેટલી કરૂણાપૂર્ણ હતી! કેટલી હૃદય ભેદક હતી! કેટલી આંતર-ભાવની પ્રકાશક હતી! એ નજર કેટલી આત્મ-ગ્લાનિ અને પશ્ચાતાપ બતાવનારી હતી!

સુધાથી પતિના ચહેરા તરફ જોવાયું નહિ. એ દૃષ્ટિને ઓળખતાં તેનું હૃદય ચીરાઇ ગયું. તેણે બંને હાથોથી પોતાનું મુખ ઢાંકી દીધું.

પાસે બેઠેલા આપ્ત-જનોએ આ દેખાવ જોયો. તેમનાં હૃદય પણ પાણી પાણી થયાં.

હજુ સુધી દાક્તર સાહેબ ચુપ ઉભા રહીને આ લીલા જોયા કરતા હતા. દરમિઆન કોઇએ આસન આપ્યું નહિ અથવા તો દરદીની સારવાર કરવાનું કોઇએ એકવાર પણ ન કહ્યું, એથી દાક્તર સાહેબ ચીઢાયા હતા; તેમાં પોતાનું અપમાન થએલું સમજતા હતા.

એક નોકર દાક્તર સાહેબના મનોવિકારને તેમના મુખ ઉપર તરી આવતા સંકોચને લઇને કળી ગયો. તે સૌ સાંભળે તેમ મોટેથી બોલ્યો:—"દાકતર સાહેબ! આપ આ ખુરસી પર બિરાજો. અને શેઠની પ્રકૃતિની ચિકિત્સા કરી અમને કહો કે એમની પ્રકૃતિ હવે કેમ છે?"

દાકતર હજુ બોલે તેટલામાં તો રાવબહાદુરે ધાંટો પાડ્યો:—"સુધા!"

સુધા આ ધાંટાનો ભાવ સમજી ગઇ. તે ઉભી થઇ અને દાક્તરને

બીજી તરફ લઈ જઇ કહ્યું:—" દાકતર સાહેબ! માફ કરજો! શેઠનો વિચાર દવા કરાવવાનો નથી."

સુધાએ દાકતરને ફી આપી વિદાય કર્યા. વિદાય કર્યા પછી તે પતિની પાસે બિછાના પાસે બેઠી. રાવબહાદુર બોલ્યાઃ—"સુધા! જે લોકોની હાજરીથી લોકોની શારીરિક પ્રકૃતિ ઘણી ખરાબ થઈ ગઈ છે, જે લોકો કુદરતી ઇલાજો ન કરતાં કૃત્રિમ દવાઓથી લોકોની ઇંદ્રિયોને નિર્બળ અને નિઃસત્વ બનાવે છે, જેઓ દેશને માટે સાક્ષાત્......છે, તેવાઓને હાથે તું મને સાજો કરવાની હતી? સુધા! નબળાઇથી તું કર્ત્તવ્ય-ભ્રષ્ટ થતી હતી—સાથે મને પણ ઘસડતી હતી."

સુધાએ માથું હલાવી પતિનો હાથ પંપાળતાં ધીમેથી કહ્યું:—" નહિ, નાથ! દાકતરને બોલાવા નહતું મોકલ્યું. દાકતર સાહેબ ખુદ પોતાની મેળે જ આવી ચઢયા હતા. વિવેકને લીધે મારાથી તેમને કશું કહેવાયું નહિ. જે મનુષ્ય ભગવાન ઉપર ભરોસો રાખે છે, જે કુદરતના નિયમોનું હરહંમેશ પાલન કરે છે તેને વૈદ્યો અને દાકતરો ઉપર વિશ્વાસ નથી હોતો......તોપણ..."

સુધા બોલતાં અચકાઈ ગઇ. રાવબહાદુરે આગ્રહથી પૂછ્યું:—" તો પણ શું, સુધા?"

સુધાને રમેશની માંદગીનું સ્મરણ થઇ આવ્યું. દાકતરે કેવી રીતે સારવાર કરી હતી? કેવા પ્રકારથી તેણે જમવાની પણ દરકાર ન રાખતાં રમેશનો પ્રાણ બચાવ્યો હતો? અને દાકતરની મદદ ન હોત તો શું થાત? ઇત્યાદિ વાતો સુધાની નજર સામે તરવા લાગી. તેણે નમ્રપણે કહ્યું:—"તો પણ દાકતર સર્વથા નિરૂપયોગી નથી. રમેશની વાત સંભારોને? જો દાકતર સાહેબની ચિંતા ભરી સારવાર ન હોત તો શું રમેશ અત્યારે મારી ગોદમાં હોત?"

આટલું બોલતામાં તો સુધાનો કંઠ ભરાઈ આવ્યો. તેની આંખોમાંથી બે ચાર આંસુ ટપકી પડયાં.

રમેશ બોલ્યોઃ—" મા! આપનું કહેવું કેટલેક દરજ્જે ખરૂં છે, પણ દાકતરો હોવા જ જોઇએ તે ખરૂં નથી. આપણા દેશી વૈદ્યોથી આપણાથી ચલાવી લેવાય તેમ નથી?"

સુધાએ ઉત્તર આપ્યોઃ—" હું કયાં કહું છું, કે બસ દાકતર જ જોઇએ. મારા કહેવાનો ભાવાર્થ એ છે કે દાકતરી વિદ્યાની જરૂરિઆત છે. તાવ, ખાંસી ઇત્યાદિ રોગો કુદરતી નિયમોનો ભંગ કરવાથી ઉત્પન્ન થાય છે. તે તો એ નિયમોને ફરીથી પાળવાથી મટી જાય છે; પરંતુ અકસ્માતોને માટે દાકતરીના—વૈદ્યવિદ્યાની આવશ્યકતા છે."

રાવબહાદુરે કહ્યું:– "હા, વાત તો ઠીક છે, પરંતુ મુશ્કેલી એ છે કે આપણે દરેક વાતોમાં દાક્તરની પાસે દોડતા જઈએ છીએ. અને દાક્તર આપણને ગરજવશ દેખી અનુચિત લાભ ઉઠાવે છે. આથી આપણો લાલચુ દાક્તરોને નમસ્કાર કરેજ છુટકો છે. અકસ્માતો માટે આપણને દાક્તરી ઇલાજોની મદદ લેવી પડે, પણ હું તો એટલે સુધી કહું છું કે દરેક માણસે અકસ્માતોનો ઇલાજ કરવાનું કાર્ય શીખી લેવું જોઈએ. એવા સમયમાં પણ પારકી સારવારની ઇચ્છા રાખવી એ મારે હિસાબે નરી ગુલામી જ છે."

"અને તેજ માણસ સ્વતંત્ર છે કે, જેને પોતાની માનસિક અને શારીરિક શાંતિને માટે કોઈની ગરજ પડતી નથી."

બીજા ત્રણ દિવસ વીતી ગયા. રાવબહાદુરને તાવ ઉતરી ગયો હતો પણ હજુ અશક્ત હતી. બિછાનામાં અસહકારની લડતના અને પરલોકના વિચારો આવ્યા જ કરતા હતા. તેમના અંતરમાંથી માયાનું જોર કમી થયું હતું– નાશ પામ્યું હતું.

ઘડીઆળમાં પાંચ વાગ્યા હતા. તડકો ક્ષીણ થતો જતો હતો. રાવબહાદુરના બિછાનાથી થોડે દૂર બેસીને સુધા રેંટીઓ કાંતી રહી હતી. રમેશ વણાટમાં હતો.

રાવબહાદુરે ઘાંટો દીધો:– "સુધા!"

સુધાએ રેંટીઓ મૂકી પાસે આવી પૂછ્યું:–"શું કહો છો, વારૂ?"

સુધાને જવાબ ન આપતાં રાવબહાદુરે કેટલીયે ક્ષણ સુધી સુધાના મુખ તરફ જોયા કર્યું, અંતે કહ્યું: "સુધા! હજુ તું ક્યાં સુધી મને આ ગરીબોના લોહીથી ખરડાએલા પૈસાએ બાંધેલા આ ભવ્ય મહેલમાં રાખીશ?"

સુધા પતિનું કહેવું ન સમજી. તે આશ્ચર્ય અને કંઈક ગભરાટથી તેમના મુખ સામું જોઈ રહી.

"સુધા! મારી વાત તું ન સમજી? જા, રમેશને બોલાવી લાવ. હું ખુલાસો કરૂં."

સુધા રમેશને બોલાવી લાવી. બંને મા દીકરો રાવબહાદુરના પલંગ સામેના કોચ ઉપર બેસી ગયાં, એટલે તે બોલ્યા:—"સુધા! રમેશ! આ ભવ્ય મહેલ, આ વસ્તુઓ, આ સંપત્તિ ક્યાંથી આવી તે તમે જાણો છો? શું તમે એમ માનો છો કે આ બધી વસ્તુઓ મેં જાત–મહેનતથી પેદા કરી છે? તમે જો એમ માનતાં હો તો એ તમારી ભૂલ છે; ભ્રમ છે. એ તો પેલા પચીસ હજાર મજુરોની કમાઈમાંથી બન્યું છે. એ બિચારા મજુરોએ પોતાના લોહીનું પાણી કરીને, પોતાનું અંગ તોડીને, સુખદુઃખની

મસ્વા ન કરતાં કઠોર પરિશ્રમ કરી કમાઈ આપણને તે આપ્યું છે, અરે! આપણે તે પચાવી પાડયું છે. એમને થોડું મુઠ્ઠીભર આપી આપણે સઘળું પચાવ્યું છે. તે ગરીબ બિચારા કશું ન બોલ્યા; અરે! બોલવાનું તો દૂર રહ્યું, ઉલટા તેઓ જ આપણને અન્નદાતા સમજે છે."

"હાય! આ કેટલો મોટો ભયંકર અપરાધ! જેની કમાઇથી મોજ-મજાહ કરવી તેમની જ પાસે અન્નદાતા કહેવરાવવું? અરે! પ્રભુ!"

"સુધા! રાત દિવસ આના આજ વિચારો મારા અંતઃકરણને કોતરી ખાય છે. ઘણાયે દિવસથી વિચાર આવ્યા કરે છે, કે હું શું કરૂં? હજુ પણ છેવટનો નિશ્ચય નથી કરી શકયો. મારી જીવનલીલા સમાપ્ત થવા આવી છે. મને મારૂં અંતઃકરણ કહી રહ્યું છે, કે હવે હું થોડા દિવસનો મહેમાન છું. ઉઠો! સુધા રમેશ! ગરીબના રક્તથી બનેલા આ બંગલાની બહાર મને લઈ જઇ મારા આત્માને સંતુષ્ટ કરો. તમે બંને મા દીકરાએ અત્યાર સુધી જે કાંત્યું વણ્યું છે તે વેચી અનાજ લાવી મને ખવરાવો અને તમે પણ ખાવ. આ વિશાળ મહેલનો ત્યાગ કરો. ઘાસની ઝુંપડી બાંધો, રે! આજને આજ બાંધો. ઘણાયે દિવસ પાપ કર્યાં કર્યું; ઘણાયે દિવસ ગરીબોની કમાઇમાંથી મોજ ઉડાવી. હવે નહિ! જા, સુધા! અને રમેશ તું પણ જા! ઘાસની ઝુંપડી તૈયાર કરાવ. આ મહેલની દિવાલો, આ બંગલાની છતો મને ખાવા દોડી રહ્યાં છે. આ પલંગ, પેલાં ગોદડાં મારા લોહીને ઉકાળી રહ્યાં છે. મારા પાપોની એ ભયંકર પ્રતિકૃતિ જાણે મને ખાવા ધાય છે. મારૂં અંતર સળગી રહ્યું છે. બચાવો! સુધા! ઓ રમેશ! મને કોઈ બચાવો!"

સુધા અને રમેશ ધીમેથી ઉઠી ઉભાં થયાં. રાવબહાદુરે ઘાંટો પાડી કહ્યું:—"ખબરદાર! પોતાની જાતમહેનતની કમાણી સિવાય બીજી કોઈ ચીજનો ઉપયોગ ન કરતાં! જાઓ!

સુધાએ અત્યાર સુધ જેટલું સુતર કાંતી રાખ્યું હતું તે તથા રમેશે અત્યાર સુધી જે ખાદીના બે તાકા વણી રાખ્યા હતા તેમાંથી એક લઇ રમેશ બજારમાં ગયો. તેના તેને દશ રૂપીઆ ઉપજ્યા. રમેશ નવ રૂપીઆ-નો ઝુંપડી બાંધવાનો સામાન લઇને ઘેર આવ્યો. મજુરોને ઝુંપડી બાંધવાની મજુરી તો ક્યાંથી અપાય? બંને મા દીકરાએ સાથે મળી બાગના એક ખુણાપર એક ઝુંપડી બાંધવા માંડી. બાંધતાં બાંધતાં તો બંનેને કેટલીયે જગ્યાએ વાગ્યું. એકવાર તો લોહી પણ નીકળ્યું. નોકરોએ ઝુંપડી બાંધી આપવાની ઘણીયે જીદ કરી. પણ સુધાએ તેમને રોકતાં કહ્યું:—"ના ભાઈ!

અમે તમને ઘણા દિવસ દુઃખ દીધું. નોકર કહીને ચિરકાલ સુધી અપમાન કર્યું. હવે તમે અમારા નોકર નથી; સમોવડીઆ છો."

નોકરો રોઈ પડ્યા. તેમણે કહ્યું:—"શેઠાણી! અમે આપનો શું અપરાધ કર્યો છે કે જેથી આપ અમારા ઉપર આમ નારાજ થયાં છો?"

સુધાએ પાલવ વડે આંસુ લુછતાં જવાબ દીધોઃ—"ભાઇ! શેઠાણી કહીને હવે મને પાપમાં નાંખો નહિ!"

આટલું બોલી તે ફરી ઝુંપડી બાંધવાના કામમાં પડી. નોકરો બધા પાષાણની મૂર્તિ જેવા પાસે જોતાજ ઉભા. કોઇ વિચારતો કે શું શેઠાણી રજા આપવા માગે છે? કોઇને વિચાર આવતો કે આવા અશરાફ શેઠ બીજે મળવા મુશ્કેલ છે. ત્યારે કોઈ વિચારતો કે શેઠને આજે શું થયું છે?"

ઝુંપડી તૈયાર કરી તેમાં પથારી પાથરી સુધા અને રમેશ બને રાવબહાદુર પાસે આવ્યાં. રાવબહાદુર પ્રસન્ન થયા. તેઓ ઉઠી બેઠા થયા. સુધા અને રમેશના ટેકાથી તે ધીમે ધીમે બંગલા બહાર નીકળ્યા.

ધીમે ધીમે રાવબહાદુર ઝુંપડી પાસે આવી પહોંચ્યા. તેમણે અંદર જોયું તો શેત્રંજીપર ગોદડાં પાથરી, તકીયા નાંખી, ચાદર પાથરી ઓઢવાને માટે શાલ રાખી દીધેલી જોઈ.

તેમણે રમેશ તરફ નજર કરી. એ નજરમાં આક્રોશ હતો, ઘૃણા હતી; એમાં આત્મગ્લાનિ હતી.

રાવબહાદુરે પૂછ્યું:—"રમેશ! શું આ બધી વસ્તુઓ તારી જાતની મહેનતની છે?"

રમેશે લજ્જાથી માથું નીચું નમાવી દીધું. સુધાએ પૂછ્યું:—"અમારો એટલી નજીવી વસ્તુઓ લેવાનો પણ અધિકાર નથી?"

રાવબહાદુરે એક નિશ્વાસ નાંખી કહ્યું:—"ના, સુધા! તમારા અભાગી પતિએ એને માટે કદી મહેનત કરી નથી; કદિ પરસેવો ઉતાર્યો નથી. સ્વાધીનતા પ્રાપ્ત કરવા માટે, પાપ-મુક્ત થવા માટે આપણે સઘળાનો ત્યાગ કરવો પડશે. જ્યાં સુધી પારકી મહેનતથી મેળવેલું પાપી અનાજ પેટમાં જશે, જ્યાં સુધી પારકી કમાઇ સાથે સંસર્ગ રહેશે ત્યાં સુધી પુરી આત્મશુદ્ધિ થશે નહિ."

"લઇ જા, રમેશ? આ લોહીથી ખરડાએલી વસ્તુઓ લઇ જા! આ પવિત્ર ઝુંપડીમાં એ પાપ શા માટે?"

રમેશે સઘળી પથારી ઉઠાવી લીધી. પોતાની પાસે ખાદીનો એક તાકો પડયો હતો તે લાવી પાથર્યો.

રાવબહાદુરે પૂછ્યુંઃ—" આ ખાદી તો તેં તૈયાર કરી છે, ને બેટા ! " રમેશે ડસકાં ખાતાં જવાબ આપ્યોઃ—" હા પિતાજી ! "

રાવબહાદુરે પ્રસન્નતાથી કહ્યુંઃ—" બેટા, ચિરંજીવ રહો ! તું તારા પિતાના માથા ઉપરનો પાપનો બોજો અવશ્ય દૂર ફેંકી દેશે. એ તાકાને અહીં લાવ. એના બે ભાગ કરી મને આપ. હું એને પહેરવાના અને ઓઢવાના ઉપયોગમાં લઇશ. "

રમેશે ખાદીના બે ભાગ કરી આપ્યા. રાવબહાદુરે એક ભાગ પહેર્યો અને બીજાને ઓઢ્યો. પોતાનાં શરીર ઉપરનાં વસ્ત્રોને ઉતારી ફેંકી દીધાં.

પછી રાવબહાદુરે પુત્રને છાતીએ લઇ, સુધાના હાથને થાબતાં કહ્યુંઃ— " રમેશ ! સુધા ! આજે તમે મારા જીવનને ધન્ય કર્યું, આજ મારા હૃદય પરનો સઘળો બોજો નાશ પામ્યો. આજે મારૂં અંતઃકરણ હલકું થયું. આવો, આપણે આજે દેશને સ્વાધીન કરવાનું વ્રત લઇએ. "

" આજ સુધી આપણે કેટલાયે દિવસોથી સ્વદેશોદ્ધારકનું વ્રત પાળતા હતા. પણ આપણું એ વ્રત નામનું જ હતું. જ્યાં સુધી આપણે અન્યાયથી મેળવેલું ધન ઉપયોગમાં વાપરતા હતા; ફક્ત ખાદી પહેરવા શિવાય બીજું કોઇ કાર્ય કરતા ન હતા, દેશોદ્ધારની કેવળ વાતો જ કરતા હતા ત્યાં સુધી આપણે અપૂર્ણ હતા; ત્યાં સુધી આપણા દેશના ઉદ્ધારની આપણે હાથે આશા નહતી. "

સુધા ! રમેશ ! મેં આજથી જ પ્રતિજ્ઞા કરી છે, કે જ્યાં સુધી હું સાજો ન થાઉં ત્યાં સુધી તમારી જાતમહેનતથી પેદા કરેલાં અન્ન વસ્ત્ર ઉપયોગમાં લઇશ. તમે પણ મારી સામે પ્રતિજ્ઞા કરો કે ' આજ સુધી એકઠી કરેલી સંપત્તિમાંથી એક પાઇ સરખી પણ ઉપયોગમાં લઇશું નહીં; પોતાની જાતમહેનતથી જ જીવનનો નિર્વાહ કરીશું; આપણી એકઠી કરેલી સંપત્તિ આપણે '**તિલક સ્વરાજ્ય ફંડમાં**' ગરીબ મજુરોના હિતમાં વાપરવા માટે મહાત્માજીને સોંપી દઇશું. "

" અને ન્યાયપૂર્વક પૈસો પેદા કરતાં પણ આપણે ભોગવિલાસમાં પડીશું નહિ. જ્યાં સુધી દેશમાં એક માણસ દુઃખી છે, જ્યાં સુધી દેશમાં આપણો એક પણ ભાઇ અનાજ પાણી વગર ટળવળે છે; જ્યાં સુધી દેશ પૂર્ણ સ્વતંત્ર નથી ત્યાંસુધી આપણે જીવનનો એક જ મંત્ર–જીવનને સાધુની પેઠે પૂર્ણ તપસ્વી, સંયમી અને પવિત્ર રાખીશું. "

સુધા અને રમેશે પ્રતિજ્ઞા કરી. આકાશ મંડળમાં વિરાજેલા ચંદ્રમાએ તથા મંદ મંદ ઝબકતા તારાઓએ, પાસે ચર્યા કરતાં ઉભેલાં વૃક્ષોએ અને

સુસવાટ વહેતા **વાયુએ એ** ભીષણ પ્રતિજ્ઞા સાંભળી. **ચાંદનીએ** ચમકી ઉઠી, **વાયુએ** સુસવાટ મારી અને **વૃક્ષોએ** શિર હલાવી એ પ્રતિજ્ઞા કરનારાંની પ્રશંસા કરી.

રાવબહાદુરે આકાશ તરફ મુખ રાખી બંને હાથ જોડી પ્રાર્થના કરીઃ "હે **અશરણ** શરણ! **દીનબંધુ**! પતિતોદ્ધારક! **નાથ**! મને ક્ષમા કરજે! મેં અજ્ઞાનને વશ થઇ ઘણી ભૂલો કરી, મજુરોને મેં ક્ષુદ્ર સમજી તીરસ્કાર્યા; એમના પર ભયંકર અત્યાચારો કર્યા! **નાથ**! એમની આપકમાઇને પચાવી પાડી એમને અનાજ માટે ટટળાવ્યા! પ્રભો! આપનાથી કશું અજાણ્યું નથી. મારા અપરાધની માફી આપો અને મને તથા મારાં સ્ત્રીપુત્રને લીધેલી પ્રતિજ્ઞા પાળવાનું સામર્થ્ય આપો."

પ્રકરણ ૧૨ મું.

મધ્યરાતનો સમય છે. આકાશમાં પ્રકાશી રહેલા અનંત તારાઓ પોતાનાં અનંત ચક્ષુઓ વડે મનુષ્યોના પુણ્ય-પાપની દેખરેખ રાખી રહ્યાં છે. રાતની ગાઢ શાંતિમાં દિવસભર નાના પ્રકારની મહેનત કરી થાકેલાં મનુષ્યહૃદયો શાંતિનો, સ્વસ્થતાનો અનુભવ કરી રહ્યાં છે.

જગત્ સઘળું નિદ્રામાં પડ્યું છે. જેમનાં અંતરમાં દેશોદ્ધારની જ્વાળાઓ સળગતી ચિતાની માફક ભડભડ સળગી રહી છે; તેવાં હૃદયો જ જાગે છે.

રમેશ બેઠો બેઠો ખાદી વણી રહ્યો છે. **સુધા** પતિના માથાને ખોળામાં લઇ જાગતી બેઠી **છે**. તેનું મન અનંત વિચાર-સાગરમાં ડુબકીઓ મારી રહ્યું છે. ટીનના પતરાના ખડીઆના ક્ષીણ પ્રકાશમાં તેના ચહેરા ઉપર અદ્‌ભુત ચિંતાઓની રેખાઓ સ્પષ્ટ દેખાય છે.

સુધા એક નિશ્વાસ નાંખી મનમાં બોલીઃ- હાય વિધાતા! આ કેવું પારાવાર સંકટ! જે દેહ હંમેશાં ભવ્ય મહેલમાં કોમળ શય્યા ઉપર સુતો હતો, શામળાના રૂથી ભરેલાં ચચ્ચાર ગોદડાં પણ જેમને ખુંચતાં હતાં, બાગમાં ઘાસનું તણખલું સરખું પડ્યું દેખે તો ગુસ્સે થતા; તે હાય! તેજ મારા પ્રભુ! આજ ઘાસની બનાવેલી ઝુંપડીમાં ધૂળ ઉપર પંચઉં પાથરી સુઈ રહ્યા છે. કાંકરા ખુંચી રહ્યા છે છતાં તે શાંતિથી સુઇ રહ્યા છે. ફુલ સરખી સુકોમળ કાયા આજે આ સ્થિતિમાં પડી છે. કારણ? **મારો આગ્રહ મારી જીદ.**"

સુધાનું હૃદય ભરાઈ આવ્યું. તેની આંખોમાંથી રોકતાં રોકતાં પણ બેચાર ઉન્હાં આંસુ ટપકી પતિના મુખપર પડયાં. રાવબહાદુરની નિદ્રાનો ભંગ થયો. તેમણે આંખો ઉઘાડી પૂછયું:– " શું છે, સુધા ! શા માટે રડે છે ? "

સુધા બોલી ન શકી. તેનું હૃદય આવ્યું હતું. તેણે છૂટે મોંઢે રડવા માંડયું. રાવબહાદુર ઉઠી બેઠા થયા. તેમણે સુધાનાં આંસુ લુછતાં ફરીથી પૂછયું:– " શું કારણ છે, સુધા ? "

સુધાનું અંતઃકરણ રડવાથી થોડુંઘણું હલકું થયું હતું. તે બોલી:– " મારાથી તમારૂં આ દુઃખ જોવાતું નથી, નાથ ? તમને છ દિવસથી રોજ તાવ આવે છે. અત્યારે પણ તમારા શરીરમાં તાવ ભરેલો છે. તમારી પાસે ઓઢવા પાથરવાનું નથી. પહેરવાનું પણ પુરતું નથી. આપના સુકોમળ શરીરે અગાઉ કદી દુઃખ વેઠયું નથી. મારાથી તમારૂં આ દુઃખ જોયું નથી જતું, નાથ ! "

સુધા પતિના ખભા પર માથું રાખી ફરી રડવા લાગી. રાવબહાદુરે તેના માથા ઉપર હાથ ફેરવતાં કહ્યું:—" શું કહ્યું ? સુધા ! મારે શું દુઃખ છે ? મારા હૃદય પર તો હાથ રાખી જો. મારૂં અંતર કેટલું શાંત અને સ્વસ્થ છે ? આજે મારા અંતરમાં જેટલી શાંતિ છે તેટલી અગાઉ કદી પણ નહોતી. આજે મારા ચિતમાં જેટલી પ્રસન્નતા છે તેટલી અગાઉ કદી પણ નહોતી. આજે મને જેવી ગાઢ નિંદ્રા આવી છે તેવી કદી અગાઉ આવતી નહિ. આજે મારૂં અંતર ભારે શાંતિનો અનુભવ કરી રહ્યું છે. આજે હું માણસાઇને સમજ્યો છું; રે ! સાચી માણસાઈ મેળવવાનો યત્ન કરી રહ્યો છું. "

" અને તું સુધા ! કેટલી નબળી પડતી જાય છે ? હજુ તો બે કલાક પહેલાં પ્રતિજ્ઞા લીધી છે, એને તું આમ નિભાવીશ ? પ્રાતઃસ્મરણિય મહારાણા પ્રતાપે દેશોદ્ધારનું વ્રત લઇને અઢાર વર્ષ સુધી તાઢ તડકો, ભુખતરસાદિ કષ્ટ વેઠયાં; અઢાર વર્ષો સુધી વનવગડામાં પોતાના કુટુંબને લઇને માર માર ફર્યા, તોપણ એમના હૃદયમાં એક ક્ષણ માટે પણ એવો વિચાર ન આવ્યો કે હું રાજા થઇને કેવી સ્થિતિમાં આવી પડયો છું. એમની સાધ્વી પત્નિએ પણ કદી આવી ચિંતા કરી નહોતી. "

" તેઓ ભોજન કરવા બેસતા કે તરત દુશ્મનો દેખા દેતા. તેમને પોતાના કુટુંબ કબીલાને લઇને ભોજન–સામગ્રી ત્યાંની ત્યાં મૂકી ભૂખ્યા નાસવું પડતું. "

" સુધા ! એ દુઃખ આગળ આપણું આ દુઃખ શા હિસાબમાં છે ? અને તું મારી પાસેથી દૂર થા ! તારા શરીરપર પારકી કમાણીમાંથી

ખરીદેલાં ખાદીનાં વસ્ત્રો છે, જેને લઇને હજુ તું નીચે પડે છે. એને લીધે જ તારૂં મન લોભાઇ જાય છે, નબળાઇને વશ થાય છે. જ્યાંસુધી આ કપડાંનો ત્યાગ કરી તારી જાતમહેનતથી મેળવેલાં કપડાં અંગ ઉપર પહેરી ન શકે ત્યાંસુધી મારી પાસે કદી આવતી નહિ!"

સુધાનું હૃદય ઘૃણા અને લજ્જાનું માર્યું કંપી ઉઠ્યું. તે ધીમે રહીને ઉઠી ઉભી થઇ. તેનાં આંસુ સુકાઇ ગયાં હતાં. પતિના તરફ એક કરૂણાપૂર્ણ, ક્ષમાપ્રાર્થના યાચતી એક કરૂણદૃષ્ટિ નાંખી સુધા બારણા તરફ જવા લાગી.

રમેશ ઓરડીની બહારના ખુલ્લા ભાગમાં આનંદથી ગાતો ગાતો ખાદી વણી રહ્યો હતો. ગીતનો ધ્વનિ શાંત રાત્રિની નિઃસ્તબ્ધતામાં ગુંજી રહ્યો હતો. અવાજ લંબાતો લંબાતો રાવબહાદુર હતા તે ખંડમાં આવતો હતોઃ—

"હરિનો મારગ છે શૂરાનો, નહિ કાયરનું કામ જોને;
પરથમ પેલું મસ્તક મૂકી વળતી લેવું નામ જોને.
સુત વિત દારા શીશ સમરપે, તે પામે રસ પીવા જોને;
સિન્ધુ મધ્યે મોતી લેવા માંહિ પડ્યા મરજીવા જોને.
મરણ આગળે તે ભરી મૂઠી, દિલની દુગ્ધા વામે જોને;
તીરે ઉભા જૂએ તમાસો, તે કોડી નવ પામે જોને."

રાવબહાદુરે ગીત તરફ સુધાનું ધ્યાન ખેંચતાં કહ્યુંઃ—

"સુધા! ગીત કાન દઇને સાંભળ. આપણા લલાટમાં પાપ–કર્મની જે કાળી ટીલી લાગી છે તેને ધોવાનો ઉપાય એ ગીતમાં રહેલો છે. શું દુઃખો સહન કર્યા સિવાય વરસો થયાં કરેલા અન્યાયો અને અત્યાચારો નિર્મૂળ થઇ શકે છે?"

સુધા બહાર જતી અટકી ગઇ. તે આગળ પગલું ભરી ન શકી. ગીત લંબાતું જતું હતુંઃ—

"પ્રેમ પંથ પાવકની જ્વાળા, ભાળી પાછા ભાગે જોને;
માંહી પડ્યા તે મહાસુખ પામે, દેખનારા દાઝે જોને.
માથા સાટે મોંઘી વસ્તુ, સાંપડવી નહિ સ્હેલ જોને;
મહાપદ પામ્યા તે મરજીવા, મૂકી મનનો મેલ જોને.
રામ અમલમાં રાતા માતા, પૂરા પ્રેમી પરખે જોને;
પ્રીતમના સ્વામીની લીલા, તે રજનીદીન નીરખે જોને."

ગીત પુરૂં થયું. રાવબહાદુરે કહ્યુંઃ—"સુધા! રમેશની પાસે જઇ આ

ગીતને શીખી લે. એ ગીત જ્યારે હૃદય નબળાઇને વશ થશે ત્યારે પ્રેરણા આપશે; વ્રતની કઠણાઇથી ગભરાએલા મનને ઉત્સાહ આપશે અને ધીરે ધીરે પ્રગતિ તરફ એક એક પગલું આગળ લઇ જશે. ”

પ્રકરણ ૧૩ મું.

ત્રણ દિવસ પર્યંત સુધાએ રેંટીઆ પર કાંત્યા કર્યું અને રમેશે વણ્યા કર્યું. રાવબહાદુરની તબીયત હવે સુધારા પર હતી. બે દિવસથી તો મિલમાં જઇ કામકાજ તપાસતા હતા. તેઓ મિલમાં જઇ મજુરોને, ભાઇની સમાન સમોવડીઆ ગણી મળતા; ભેટતા. તેમની સાથે વાતો કરતા. તેમનાં સુખ દુઃખ પૂછી માહીતગાર થતા અને ઓછાં કરવામાં સહાયભૂત થતા. સર્વ મજુરો તેમના ઉપર પ્રસન્ન હતા; તેમના એક બોલે મરવાને તૈયાર હતા. શેઠ અને શેઠાણીને દુઃખ ભોગવતાં જોઇ ગરીબ બિચારા ભોળા મજુરો માંહોમાંહે દુઃખી થતા; આક્રંદ કરતા. ઘણાએ આવીને સુધા અને રમેશને આવી મહેનત ન કરવા ઘણું કહ્યું; કેટલાએ આવીને ઘાસની ઝુંપડીનો ત્યાગ કરી પાછાં બંગલામાં રહેવા જવા પ્રાર્થના કરી; કેટલાએ મજુરોએ ભક્તિ–ભાવ ભર્યાં આંસુ નિગળતા મુખે પોતાની કમાણીનું ધન આપવાની અને તેને ઉપયોગમાં લેવાની પ્રાર્થના કરી, પરંતુ એમણે બધાંને એક જ જવાબ આપ્યો, કે ‘તમારી કમાણીનું ધન અમે નથી લઇ શકતાં; તે લેવાનો અમને કશો અધિકાર નથી. તમારી જાત મહેનતનું ધન લેવું એ અન્યાય છે; પાપ છે; પરમાત્માની આજ્ઞાનો ભંગ કરનારૂં છે.’ લોકો પ્રેમથી ગદ્દગદીત્ થઇને પોતાનાં આંસુ લુંછતા ચાલ્યા જતા.

સુધા અને રમેશ આખા દિવસમાં ફક્ત બે ત્રણ કલાક જ ઉંધ્યાં છે; આ ત્રણ દિવસોમાં ફક્ત ત્રણ જ વાર ખાધું છે. ખાવામાં ફક્ત ચણા મમરા અને પીવામાં નળનું પાણી! દશબાર શાકો, ગરમાગરમ ફુલકા ખાતાં અને બીજી વિધવિધ વસ્તુઓનો સ્વાદ લેતાં પણ જેઓ રસોઇઆને સારૂં માઠું સંભળાવ્યા કરતાં હતાં, તેઓ આજે મુઠ્ઠીભર ચણા ઉપર સંતુષ્ઠ છે! જેઓ લેમન, આઇસ–ક્રીમ, સોડા, પિક–મી-અપ, રાસ્પબરી ઇત્યાદિ પીણા સિવાય પાણીનો બિલકુલ ઉપયોગ કરતાં નહિ તેઓ આજે ખોબાભર પાણીથી તરસ છુપાવે છે! એજ સ્વદેશોદ્ધારનું વ્રત સિદ્ધ કરવાની સાધના છે! એજ પાપથી મુક્ત થવાનો **રાજમાર્ગ** છે! એજ કરેલા

અન્યાયોનું કઠોર પ્રાયશ્ચિત છે! આવી કઠીણ તપશ્ચર્યાથી જ સાધના સિદ્ધ થાય છે.

ત્રણ દિવસની મહેનત પછી રમેશ એક તાકો તૈયાર કરી શક્યો. એ તૈયાર થએલી ખાદીને પહેરીને સુધા આજે આનંદમાં મસ્ગુલ છે. અને સુધાને આજે આનંદની અવધિ શા માટે ન હોય? ત્રણ દિવસ સુધી અખંડ મહેનત કરી સુધા આજે સ્વામીની ચરણ–રજ લેવાની અધિકારી થઇ છે; ત્રણ દિવસ પછી તે આજે પોતાના પ્રભુ તુલ્ય સ્વામીના મંદિરે–પેલી ઘાસની બનાવેલી પવિત્ર ઝુંપડીમાં જઇ શકી છે.

× × ×

બીજા પણ ચાર દિવસો વિતી ગયા છે. બાલ સુર્યનાં સોનેરી કિરણોએ સમસ્ત સંસારને સોનેરી રસી નાંખ્યો છે. ત્રણે જણાં વહેલાં ઉઠી, આવસ્યક દૈનિક ક્રિયાઓથી પરવારી પ્રાર્થના કરી રહ્યાં છેઃ—

"પ્રેમળ જ્યોતિ તારો દાખવી,
મુજ જીવન પન્થ ઉજાળ;
દૂર પડયો નિજ ધામથી હું ને
ઘેરે ઘન અંધાર;
માર્ગ સુઝે નવ ઘોર રજનીમાં,
નિજ શિશુને સંભાળ;
મારો જીવન પન્થ ઉજાળ.
ડગ મગતો પગ રાખ તું સ્થિર મુજ,
દૂર નજર છો ન જાય.
દૂર માર્ગ જોવા લોભ લગીર ન,
એક ડગલું બસ થાય.
મારે એક ડગલું બસ થાય.
આજ લગી રહ્યો ગર્વમાં હું ને,
માગી મદદ ન લગાર.
આપ બળે માર્ગ જોઇને ચાલવા,
હામ ધરી મૂઢ બાળ.
હવે માગું તુજ આધાર.
ભભક ભર્યા ચિન્હોથી હું લોભાયો ને,
ભય છતાં ધર્યો ગર્વ.
વીત્યાં વર્ષને લોક સ્મરણથી,

સ્ખલન થયાં જે સર્વ,
મારે આજ થકી નવું પર્વ.
તારા પ્રભાવે નિભાવ્યો મને પ્રભુ,
આજ લગી પ્રેમ ભેર.
નિશ્ચે મને તે સ્થિર પગલેથી,
ચલવી પહોંચાડશે ઘેર.
દાખવી પ્રેમળ જ્યોતિની સેર.
કર્દમ ભૂમિ કળણ ભરેલી ને,
ગિરિવર કેરી કરાડ.
ધસમસતા જળ કેરા પ્રવાહો,
સર્વ વટાવી કૃપાળ.
મને પહોંચાડશે નિજ દ્વાર.
રજની જશે ને પ્રભાત ઉજળશે ને,
સ્મિત કરશે પ્રેમાળ.
દિવ્ય ગણોનાં વંદન મનોહર,
મારે હૃદય વસ્યાં ચિરકાળ.
જે મેં ખોયાં હતાં ક્ષણવાર.”*

પ્રાર્થના સમાપ્ત થતાં ત્રણે પોતપોતાના કાર્યમાં લીન થયાં. રમેશ કપાસ ચીંધવા બેઠો હતો. સુધા અને રાવબહાદુર રેંટીઆ ઉપર સુતર કાંતી રહ્યાં હતાં.

રેંટીઓ ફેરવતાં રાવબહાદુરે વાત કાઢીઃ—“સુધા! હવે આપણી સંપત્તિનો ઝટ નિકાલ કરી નાંખીએ તો સારૂં. એ સંપત્તિનો ઝટ નિકાલ કરી નાંખીશું નહિ તો આપણને નુકશાન થવાની સંભાવના છે. રખે આપણું મન ફરીથી લલચાઇ જાય અને લીધેલા વ્રતનો આપણી પાસે ભંગ કરાવે. સોનું દેખીને મુનીવર પણ ચળે છે. આપણે પામર છીએ; માયાનું જોર, માયાની ભુલભુલામણી ગહન છે; એના પારને પામી શકાતું નથી, માટે આપણે આપણી સંપત્તિનો ઝટ નિકાલ કરી નાંખીએ તો સારૂં. કોઈ એવા કામમાં એને રોકી દઇએ કે જેથી દેશને સ્વાધીનતા મેળવી આપવામાં તે મદદરૂપ થઇ પડે.”

તૂટી ગએલા તારને ફરીથી સંધાડતાં સુધાએ કહ્યુંઃ—“હું પણ એ જ વિચારી રહી છું, નાથ! ચિરકાળના અપવિત્ર સંસ્કારો કોણ જાણે કયા

* રા. નરસિંહરાવ દિવેટીઆ.

સમયે બળ કરી આપણને નીચે નાંખી દેશે; એથી ઘટીત છે કે આપણે એ સંપત્તિનો ઝટ નિકાલ કરી નાંખીએ. 'શુભસ્ય શીઘ્રં' એ સુત્ર પણ વિચારવા જેવું છે."

રમેશને કાને આ વાર્તાલાપ પડયો. એનું હૃદય હર્ષથી છલકાઇ રહ્યું. તાનમાંને તાનમાં ગાવા લાગ્યોઃ—

"માયા મહા ઠગની હમ જાની,
તિરગુન ફૉંસ લિયે કરડાલે બોલે મધુરી બાની.
કેશવ કે કમલા વ્હે બૈઠી, શિવ કે ભવન ભવાની,
પંડા કે મૂરત વ્હે બૈઠી, તીરથમેં ભઈ પાની.
યોગી કે યોગિન વ્હે બૈઠી રાજા કે ઘર રાની,
કાહુકે હીરા વ્હે બૈઠી કાહુકે કૌડી કાની.
ભક્તનકે ભકિતનિ વ્હે બૈઠી બ્રહ્મા કે બ્રહ્માની
કહત કબીર સુનો હો સન્તો યહ સબ અકથ કહાની."

રાવબહાદુર અપરિમીત આનંદથી છલકાતા હૃદયે બોલી ઉઠયાઃ— "સુધા! કેવું સરસ ગીત છે? કેવું સુંદર કલ્પનાથી ભરેલું છે? સાચે જ માયા મહા ઠગારી છે. આપણે એ ઠગારી માયાના પાશમાંથી જેમ બને તેમ જલદી છુટી જવું જોઇએ. પણ કબીરદાસજી કેટલીક વાતો ઉમેરવાનું ભૂલી ગયા હોય એમ લાગે છે."

સુધાએ સ્મિત હાસ્ય કરતાં પૂછ્યું:—"શું કબીરદાસજી ભૂલી ગયા છે? એ તો મહાજ્ઞાની હતા; મહાત્મા હતા. ભલા, એવા સમર્થના પણ ભૂલ થઇ લાગે છે?

રાવબહાદુરે હસી પડતાં કહ્યું:—"હા, કબીરદાસજીએ એટલું તો અવસ્ય ઉમેરવું હતું કે "શેઠાં કે ઘર શેઠાની" કેમ ખરૂંને?"

સુધાએ રોષ દેખાડતાં કહ્યું:—"જાઓ! તમે પણ ઠીક છો!"

રાવબહાદુરે હસતાં હસતાં પૂછ્યું:—"વારૂ, હું કેવો છું?"

સુધાએ લજ્જાથી શિર નમાવી દીધું.

× × × ×

પ્રકરણ ૧૪ મું.

રાવબહાદુર આજ ચાર દહાડા થયાં ફરી પથારીવશ થયા છે. જે કોઇ જોવા આવે છે તે સહુ કોઇ તેમને દવા કરાવવાનું કહે છે. પણ તેઓ બધાને એક જ ઉત્તર આપે છે, કે 'હવે દવાથી શું થશે? મારા

આયુષ્યની દોરી તૂટી ગઇ હશે તો તેને કોણ સાંધી શકનાર છે, વારૂ? માટે પ્રભુની ઇચ્છાને સઘળાએ અનુકુળ થવું જોઇએ.' દવા કરવાની સુચના કરનારાં રાવબહાદુરની હદ આગળ નિરાશ થતાં.

ત્રણ દિવસ થયાં તેઓ કોઇની સાથે બોલ્યા નથી. બોલે છે તો ફક્ત નીચેની ટુંકો ઘુંટયા કરે છે:—

" માર્ગ સુઝે નવ ઘોર રજનીમાં,
નિજ શિશુને સંભાળ;
મારો જીવનપન્થ ઉજાળ."

સવારના સાત વાગ્યાનો સમય છે. પાસેની મિલોમાં કામની શરૂઆત થવાના ઘંટનો અવાજ હજુ હમણાં જ થયો છે. રાવબહાદુરે પથારીમાંથી બેઠા થઇ સુધાને કહ્યું:-" મને હમણાં જ મિલમાં લઇ ચાલો."

સુધાએ ધીમેથી કહ્યું:-" નાથ! તમારી તબીયત સારી થાય ત્યારે મિલમાં જજોને? હજુ તો આપ તદ્દન અશક્ત છો."

રાવબહાદુરે જવાબ આપ્યો:—" મારી તબીયત, મારી માનસિક સ્થિતિ બીલકુલ તંદુરસ્ત છે. પુરતી સ્વસ્થ છે. શરીર તો અશક્ત બનતું જાય છે અને એમાં સુધારો થવાની આશા નથી. અને સુધા! મારી ઇચ્છા મૃત્યુ પહેલાં એકવાર મારા અન્નદાતાઓની–આપણી મિલના કામદારોને ભેટી લેવાની છે."

સુધાએ કશો ઉત્તર આપ્યો નહિ. તે ચુપચાપ રમેશની પાસે ગઇ અને તેને કહ્યું:-" રમેશ! એક ગાડી ભાડે કરી આવ. તારા પિતાજીની મિલમાં જવાની ઇચ્છા છે."

રમેશ ભાડાની ગાડી લઇ આવ્યો. તેમાં બેસી રાવબહાદુર, સુધા અને રમેશ મિલમાં ગયાં. બધા કામદારોને મિલના મેદાનમાં એકઠા કરવામાં આવ્યા. મેદાનની વચ્ચે એક ઉંચા આસન પર રાવબહાદુર બેઠા. બધા તેમની આજુબાજુ નીચે જમીન ઉપર ગોળાકાર બેસી ગયા. રાવબહાદુરની આંખો આંસુઓથી ભરપુર હતી, હૃદય પ્રાયશ્ચિતના વિચારોથી પરિપૂર્ણ ભરેલું હતું. તેમનો કંઠ ભરાઇ આવ્યો હતો. ભારે અવાજથી તે બોલ્યાઃ—

" ભાઇઓ અને બ્હેનો! મારો અંતકાળ પાસે આવી પહોંચ્યો છે. મારો જીવન–દિપ બુઝાવાની અણીપર છે. હું થોડા દિવસમાં આ દુનિયાની છેવટની વિદાય લઇશ. ક્યાં જઇશ? મારે માટે નરક સિવાય આશ્રય લેવાની બીજી કયી જગ્યા છે? મેં તમારી પાસે દશ રૂપીઆનું કામ

કરાવ્યું અને બદલામાં મેં તમને બે રૂપીઆ આપ્યા. ઘાણીના બળદની માફક મેં તમને આખો દિવસ કામમાં ગોંધી રાખ્યા; જ્યારે તમે પેટપુર માગ્યું ત્યારે મેં તમને ઠોકરો મારી. તમને અને તમારાં કુમળાં બાળકોને મેં નજરો નજર ભૂખથી ટળવળતાં દેખ્યાં; તમે મારી પાસે તમારૂં દુઃખ રડયા, ઘૃણાથી મેં મોઢું ફેરવી લીધું. તમારી સાથે કદી પ્રેમનો, ભાઇ-ચારાનો, દયાનો વર્તાવ ના રાખ્યો; તમને કદી સુખી થવામાં મદદ નકરી. તમારાં બાળકોને એક દિવસ પણ સારાં વસ્ત્રો અને ખાવાનું આપી તમને અને તમારાં બાળકોને પ્રસન્ન ન કર્યાં. આ બધાં પાપોનો ઢગ મારા શિર પર છે, આટલા ભયંકર અપરાધ મારા માથા ઉપર છે. મારી ગરદન ઉપર આટલો ભારે બોજો છે. ત્યારે આને સાથે લઇ હું કયા સ્વર્ગમાં જઇ શકું એમ છું ?"

રાવબહાદુર છુટે મોંઢે રડતા હતા; સાંભળનારાંની આંખો આંસુથી ભરપુર હતી. પાસેનાં વૃક્ષો આંસુ પાડી રહ્યાં હતાં; આકાશની આંખો પણ ટપકી રહી હતી. રાવબહાદુરે ઘુંટણીએ પડી બધાની સામે હાથ જોડી રડતાં કહ્યું:–" મારા અન્નદાતાઓ! મારા અન્યાયનો ભોગ થઈ પડેલા મનુષ્યો! મારા અપરાધ એટલા અક્ષમ્ય છે કે આપની સમક્ષ તેની ક્ષમા માગવી એ મારે માટે વધુ છે. જે ભાઇઓની ઉપર મેં વરસોનાં વરસો સુધી જુલમ કર્યા કર્યો, તે લોકોની પાસે મારાથી ક્ષમા શી રીતે માગી શકાય ? પરંતુ આપ સર્વ દયાળુ છો; ધર્માત્મા છો, મારા પ્રત્યે સદ્ભાવ રાખો છો એ કારણથી હું આપની ક્ષમા માગવાનું સાહસ કરૂં છું. આપ મને માફ કરશો."

સાંભળનારા ખુલ્લે મોંઢે રડી પડયા. તેમણે કહ્યું:–" શેઠજી! અમને પાપમાં ન નાંખો!"

રાવબહાદુરે બ્હાવરા મનુષ્યની જેમ ખુલ્લા હૃદયે ધાંટો પાડીને રડી પડતાં કહ્યું:–" શેઠ કહીને હજુ પણ મને પાપમાં ન નાંખો. માલીક પરમાત્મા છે. હું તો એમની આજ્ઞા ઉથાપનારો એક પાપી છું. મને પાપી કહો! અન્યાયી કહો! અને જો તમે મને ક્ષમા કરી હોય તો 'ભાઇ' કહી બોલાવો અને કહો કે, અમે તારા અપરાધની માફી આપી છે; તને ક્ષમા કરી છે."

બધા હૃદયમાં રડી રહ્યા હતા; કફળી ઉઠ્યા હતા. સર્વ કોઇની આંખોમાંથી આંસુઓ વહે જતાં હતાં. કોઇના મુખમાંથી ઉચ્ચાર સરખો પણ ન નીકળ્યો, કોઇથી બોલી શકાયું નહિ.

રાવબહાદુરે ફરી કહ્યું:—"શું મારૂં એટલું પણ સદ્ભાગ્ય નથી? શું આપ મને ક્ષમા પણ ન કરશે? મારા અંતઃકરણમાં પશ્ચાતાપની ભભક્તી જ્વાળાને શું આપ આપના ક્ષમા રૂપી જળથી શાંત નહિ કરશે? શું આપ મને અધર્મીને એકવાર પણ 'ભાઇ' કહી ન બોલાવશો? શું આ વિશાળ લોકસમુહમાં મને 'ભાઈ' કહી ગળે વળગાડે તેવો કોઈ 'ભાઇ' હાજર નથી?

પાંચ દશ વૃદ્ધજનો આગળ આવ્યા અને તેમણે રાવબહાદુરને ઉઠાડતાં કહ્યું:—"ઉઠો, ભાઇ! ભગવાન દયામય છે. સાચા અંતઃકરણથી ક્ષમા ઇચ્છો. તે તમને ક્ષમા કરશે."

રાવબહાદુરે કહ્યું:—"હા, તે જરૂર ક્ષમા કરશે. તમારા અંતરમાં પણ એજ **દયામયનો** વાસ છે. તે હંમેશાં ધર્માત્માઓના હૃદયમાં જ નિવાસ કરે છે તે માટે તમે બધા ભેગા થઇને મને કહો કે 'અમે તારા સઘળા અપરાધની ક્ષમા આપી છે' આપની ક્ષમા મળતાં પ્રભુ પણ ક્ષમા કરશે."

વૃદ્ધોએ મોટેથી કહ્યું:—'અમે આપને ક્ષમા આપી છે!' હજારો કંઠોમાંથી એક ગગનભેદી રૂદન મિશ્રીત ધ્વનિ નીકળી પડ્યો:–'અમે બધાએ આપને ક્ષમા આપી છે.'

× × × ×

રાવબહાદુરે પોતાની તમામ માલમિલ્કત મહાત્માજીને હસ્તક "**તિલક સ્વરાજ્ય ફંડમાં**" ગરીબ મજુરોની ઉન્નતિ કરવાના કાર્યમાં વાપરવા આપી દીધી છે. તેનો ઉપયોગ મજુરો માટે ચાલીઓ ઉભી કરવામાં, તેમનાં બાળકોને શિક્ષણ આપવામાં, તેમને સસ્તું અનાજ પુરૂં પાડવામાં અને હરેક જાતની ઉન્નતિના કાર્યમાં કરવામાં આવશે. પોતાની ત્રણે મિલો તેમણે એક ટ્રસ્ટ બનાવી મજુરો અને પોતાના તરફથી નીમેલા સજ્જનોની એક કમિટિને હસ્તક મુકી છે. હવે મિલોના મજુરોને પગાર ઉપર નફામાંથી પણ મજુરીના પ્રમાણમાં હિસ્સો મળશે.

અને રાવબહાદુરે પોતે, સુધા અને રમેશ સાથે ચળવળમાં ખૂબ કામ કરવા માંડ્યું છે. તેઓ પ્રાંતિક સમીતીના પ્રમુખ હોવા ઉપરાંત અખીલ મહાસભા સમીતીના સભાસદ છે. આખો દિવસ અને રાત મહાસભાના કાર્યક્રમને આગળ ધપાવવા ખૂબ મહેનત કરે છે.

પ્રકરણ ૧૫ મું.

અજવાડાનો કાર્યક્રમ લોકોએ ઉત્સાહથી પુરો કરી આપ્યો છે. એક કરોડ રૂપીઆ એકઠા થઇ ગયા છે. એક કરોડ સભાસદો મહાસભાને ચોપડે નોંધાયા છે. હિંદનાં ઝુંપડે ઝુંપડાંમાં લાખો રેંટીઆઓ ફરી રહ્યા છે.

મહાસભાનો–મહાત્માજીનો, લોકોનો આ વિજય સરકારથી કેમ ખમાય? લોકોએ જેટલા ઉત્સાહથી મહાસભાના કાર્યક્રમને ધપાવ્યો તેટલા જ બળથી સરકારે દમનનીતિનો આશ્રય લીધો.

દેશમાં ચોમેર, પ્રાંતે પ્રાંતોમાં સખ્તી ચાલી રહી છે. જે કોઇ મહાસભાના કાર્યક્રમને ધપાવવા તનતોડ મહેનત કરે છે કે તરત જ તેને ઝડપી લેવામાં આવે છે. લાલાજીને, નહેરૂજીને, દેશપાંડેને, પેલા સિંહાસમા અલીભાઇઓને સરકારે ઠેર પાડયા છે. હજારો સ્વયંસેવકોને ઉઠાવી ગઈ છે. છતાં જનતા દાબી નથી શકાઈ.

અને પ્રજાની જાગૃતિને દમનનીતિ શું કરે? એક વાર પ્રજા અમુક હદ સુધી જાગૃત થઈ એટલે સખ્તીનાં પગલાં નિષ્ફળ જાય છે. કારણકે સખ્તી એ પ્રભુના જીવન-બળને પશુબળનું આહ્વાન છે. પ્રભુના જીવનને પશુબળ કોઇ કાળે જીતી શકે નહિ. એ જીવન તો ત્યારે જ ખૂટી પડે, જ્યારે અંદરથી સડો પેસે, પ્રજાનો પોતાનામાંથી વિશ્વાસ ઉઠી જાય, પ્રજા મોજશોખમાં પડી જાય. પ્રજા પ્રજાપણાને વફાદાર રહે તો સખ્તી ફોગટ છે.

સખ્તી એ પશુબળ ઉપર આધાર રાખે છે. સખ્તી એટલે નીતિનું દિવાળું. નીતિની સામે એ ઘડીભર ન ચાલી શકે. ઓસ્ટ્રિયાએ ઈટાલીમાં તેનો પ્રયોગ કર્યો અને મેઝીની, કેવુર અને ગેરીબોલ્ડી ઉત્પન્ન કર્યા. ઝારે રૂશિયામાં તેનો પ્રયોગ કર્યો અને રાજ્યવિપ્લવ પેદા કર્યો. ઇંગ્લાંડે આયલાંડમાં તેનો પ્રયોગ કર્યો અને સીનફીન ઉભું કર્યું. નોકરશાહીએ હિંદુસ્તાનમાં તેનો પ્રયોગ કર્યો અને અસહકાર હસ્તીમાં આણ્યો.

અને કંઈ સખ્તીથી પ્રજાનો આત્મા આ સ્વાતંત્ર્ય યુદ્ધને નહિ છોડી દે. ૧૯૦૬–૧૦ ની સખ્તીની ભઠ્ઠીમાંથી દેશ બહાર નીકળ્યો છે. માર્શલ લોની ભઠ્ઠી પણ તેણે સેવી છે. સખ્તીની રાજનીતિથી સરકારને થોડા સમય માટે કદાચ ફાયદો થાય પણ એનાથી ચળવળનો અંત આવે તેમ નથી, કારણકે શસ્ત્રોના ખણખણાટ અને મુત્સદ્દીઓની ચાતુરી કરતાં ઇતિહાસ વધારે સમર્થ છે, વધારે ચતુર છે.

ઇતિહાસ ગમે તેટલો સમર્થ હોય છતાં સરકારે તો દમનનીતિથી પ્રજાની ઇચ્છાઓને કચડી નાંખવા પુરેપુરો નિશ્ચય કર્યો છે. પ્રાંતેપ્રાંતનાં સ્વયં-સેવક દળોને ગેરકાયદેસર ઠરાવી લોકોને પકડવાની-જેલનો ડર બતાવવાની બાજી રચી છે. ચોમેર દમનનીતિ પુર જોરમાં ઉછાળો મારી રહી છે. નેતાઓ, નવયુવકો અને પ્રતિષ્ઠિત વ્યક્તિઓનાં ઝુંડનાં ઝુંડ માતૃભૂમિની વેદી ઉપર યથાશક્તિ બળિદાન આપી રહ્યાં છે. તિલક મહારાજે ત્યાગ કરી જે ભાવના-વૃક્ષનું બીજ નાંખ્યું હતું, તે મહાત્મા ગાંધીજીના સિંચનથી આજે ફળ આપી રહ્યું છે. દમનનો પ્રહાર સહન કરવા માટે હજારો વીર યુવકો ધપે જાય છે. ઉચ્ચ અને ખાનદાન કુટુંબની કુલ માતાઓ અને કુલ-બ્હેનો પણ રણક્ષેત્રમાં આવી જેલનું આહવાન કરી રહી છે. રાષ્ટ્રના સન્માન, તેની પ્રતિષ્ઠા અને તેના જીવનની રક્ષાર્થે સમર-ભૂમિમાં મોકલવા માટે સ્ત્રીઓ પોતાના પતિઓને, માતાઓ પોતાના પુત્રોને અને બહેનો પોતાના ભાઇઓને ઉત્સાહીત કરી રહી છે.

શહેરમાં સ્વયં-સેવકોનાં જુથનાં જુથ ખાદી વેચવા અને વેપારીઓને પરદેશી માલ ન વેચવા માટે સમજાવવા નીકળી પડતાં. એક ટોળી પકડાતાં તેની પછવાડે બીજી ટોળી નીકળતી. અનેક સ્વયં-સેવકો દરરોજ પકડાતા હતા; સ્ત્રીઓ પણ તેમની સાથે બહાર પડતી અને પકડાતી. સંયુક્ત પ્રાંતમાં જવાહીરલાલ નેહેરૂની આગેવાની નીચે યુદ્ધ જામ્યું હતું. બંગાળમાં સી. આર. દાસની આગેવાની નીચે હજારો સ્વયં-સેવકો દમનનીતિનો શાંતિ અને સંયમપુર્વક મુકાબલો કરી રહ્યા હતા. રમેશ પણ સ્વયં સેવક બની હસતે મોંઢે સુધાના અભિમાન અને આર્શીવાદ વચ્ચે જેલનો મહેમાન બન્યો હતો. અનેક યુવકો આ પ્રસંગે માતૃ-ભૂમિની મદદે કેસરીઆં કરી રહ્યા હતા. હિંદીઓનું મોંઢુ બંધ કરવામાં આવે, સેવા સંઘો વિખેરી નાંખવામાં આવે અને વર્તમાનપત્રોને મોંઢે ડુચા મારવામાં આવે તેની સામે યુવકો તીડોની માફક ઉલટી પડયા હતા.

× × × ×

રાવબહાદુર પ્રાંતીક મહાસભા સમીતીની ઓફીસમાં સ્વયં-સેવકોનાં નામો નોંધી રહ્યા હતા, ત્યાં પોલીસ ઈન્સ્પેકટરે દાખલ થઈ નીચેની નોટીસ તેમના હાથમાં મૂકીઃ તેમણે સહી કરી આપી નોટીસ વાંચવા માંડીઃ—

"મને ખબર મળી છે, કે પ્રાંતિક મહાસભા સમીતી તરફથી આપ સ્વયં-સેવકનાં જુથ વિખેરી નાંખવાના સરકારના હુકમ સામે એક જાહેર સભા ભરવાની ગોઠવણ કરી રહ્યા છો. એનાથી 'ન્યાયથી સ્થાપીત થએલી' સરકારના કાર્યમાં

અને જનસમાજની વ્યક્તિગત સ્વતંત્રતામાં અડચણ નીવડવાનો ભય રહે છે. એ કારણથી આપને સુચના કરવામાં આવે છે કે આપને (શ્રી. કેશવલાલ, પ્રમુખ પ્રાંતિક સમીતી, મુંબઇ) આજથી છ માસ સુધી ૧૪૪ મી કલમ અનુસાર હું (જીલ્લા માજીસ્ટ્રેટ) આપને વ્યાખ્યાન ન કરવાની આજ્ઞા કરૂં છું."

આજ સાંજે પ્રાંતિક સમીતીના આશ્રય નીચે સ્વયં-સેવકોના જુથને ગેરકાયદેસર ઠરાવવાના સરકારના કૃત્ય સામે વિરોધ દર્શાવવા અને કલકત્તામાં દેશબંધુ દાસને પકડવામાં આવ્યા હતા તે સંબંધમાં દેશબંધુને મુબારકબાદી આપવા એક જાહેર સભા રાવબહાદુરના પ્રમુખપણા નીચે મળવાની હતી; ત્યાં તો આ નોટીસ આવી પડી. રાવબહાદુર ઘણા પ્રસન્ન થયા, કારણ કે સરકારની આજ્ઞાનો અનાદર કરી જેલમાં જવાની ઘણા કાળથી તેમને ઇચ્છા હતી. આજે એ અવસર એની મેળે પ્રાપ્ત થયો. રમેશ જેલમાં હતો: આજે રાવબહાદુર જેલમાં જવાનું સૌભાગ્ય પ્રાપ્ત કરવાના હતા. સુધાના આનંદનો, અભિમાનનો પાર ન હતો.

સાંજે ચોપાટી ઉપર એક મહાન સભા ભરાઇ હતી. રાવબહાદુર ઉપરની નોટીસની હકીકત શહેરમાં ચરચાઇ હતી. લોકો રાવબહાદુરને સાંભળવા અને અભિનંદવા મોટી સંખ્યામાં હાજર હતા.

સભાનું કામકાજ શરૂ થયું. રાવબહાદુરે પ્રમુખસ્થાન સ્વીકારતાં તાળીઓના પ્રચંડ અવાજ વચ્ચે શરૂ કર્યું:—

"એવું કહેવાય છે, કે હિરણ્યકશ્યપના રાજમાં હરિચર્યા કરવાની મનાઇ હતી. ભક્તરાજ પ્રહલાદની સેવા રાજાને ગેરકાયદેસર લાગતી હતી. કંસના રાજમાં તપસ્વી, ધર્માત્મા, દેશસેવકો અને બ્રાહ્મણોનાં જુથ ગેરકાનુની હતાં. રાવણના રાજ્યમાં દાન, યજ્ઞ, તપ, વ્રતાદિ રાજદ્રોહી અને બીન કાયદેસર હતાં. એ બધાનું પરિણામ શું આવ્યું તે કોઇથી છુપું નથી. હાલમાં સરકારે રાષ્ટ્રીય સ્વયં-સેવક દળને ગેરકાયદેસર ઠરાવીને સેવાધર્મ ઉપર હાથ નાંખ્યો છે. સેવાધર્મ એ હિંદુ ધર્મનો સાર છે. ઇશ્વર, ગૌ, બ્રાહ્મણ અને અતિથી; પિતા, માતા, કુટુંબી, દુઃખી અને નિર્બળ પ્રાણીની સેવામાં જ હિંદુ ધર્મની શોભા સમાએલી છે. રાજનૈત્તિક ભાષામાં ચાહે તો તેમને રાષ્ટ્રીય સેવક કહો અથવા ચાહે તો ધર્મ-સેવક કહો; હિંદીઓનું તો ધર્મ અને સેવાધર્મ એજ જીવન છે. એ કારણથી હિંદીઓ આજે સાફ સાફ કહી દે છે કે નોકરશાહીનો આ હુકમ હિંદીઓને કર્તવ્ય ભ્રષ્ટ કરશે તો તે ભૂલે છે. સરકારે તો આટલા ધડા પછીથી પોતાનો રહ્યો-સહ્યો ભરમ જાળવીને તે હુકમને પાછો ખેંચી લેવો ઘટે છે. જો ઇશ્વર, ગૌ

અને બ્રાહ્મણોની સેવા કરવાનું ગેરકાયદેસર હોય તો ભલે હોય; જો અન્યાયીઓથી નિર્બળોની રક્ષા કરવાનું કાર્ય કાનુન-ભંગ ગણાય તો ભલે ગણાય; અથવા વૃદ્ધ પિતા, કુટુંબ અને મેમાનોની સેવા કરવાનું, કોઇ બિમાર આદમીને ઔષધિ આપવાનું, ડુબતાને બચાવવાનું અને દેશ તથા ધર્મને માટે મરી ફીટવાનું કાર્ય નોકરશાહીની નજરે ગેરકાદેસર અને રાજદ્રોહી હોય તો ભલે હોય; તેને માટે હિંદીઓ જેલમાં જવાને ખુશી છે, ફાંસીએ લટકવા માટે રાજી છે.”

લોકોએ અત્યંત શાંતિથી રાવબહાદુરને સાંભળ્યા. બીજાં ઘણાં ભાષણો થયાં પણ રાવબહાદુરના આજના વક્તૃત્વે આખી મેદનીનાં હૃદય જીતી લીધાં હતાં.

તેજ રાતે અગિઆર વાગે રાવબહાદુરને માજીસ્ટ્રેટના હુકમનો અનાદર કરવાના વાંક માટે પકડવામાં આવ્યા. રાવબહાદુર ઉત્સાહથી પોલીસને શરણે થયા. બીજે દિવસે તેમને એક વરસની આસન કેદ મળી.

આજે સુધાની પતિ અને પુત્રને દેશને માટે રણાંગણમાં મોકલવાની ઇચ્છા સફળ થઇ. આજે સુધા કૃતાર્થ થઇ. એકલી છતાં પિતા પુત્રના ઉત્સાહને યાદ કરતી સુધા અભિમાનથી ગણગણતી:

“જય કલગીએ વળજો પ્રિતમ,
ભીંજીશું ફાગે ચિર;
નહિ તો વીરને આશ્રમ મળશું,
હો સુર-ગંગાને તીર”—મ્હારા.

× × × × ×

પણ આ સર્વ સમારંભ વખતે ગુજરાત કયાં હતું? સ્વ. મલબારીએ વર્ષો પૂર્વે ગુજરાતને પ્રાર્થના કરી હતી:

“હાય! કેમ જીવાય પરાધીન આ સ્થિતિમાં?
ફૂટી પડે અવતાર ગુલામી દેખીતી હા!
માડી ઉઠ કર જોડ ક્ષમા માગી લે વ્હેલી,
કર્તવ્યે પડ બ્હાર હિંદમાં સહુથી પ્હેલી.”

આમ વર્ષો થયાં ગુજરાતને માથે એક આરોપ હતો. ગુજરાત-ગુજરાતની પ્રજા સુસ્ત, નમાલી, ભાજીખાઉ છે, તે કદિ પણ દેશને મદદરૂપ થવાની નથી-સ્વરાજ્ય પ્રાપ્તીના કાર્યમાં ગુજરાત કશોયે ફાળો આપી શકે તેમ નથી, એમ કહેવાતું. આ આક્ષેપો ખોટા ન્હોતા. ૧૯૦૬-૭ માં બંગાળામાં ભારે અશાંતિ વ્યાપી રહી હતી ત્યારે ગુજરાત શાંત હતું. બંગા-

ળાના ભાગલા વખતે આખું બંગાળ ખળભળી ઉઠ્યું હતું. યુવાન બંગાળીઓને આ અપમાન અસહ્ય થઇ પડ્યું હતું. તેઓની સ્વદેશભકિતએ ઉગ્ર રૂપ ધારણ કર્યું હતું. પરિણામે બંગાળામાં ભયંકર અત્યાચાર શરૂ થયા. અનેક નિર્દોષોના જાન ગયા. અધિકારીઓ ગભરાઇ ગયા અને શાંતિ સ્થાપવા તેઓએ તેની સામે સખત પગલાં લેવાં શરૂ કર્યાં. નિર્દોષ કે દોષિત સૌ કોઇ આ સખ્તાઇના પંજામાં ફસાવા લાગ્યાં. કેદ, દેશનિકાલ અને ફાંસીની સજાઓ ટપોટપ થવા માંડી. આમ આખું બંગાળ અશાંતિનો ભોગ થઇ પડ્યું હતું. કોણ, ક્યારે, ક્યાં હશે એ અનિશ્ચિત હતું. શાંતિ ક્યાંયે નહોતી.

એ વખતે મહારાષ્ટ્રમાં તિલક અને તેમના અનુયાયીઓની ચળવળ ચાલુ હતી. યુવાન પ્રજામાં દેશભકિતનાં બીજ રોપાઈ ચૂક્યાં હતાં. કર્મસંજોગે લોકમાન્યને ત્રીજીવાર પકડવામાં આવ્યા અને ૭ વર્ષની સજા થઈ. બંગાળાની અશાંતિથી ઉત્તેજીત થએલા યુવાનો વધારે ઉશ્કેરાયાઃ ઠામઠામ મંડળો સ્થપાવા લાગ્યાં અને સ્વદેશસેવામાં જીવન અર્પણ કરવાની પ્રતિજ્ઞાઓ લેવાઈ.

બંગાળ, મહારાષ્ટ્રની આ જાગૃતિ દરમિયાન ગુજરાત શાંત હતું. જાગૃતિ, ચેતન, ઉત્સાહ ગુજરાતમાં ક્યાંયે ન્હોતાં.

રાજપ્રકરણમાં ગુજરાતનો ફાળો બહુ જ ઓછો ગણાતો. જમીન મહેસુલની બાબતમાં નામદાર ગોકળદાસ પારેખ અને ફરજીઆત કેળવણીની બાબતમાં શ્રી. વિઠ્ઠલભાઈ પટેલે નામ કાઢેલાં, પણ તેટલા પરથી રાજપ્રકરણમાં ગુજરાતે પૂરતો રસ લીધો એમ કહેવાય તેમ નહોતું.

પણ દક્ષિણ આફ્રિકાથી ગાંધીજીના આવ્યા પછી સ્થિતિ ફેરવાઈ ગઈ. ગુજરાત 'ગાંધીનું ગુજરાત' બન્યું. ગુજરાતે 'ગરવી' પદને શોભાવ્યું. આરંભથી જ ગુજરાતે ગાંધીજીને તેમની દરેક પ્રવૃતિમાં સાથ દીધો.

ચંપારણથી ગાંધીજી પાછા આવ્યા પછી ખેડાના ખેડુતોએ સત્યાગ્રહનું રહસ્ય સાનમાં સમજી લીધું. અને આખર સુધી પોતાની ટેક જાળવી. મજૂરોની બાબતમાં પણ કાયમના સમાધાનનાં બીજ વવાયાં અને સ્વચ્છ લડતના પ્રથમ પાઠ મજૂરો તેમજ મીલમાલેકો શીખ્યા.

રોલેટ એકટની સામે પ્રજાનો તિવ્ર સત્યાગ્રહ શરૂ થયો અને ગરીબના બેલી પકડાયા ત્યારે ગરીબ પ્રજા ભાન ભૂલી, પણ પ્રજાએ તરત જ તેનું પ્રાયશ્ચિત કર્યું. એજ અરસામાં સરકારે 'સુધારા' આપવા કાઢ્યા હતા, તેમાં પ્રજાનો જ કક્કો ખરો કરાવવા મહાસભા તરફથી જે વિરાટ અરજી

ઘડવામાં આવી તેને લગતી હીલચાલ પણ ગુજરાતે નમૂનેદાર ઢબે કરી. વિદુષી એની બેઝંટની દેશસેવાની કદર બૂઝી તેમને કેદમાંથી છોડવવાનો દેશમાં જે સબળ પ્રયાસ થયો તેમાં પણ ગુજરાતનો હાથ મોટો હતો. ઓરિસ્સામાં જ્યારે મોટો દુષ્કાળ પડયો ત્યારે આખા હિંદુસ્તાનની એકતા ઓળખી ગુજરાત તેની મદદે ધાયું. પંજાબના અત્યાચાર પછી જલિયાનવાલા બાગમાં રેડાએલ હિંદુ–મુસલમાનનાં નિર્દોષ લોહીનું સ્મારક કરવામાં ગુજરાતે ઓછો ઉત્સાહ બતાવ્યો નહોતો.

પંજાબની તપાસ પૂરી થયા પછી પંજાબના અન્યાય વિષે અને ખિલાફતને લગતા દગા વિષે અસહકાર શરૂ થયો તેમાંથી હાલની હીલચાલ જાગી ત્યારથી ગુજરાત સોળે કળાયે પ્રકાસ્યું હતું. બીજા પ્રાંતો કરતાં ગુજરાતે કેળવણીમાં અસહકાર વધારે સારા પાયા ઉપર કરી બતાવ્યો. ધારાસભાઓનો બહિષ્કાર ગુજરાતે લગભગ એકે અવાજે કર્યો. વકીલાત છોડવામાં પણ ગુજરાતની યાદીમાં પહેલી પંક્તિનાં નામો છે. ત્યાર પછી બેજવાડાનો કાર્યક્રમ આવ્યો. દેશબંધુ દાસે તેને સ્વરાજ્યના દારૂગોળાને નામે ઓળખાવેલો. પ્રજાની સ્વરાજ્ય વિષેની શ્રદ્ધાની એ પરીક્ષા હતી. તિલક સ્વરાજ્ય ફાળામાં પહેલા દરજ્જાનું ઉઘરાણું કરી ગુજરાતે ગાંધીજીની અને દેશની લાજ રાખી.

ધર્મની બાબતમાં ગુજરાત બનતા સુધી જૂની રૂઢીને માન આપતું આવ્યું છે. છતાં ગુજરાતે અંત્યજો ઉપર ગુજરતો જુલમ જુલમ તરીકે ઓળખ્યો અને મોટે ભાગે અસ્પૃશ્યતા કાઢી નાંખી.

ગુજરાતની વર્તમાન ચળવળ યોગ્ય હો કે ન હો; તેને યશ મળો કે ન મળો; એ અંદાજ કાઢવાનું કામ અમારૂં નથી, એ અંદાજ તો ભવિષ્યમાં ઇતિહાસકાર આંકશે, પણ ગુજરાત જાગ્યું હતું એ નિઃશંશય હતું. ૧૦–૧૨ વર્ષ પૂર્વે જે ગુજરાત સૌથી પાછળ, દેશભક્તિમાં મંદ ગણાતું તે જ ગુજરાત તરફ આજે આખો દેશ આશા ભરી આંખે જોઈ રહ્યો હતો. આખી બ્રિટિશ સલ્તનતની નજર ગુજરાત શું કરે છે ને શું કરશે એ તરફ લાગી રહી હતી.

અધૂરામાં પૂરૂં ગુજરાતે મહાસભાને પોતાને આંગણે આમંત્રી હતી. મહાન ગુજરાતીની આગેવાની નીચે ગુજરાતીઓ સ્વરાજ્યનો ઝુંડો હિંદમાં પહેલ વહેલો સાબરમતીના કિનારા પર રોપવા તળે ઉપર થઇ રહ્યા હતા.

દરેકના હૃદયમાંથી ગુજરાતનો જયજયકાર નીકળી પડતો હતો:

" અરે, એ ઓજસનો અંબાર,
ભરતો મા ! તારા ભંડાર;
ગજવશે જગમાં જયજયકાર.
ગુર્જરી કોણ કહે કંગાલ ? "

પ્રકરણ ૧૯ મું.

સાબરમતીના કિનારા પર એલીસ બ્રિજ પાસે મહાસભા માટે એક ભવ્ય મંડપ બાંધવામાં આવ્યો હતો; પાસે પ્રતિનિધિઓને માટે વસવા માટે ખાદીનગર બાંધવામાં આવ્યું હતું.

મહાસભાનું અધિવેશન એ ગુજરાતીઓને માટે દુર્લભ પ્રસંગ હતો. ભારતમાતા પોતે, પોતાની તમામ વિભુતિઓ સાથે ત્યાં પધારે છે. ગુજરાતે એ મહત્વ બરોબર સમજી લીધું હતું, અને એ પુણ્યદર્શનને યોગ્ય સમારંભની રચના કરી હતી. આ કોઇ ગુલામ પ્રજાનો ભાંગી તૂટી મહુલી પાસે મળેલો મેળો નહતો, પરંતુ ચક્રવતિ હર્ષવર્ધન રાજાનાં વખતમાં પવિત્ર ત્રિવેણી સંગમ પર પ્રયાગરાજમાં જે કુંભમેળો થતો હતો તેનું પુનર્દર્શન કરાવવાનો પ્રયત્ન હતો.

'કનક કોટ ચળકારા કરે, મણીમય રત્ન જડયાં કાંગરે' એવું દ્વારામતી જેવું સુંદર દર્શન પુલ ઉપરથી મંડપનું થતું હતું. મિનારા, ધજા પતાકા અને ગુલાબી ખાદીની ઝુલો અને પડદા આંખને ઠારતા હતા. ત્રણે દિવસ પ્રાતઃકાળથી ટકોરખાનાના માંગલીક દુદુંભી નાદ કાનમાં જાણે અમૃત રેડી રહ્યા હતા.

સ્વરાજ્ય દ્વારમાં પેસતાં જ સુંદર ફુવારો હતો. તેમાં ત્રિશુળની સાથે હિંદદેવી ભારતકુંવરને કામધેનું જેથી પ્રજાની સેવા કરવા માટે આર્શીવાદ આપી રહ્યાં હતાં. બાજુ પર બંદુક સાથે ઉભેલો સોલ્જર હતો, પરંતુ એની પાછળ જ સાપ હતો. એ દેખાવ એવું સુચવતો હતો કે કેવળ શસ્ત્રબળની પાછળ તો ઝેર જ રહેલું છે, અને એ ભયંકર છે. આખો મંડપ ફુલો, પાન, અને કુંડાંઓથી શોભી રહ્યો હતો. ઠેકાણે ઠેકાણે સુદ્રા લેખો, મહાન પુરૂષોની છબીઓ અને ચિત્રો દૃષ્ટિગોચર થતાં હતાં.

પ્રતિપળ મહાસભામાં મનુષ્ય–ભરતીનો જુવાળ ચઢયે જતો હતો.

મહાસભા એટલે રાષ્ટ્રીય મહામેળો. પ્રાંત પ્રાંતના મિત્રો હળવા મળવાનો અલભ્ય લાભ આ મહામેળામાં વરસે વરસે મેળવે છે. પણ સામાન્ય મેળામાં ને આ મેળામાં ભારે મોટો ફેર છે. સામાન્ય મેળામાં તબીઅતના

સમાચાર પૂછાય, વધારે પરિચય હોય ત્યાં સૈરાં છોકરાંના કુશળ વર્તમાન પૂછાય, પણ રાષ્ટ્રીય મહામેળામાં તો સહુ રાષ્ટ્રના સેવકો જ મળે એટલે રાષ્ટ્રહિતનઃ પ્રશ્નો સામસામા મળતી વેળાએ પૂછાતા. પણ ઓણના મહામેળામાં તો પ્રથમ ભેટ વેળાના પ્રશ્નોત્તર કંઈ ઔર હતા. " તમે કેમ હજુ સુધી છૂટા ? " " ફલાણાભાઇને મૂકી આવ્યાને ? " " અમુક ભાઇ કરતાં તમારે તો વહેલું પકડાવું જોઈતું હતું ? " " તમારાં તે કેવાં કમભાગ્ય કે હોઠ સુધી આવેલો કોળીઓ ગયો ? " " પકડાયા પછી તે વળી છૂટી અવાતું હશે ? " આવા આવા સવાલોથી જ્યાં ત્યાં એક બીજાને વધાવતા 'સંતનડી' આદીનગરમાં 'ભીર ભયી' હતી !

એકે એક પ્રાંતના પ્રતિનિધિઓ ખરા રંગમાં હતા. જેલ જવાની તો જાણે હરિફાઈ ચાલી રહી હતી. પાછળ રહેનારા શરમાતા હતા. વહેલા ઘેર જઇને કામે વળગવાની વૃત્તિ દરેક પ્રાંતની છાવણીમાં નજરે પડતી હતી.

'હર જગાએ આગેવાનોને વીણી વીણીને કેદ કરવામાં આવે છે. પાછળ જોરપૂર્વક કામ ચાલૂ રહેવું જ જોઇએ. સરકારી નીતિને પરિણામે મહાસભાના યંત્રોના અંગભૂત ઘણાખરા અથવા બધા કાર્યકર્તાઓ જેલવાસી હોય તેવા સંજોગોમાં મહાસભાનું કાર્ય શી રીતે ચલાવવું,' એ પ્રશ્ન સૌ કોઇની આંખ સામે તરી રહેલો જણાતો હતો. યુદ્ધમાં કઇ વખતે કેવા સંજોગો આવે એ કોણ કહી શકે ? સેનાનાં સૂત્રો સાચવવાના કામને તેવે વખતે મહાસભાનાં ધારાસરનાં મંડળો પહોંચી વળી શકશે ? આ પ્રશ્ન સહુની સામે ખડો હતો.

આગેવાનોમાંથી ઘણા સ્વતંત્ર થયા હતા—જેલમહેલ નિવાસી થયા હતા. પં. મોતીલાલ નેહરૂ નહતા તેમ લાલા લજપતરાય ન હતા; દેશબંધુ દાસ ન હતા તેમ મૌ. અબુલકલામ આઝાદ પણ ન હતા. અને રાજગોપાલાચાર્યને તો હજુ હમણાં જ ત્રણ મહિના મળ્યા હતા. એટલે મોટા સ્તંભરૂપ આગેવાનો હાજર હોત તો તેમની સલાહ આજને વખતે અમૂલ્ય થઇ પડત એ ખરૂં, પણ તેમની ગેરહાજરીની અસર કંઇ ઓછી ન હતી. તેમણે પોતાની ગેરહાજરીથી પાછળ રહેલાંને વધુ સાવધાન અને ગંભીર બનાવ્યાં હતાં. તેઓ જેલમાં રહ્યા રહ્યા પાછળ રહેલાઓનાં દીલને જેલ બહારની ગુલામીના ઝેરથી ભરેલ દુષિત હવામાંથી પોતાની તરફ આકર્ષી રહ્યા હતા.

સૌમાં વકીલો ધ્યાન ખેંચતા હતા. આખું વરસ વકીલોનું નામ લોકોના મોંઢા ઉપર જ રહ્યું હતું. એક વખતે દેશની આગેવાની કરવાનો

જેમણે લગભગ ઈજારો લીધો હતો, તેમની સરખામણી જૂના જોડા સાંધનાર ચમારની સાથે થાય અને એ સરખામણીમાં પણ તે ઉતરતા ઠરે, એ કેવી દેવની ગતિ? બિચારાઓએ બધું મુગે મોંઢે સહન કર્યું. પણ આ વખતે તેમની દેશસેવાની કંઈ કદર થઇ, પણ આગેવાની ગઇ તે ગઈજ, એ ખુલ્લું જણાતું હતું.

જેની નિંદા થાય છે તેનું તપ વધે છે એમ શાસ્ત્રમાં લખ્યું છે. આપણા મૉડરેટ ભાઇઓનું પણ તેમજ થએલું જણાતું હતું. તેમની સામેનો અણગમો હવે સારી પેઠે ઉતરી ગયો હતો અને લોકો તેમના પર બદહેતુનો આરોપ મૂકતા બંધ થયા હતા. 'વિનીત પક્ષવાળા પણ આપણા ભાઈ છે. તેમણે અત્યાર સુધી દેશની નાનીસુની સેવા નથી કરી. સુરેન્દ્રનાથ બાનરજી જેવાએ પોતાના જમાનામાં અપૂર્વ સ્વાર્થત્યાગ કરી દેશસેવાની એક આખી પેઢી તૈયાર કરી એ આપણાથી કેમ ભૂલાય' એ હવે લોકો જોતા થયા હતા. વિનીતો પણ સમજી ગયા હતા કે સરકારની સાથે રહેવાથી સરકારનાં બધાં દુષ્કૃત્યોનું પાપ તેમને શિર આવે છે.

આમ અમદાવાદની મહાસભામાં વિવિધતા તરી આવતી હતી.

મહાસભાની બેઠક મળતા પહેલાં વિષય વિચારિણી સમીતીને રસોઈ પુરી કરવાની હતી. સમીતીની બેઠક જુદો જુદો રંગ ધારણ કરતી હતી. કોઇકિવાર હિંસા–અહિંસા પર ચર્ચા ચાલતી, તો કોઇવાર વળી હિંદુ–મુસલમાનની એકતાની તજવીજ ચાલતી; ઘડીમાં વકીલોનો સવાલ નીકળે તો ઘડીકમાં વિનીત દળનો. દરેક પક્ષ વચ્ચે મીઠાશ ઓર હતી. સમીતીનું વાતાવરણ 'ધ્યેય' મય હતું અને તેથીજ મહાસભાના ધ્યેયનો સવાલ ચર્ચા માટે આવ્યો ત્યારેજ ડોળંડોળ થતી બધી ચર્ચા ઠેકાણે આવી. શાંતિમય માર્ગનો સવાલ આજે બિલકુલ અધરો રહ્યો ન હતો. આપણે સામ્રાજ્યની અંદર રહેવા માગીએ છીએ કે બહાર એની જ મુખ્યત્વે ચર્ચા ચાલી હતી.

સામ્રાજ્યોથી આખી દુનિયા અકળાઇ રહી છે. તો પછી મહાસભાના ગરમ પ્રતિનિધિઓ સામ્રાજ્યની અંદર રહેવા વિષે ઇન્તેજારી ન બતાવે તો તેમાં શી નવાઈ?

વળી જુદા જુદા પક્ષોની એક પંચાત બેસાડવાની પંડિત માલવિયાજીની પેરવી એ પણ સમીતીની સામે નિર્ણયનો મુખ્ય વિષય હતો. લોકોનો પક્ષ રહ્યો સત્પક્ષ એટલે તેઓ પોતાનો આગ્રહ છોડે નહિ અને સરકારનો પક્ષ એટલે સત્તાનો પક્ષ એટલે તેઓ પણ રાજી થઇને નમતું આપે નહિ. આવી

દશા થઇ પડે ત્યારે કોઇને કોઇ એકે માન અપમાન કોરે મેલી વચ્ચે પડવું જરૂરી થઇ પડે છે. **પંડિતજી પ્રથમથી** જ વિષ્ટિની વાતમાં પંકાએલા હતા. લોકોના માનીતા આગેવાનો સરકારના કાયદાઓ તોડે અને સરકાર તેમને ટપોટપ જેલમાં પૂરી દે એ **પંડિતજી** ન તો સહન કરી શકતા કે ન તો વખોડી શકતા હતા. તેથી તેમણે બંને પક્ષ વચ્ચે ફડચો લાવવા માટે **વાઇ-સરોય** સાહેબ પાસે એવી 'બેઠક' માગી લીધી, **ગાંધીજીને** તારો કર્યા, જેલમાં જઇ બીજા આગેવાનોને મળ્યા, ૨૪ મીની કલકત્તાની હડતાળ મોકુફ રાખવાની વિનંતી કરી પણ **શાહજાદાના** ભાગ્યમાં હડતાળ લખાએલી તે કેમ ટળે ?

વિષ્ટિની વાતો તો હંમેશાં ગોપનીય હોય છે. પણ લોકસત્તાના આ દિવસોમાં દરેક વસ્તુ કુંભારની વહુની પેઠે જાહેરમાં આવવાની જ.

સરકાર ભૂલ કરે; ભૂલની સામે થાય તેને જેલમાં પૂરી દે, પોતાની આબરૂ જવાનો વખત આવ્યો તે વખતે પણ વિષ્ટિ કરવા માગનાર ભલા માણસ સાથે મગરૂરી બતાવે. આવી દશામાં પણ **મહાસભાએ** વિષ્ટિનો લોભ શા માટે રાખવો ? એવો **મહાસભાના** પ્રતિનિધિઓનો મત હતો. પાણી વલોવ્યે માખણ થોડું જ નીકળવાનું હતું ? બે ચાર પરપોટા પેદા થાય. શું પ્રજાએ પરપોટા પરજ રાજી થવું ? રાષ્ટ્રને પણ પોતાની આબરૂ હોય છે. ડૂબતો માણસ એક તણખલું પણ ઝાલવા જાય છે. આજે ડૂબી જવાની અણી પર કોણ છે ? નૂતન પ્રાણથી સ્ફુરતી, આત્મશુદ્ધિના તેજથી ઝળહળતી **મહાસભા** ?

પ્રતિનિધિઓ **પંડિતજીને** કહેતા: બેશક, **મહાસભાએ** બળવાનો ઝંડો ઉઠાવ્યો છે. પણ તે બળવો તો **વાઇસરોયે** માગી જ લીધો છે, અને તે ઝંડો અહિંસાધર્મના **મેરૂપૃષ્ઠ** ઉપર ખડો છે. સરકારને વિષ્ટિ કરવી જ હોય તો **મહાસભાનાં** બારણાં કયાં બંધ છે ? સુલેહ કરવાની ખુશી તો આપણે પહેલેથી જ બતાવી છે. સુલેહની ઇચ્છાને લીધેજ આપણે અત્યારસુધી સબુરી પકડી છે. અને શાંતિરૂપ માણસને જ આપણે કુલ અખત્યાર આપ્યો છે. એથી વધારે શું જોઇએ છે ?

વિષય વિચારિણી સભાએ પોતાની રસોઇ પૂરી કરી એટલે **મહા-સભાની** ઐતિહાસિક બેઠક મળી.

મહાસભાનો શણગાર અત્યંત સુંદર હતો; સુંદરતાવાળો હતો. સુંદરતા હતી, પણ ભભકો નહોતો. પૃથ્વીનાં બાળકો ગુંથીને બનાવેલો 'વંદેમાતરમ'

નો મહામંત્ર મધ્યમાં વિરાજેલો હતો. પડદાનશીન સ્ત્રીઓને માટે બનાવેલો માળ વિમાનની શોભા આપતો હતો. ભારતમાતાની તપસ્વી છબી ગાંભીર્ય અને ભક્તિ પ્રસરાવતી હતી. ફુલોની જાળીઓ શોભાની સાથે પવિત્રતા સૂચવતી હતી. મહાસભામાં સર્વત્ર સ્વાર્થત્યાગ અથવા ત્યાગવૃત્તિની જ છાપ દેખાતી હતી. અને તેમાંયે ખુદ ગાંધીજી તો ત્યાગવૃત્તિની પ્રતિમા જ હતા. મહાસભાના શુભ્ર શુદ્ધ ખાદીમય એવા મંડપમાં જે વેળા તેઓ પ્રવેશ કરતા તે વેળાએ એક પ્રકારનો વિદ્યુતસંસાર સર્વત્ર થએલો દેખાતો હતો. મહાત્માજીની તપશ્ચર્યા વડે કૃશ થએલી તેમની શરીરયષ્ટિ અને ફક્ત કમ્મરની આસપાસ ગોઠણ સુધી કેવળ અપરિહાર્ય તરીકે લીધેલું આવરણ, નિશ્ચયી પણ શાંત એવી તેમની તેજસ્વી મુદ્રા જોઇને પ્રત્યેકના અંતઃકરણમાં એક પ્રકારની પવિત્ર ભાવના ઉત્પન્ન થતી હતી.

મહાસભાના મંડપમાં આ ત્યાગવૃતિનાં દર્શક એવાં અનેક ચિત્રો આ વખતે ટાંગવામાં આવ્યાં હતાં. મહાત્મા ગૌતમબુદ્ધનું ચિત્ર હતું. પણ લોકોના અંતઃકરણ ઉપર તો દધીચિ ઋષિ ઇંદ્રને વજ્ર તૈયાર કરવા સારૂ પોતાના અસ્થિનું દાન કરે છે એ ચિત્રે સારી અસર કરી જણાઇ. મહાત્માજીની વૃત્તિ તરફ જોતાં જ તેજ ચિત્ર આપણે પ્રત્યક્ષ સૃષ્ટિમાં જોઇએ છીએ એવો ભાસ થયા સિવાય રહેતો નહીં. જાણે કે અખિલ રાષ્ટ્રના હાથમાં પોતાની આ અનત્યાચારી અસહકારિતાના પુણ્યનું ઉદક છોડીને ધાર્યું લક્ષ્ય વીંધવાને સમર્થ એવું વજ્ર તૈયાર કરવા સારૂ સર્વસ્વનો ત્યાગ કરનારા આ પ્રત્યક્ષ દધીચિ ઋષિ આ કાળમાં ઉત્પન્ન થયા છે એમ લાગતું. અને ભવિષ્યકાળના ઇતિહાસનું કલ્પના ચિત્ર જો કોઇ આલેખે તો ઉપલી બીના અક્ષરસઃ ખરી થાય–થવા જેવી છે.

ટુંકામાં, આ વખતની મહાસભા લડાઇનો આરંભ થઇ એ ચાર કદમ વધ્યા પછી આપણે હવે કઇ જાતનો દાવ નાંખવો એ નક્કી કરવા સારૂ એકત્ર મળેલા સેનાપતિઓની સભાના જેવી લાગતી. નોકરશાહીએ ચાલુ કરેલી દમનનીતિના ભુતને દાટી દેવાનો માર્ગ મહાસભાએ મુકરર કરી આપ્યો અને પોતાનું ચડાઇનું ધોરણ ઠરાવ્યું. મહાત્માજીએ મુખ્ય ઠરાવ ઉપરના પોતાના વ્યાખ્યાનમાં સ્પષ્ટ ઇસારો કર્યો: "આ ઠરાવ તે સરકારને નમ્ર એવું આવ્હાન છે. પણ આ આવ્હાનનું શસ્ત્ર કોઇ પણ કારણથી પાછું ખેંચી લેવામાં આવનાર નથી. જ્યાંસુધી મતસ્વાતંત્ર્ય અને સંઘસ્વાતંત્ર્ય, આ બે ફેફસાં બંધ કરવાનો પ્રયત્ન સરકાર કરતી રહેશે ત્યાંસુધી આ શસ્ત્ર

પાછું ખેંચવાનું નથી. ભાષણસ્વાતંત્ર્ય અને મતસ્વાતંત્ર્યપર ફટકો મારનારી આ સત્તા નષ્ટ થવી જ જોઇએ અને પોતાને હિંદી કહેવડાવનાર એક પણ સ્ત્રી અથવા એક પણ પુરૂષ જ્યાંસુધી હિંદુસ્તાનમાં જીવંત છે ત્યાંસુધી તે વ્યક્તિના દ્રઢ નિશ્ચય આગળ, ધૈર્ય આગળ અને પુણ્યાઈ આગળ એ સત્તાને નમવું જ પડશે અને પશ્ચાતાપ કરવો જ પડશે."

શ્રીમતી **સરોજિની નાયડુએ** પણ આ ઠરાવને અનુમોદન આપતાં દિવ્ય ભાષણ કર્યું: 'હું સ્વાતંત્ર્યનો પોકાર કરૂં છું. ચાલુ લડતમાં હિંદુસ્થાન એક કદમ પણ પાછું લેવાનું નથી. આ સરકારને આવ્હાન છે. સૂર્યને તારી દિનચર્યા બંધ કર એમ કહેવું, ગંગાનો પ્રવાહ બંધ કર એવી ગંગાને પ્રાર્થના કરવી, તારાઓને ન પ્રકાશવાની આજ્ઞા કરવી એ જેટલું અશક્ય તેટલું જ સ્વયં–સેવક થશો નહીં, એમ હિંદી યુવાનોને કહેવું અશક્ય છે." ટુંકામાં, મહાસભાના નિર્ણયનો સાર ટુંકામાં કહેવો હોય તો નોકરશાહીની દમનનીતિ વિરૂદ્ધ **શાંત બળવાનું નિશાન** મહાસભાએ ઉભું કર્યું. અને સરકારી હુકમથી બંધ કરેલી સભાઓ ભરીને તેમજ સ્વયં–સેવકનાં મંડળો ઉભાં કરીને તુરંગમાં જવાની તૈયારી કરી.

મહાસભાનું આ વખતનું મુખ્ય કામ મધ્યવર્તી ઠરાવ પસાર કરવાનું હતું. આની ઉપર જે ભાષણો થયાં તેમાંનાં કેટલાંક સાંભળનારના હૃદયમાં ઠેઠ તળીયે પહોંચાડનારાં હતાં. દરેકમાં તેનું પોતાનું જ એવું કંઇક ખાસ તત્ત્વ રહેલું હતું અને દરેક હૃદયના જુદા જુદા તારને ડોલાવતું હતું. ગાંધીજીની વાણી નબળાઇને હરણ કરીને નિશ્ચયબળ પ્રેરનારી હતી. શ્રીમતી સરોજિનીની નવીન ભારતની ચૈતન્યભર વાણી આશાના પ્રવાહ જેવી હતી. હકીમજીની જબાનમાં બોલે બોલે ખાનદાની અને ખાનદાનીથી પેદા થતી ગંભીરતા, ઉદારતા અને જેટલી ઉદારતા તેટલી જ દ્રઢતા હતી. ભાષણ કરનાર પ્રત્યે અદબ પેદા કરવાની અને સાંભળનારની અંદર કઠણમાં કઠણ વાતને સહેજમાં સાધી લેવાની ઉમેદ દાખલ કરવાની તેમાં તાકાદ હતી.

મહાસભાનું કાર્ય પુરૂં થયું. મહાસભાએ આવતી સાલ માટેનો રસ્તો આંકી દીધો. વિસર્જન થયા પહેલાં સભા એક મોટું ઘર હોય તેવી બની. યજમાન અને મહેમાનોના સામસામા આભાર મનાયા. વહેલા ઘેર પહોંચી જઇને કામે વળગી જવા અન્ય પ્રાંતોએ ગુજરાતની રજા લીધી. સ્વાગતની ધમાલમાં પાછળ પડી ગએલ ગુજરાતે મહાયજ્ઞમાં સૌની સાથે થઇ જવાનો નિશ્ચય કર્યો.

આમ મહાસભા વખતે ગુજરાતે શોભાવ્યું એમ કહી શકાય. સાડાત્રણ લાખ રૂપીઆની ખાદીના તંબુ તાણ્યા, મંડપો બનાવ્યા, વિજળીની બત્તાઓ કરી, સુંદર પ્રદર્શન ભર્યું, ભજનકીર્તન કર્યાં, હિંદુસ્તાનના સંગીતનો મહિમા બતાવ્યો, હિંદુ–મુસલમાનો સાથે જ ઘર કરી રહ્યા. કોઇયે એક શબ્દ ઉંચે સાદે એક બીજાને ન કહ્યો. ગુજરાતની બાળાઓ સ્વયં–સેવિકાઓ બની, ગુજરાતના જુવાનોયે ભંગીનું પણ કામ કરીને પ્રતિનિધિઓની સેવા કરી; ઓરતોની જંગી સભા થઇ, વ્યાખ્યાનો થયાં; મહાસભાના મંડપમાં અર્થશાસ્ત્રના નિયમો જાળવી સૌ કોઇ જોઇતું જ બોલ્યા. લાંબાં ભાષણો કોઇએ ન કર્યાં ને સરકારને ચમકાવનારો, સરકારે શરૂ કરેલી દમનનીતિનો જવાબ આપનારો, સચોટ પણ મર્યાદિત ઠરાવ પસાર કર્યો.

આ બધુ કરી ગુજરાતે પોતાને અને હિંદને શોભાવ્યું હતું.. પણ હજુ ઘણું કરવાનું બાકી હતું. હજુ તો ગુજરાત હિંમતનાં વચનો બોલતું હતું: હિંમતનાં કામો કરી બતાવવાનાં હતાં. બંગાળની, સંયુક્ત પ્રાંતની, પંજાબની હરીફાઇમાં ઉતરવાનું હજુ બાકી હતું. કેદીઓને છોડાવીને સ્વરાજ્ય મેળવવાનો યશ હજુ તો લેવાનો હતો.

ગુજરાતની દિશાઓ ઉત્સાહથી ગુંજી રહી હતી:

ગાઓ ભારતની જય !
ગાઓ ભારતની જય !
શો ભય ? શો ભય ?

પ્રકરણ ૧૭ મું.

ધર્મના વીર ! ઓ આર્યપુત ! ઉઠજો!
સુભટના શુકનની વાગી ઘડીઓ:
ઉત્તરાયન થયા, ઉત્તરે રવિ વળ્યા,
ભાનુના ભર્ગની વરસી ઝડીઓ.
મૃત્યુને બાળતા, શાંતિને બોધતા,
ભીષ્મ પોઢયા હતા યુદ્ધ ઘાટે:
મૃત્યુને પરહરી, શાંતિ ભાથાં ભરી,
શૂર ! ત્યમ સંચરો યુદ્ધ વાટે.

સિંહના બાલથી ખેલતો-ગેલતો,
એ ભારતગોત્રનાં ગોત્રજો છોઃ
સિંહને શસ્ત્ર શાં? વીરને મૃત્યુ શાં ?
મૃત્યુનાં અમૃતને ઓળખો છો.
શાંત છો, દાન્ત છો, ધીર છો, વીર છો;
સુભટ છો સજ્જ નિઃશસ્ત્રતાથીઃ
ધર્મધ્વજ તમ ખડા, શસ્ત્ર સ્હામાં વડાં:
શ્રીહરિ સત્યના સમર સાથી.*

અમદાવાદની મહાસભાએ વાઇસરોય સાહેબની ધમકીનો સણસણીત જવાબ આપ્યો અને સ્વરાજ્યની લડતનો નિકાલ લાવવા સારૂ ઘનઘોર સંગ્રામ કરવાનો નિશ્ચય કર્યો. એજ મહાસભાનું મહાન કાર્ય હતું.

મહાભારતના યુદ્ધમાં કુરૂક્ષેત્ર હતું. પૃથ્વીરાજ અને શાહબુદ્દીન વચ્ચે પાણીપતનું મેદાન હતું. મેવાડની સ્વતંત્રતા માટે મહારાણા પ્રતાપ હલ્દી-ઘાટમાં લડયા હતા. મહારાષ્ટ્રની ટેકરીઓ શિવાજી મહારાજે ગજાવી હતી! આજે હિંદનું કુરૂક્ષેત્ર બારડોલી હતું. બારડોલીનું નામ આખા હિંદમાં ગાજી રહ્યું હતું. વ્યાખ્યાનોમાં, લેખોમાં, સંભાષણોમાં સર્વત્ર બારડોલીનો જયજયકાર સંભળાવા લાગ્યો હતો. આખું હિંદુસ્તાન બારડોલીની પાછળ ઉભું રહ્યું હતું.

આમ બારડોલીનું નામ ખૂબ ગવાયું. હિંદભૂમિની પરાધીનતા દૂર કરવાનું છેલ્લું અને કપરૂં પગલું લેવાનું નક્કી થયું ત્યારથી તેના નામનો જપ હિંદના પુત્રો જપવા લાગ્યા. કુરૂક્ષેત્ર, ધર્મક્ષેત્ર, થરમાપોલી વિગેરે પ્રખ્યાત નામો તેને અર્પણ થવા લાગ્યાં.

લોકોને શૂર ચઢાવવા એક હિંદી કવિએ ગાયું:

" ઓ વિશ્વસ્ત બારડોલી ! ઓ, ભારતકી ' થર્મોપોલી ' !
નહીં, નહીં, ફિર ભી સશસ્ત્ર થી ગ્રીક સૈનિકોંકી ટોલી.
' હલ્દીઘાટી ' કે રણકી ભી વહી પૂર્વ-પરિપાટી થી;
બઢ બઢ કર વૈરી કી ગર્દન વીર-વરોને કાટીથી.
પર તૂ હૈ નિઃશસ્ત્ર તપસ્વિનિ ! ફિર કૈસે સમતા હોગી !
ઉપમા આપ બનેગી તૂ યદિ ક્ષોણી મેં ક્ષમતા હોગી.

* શ્રી. ન્હાનાલાલ દલપતરામ કવિ.

લોહે કો શનિ-દાન માન કર તૂને સ્વીકૃત કિયા નહીં.
બુઢોં કા અવલમ્બ જાન કર લકડી કો ભી લિયા નહીં.
ઉઠી નહીં તૂ કિ જો બુરા હૈ ઉસે નષ્ટ કર દેને કો,
તુલી હુઇ હૈ કિન્તુ બુરોં કો આજ ભલા કર લેનેકો.
શુભે! સફળતા હૈં તુઝકો હરિ; યહી પ્રાર્થના હૈ મેરી;
સ્વયં સિદ્ધિ સે ભી બઢ કર હૈ સાધુ સાધના યહ તેરી
ફિર ભી અપની શકિત તોલ તૂ ઔર વિપક્ષી કા બલભી,
સંગીનેં, મૅશીન ગનેં, બમ ઔર ઉધર હૈ કૌશલભી;
ન હો વિજય કા નિશ્ચય જિનકો સાક્ષી હો કર હટ જાવેં;
બઢ કર પગ ન હટેં ફિર પીછે, ચાહે સિર ભી કટ જાવેં
કરતી હૈ કાનૂન-ભંગ તૂ, પણ કિનકે કાનૂન ભલા?
ઉનકે 'ન્યાય' 'ન્યાય' કહ કર જો યહાં ફાંસતે રહે ગલા!
ખૌલ ઉઠેગા ખૂન ન કિસકા એસે અત્યાચારોં સે?
સંયમ તુમ્હેં દિખાના હૈ પર નિજ વિનીત વ્યવહારો સેં.
આજ મહાત્મા-દ્વારા તૂને આત્મા કા બલ જાના હૈ,
પરમાત્માને દિયા જિસે યહ સત્યાગ્રહ કા બાના હૈ;
ભય દે સકતા હૈ કયા તુઝકો ઘોર આયુધોં કા ઘેરા!
પ્રતિપક્ષી કે લિએ 'સહન' હૈ 'પ્રહરણ' સે ભીષણ તેરા!
સાવધાન! બાધાયેં તુઝ કો વ્રત સે વિચલિત કર ન સકેં,
ઝેલ જાયેઁ વાર હૅંસ હૅંસ કર, છકેં વિપક્ષી ઔર થકેં!
શોણિત ચાહેં તો ઈતના લેં—હિંસક ઉસમે ડૂબ ઉઠેં,
ઘૃણા કરે અપને ઉપર વે ઔર આપ હી ઊબ ઉઠેં,
સૂરત મેં હી કોઠી પહલે નૌકરશાહીને ખોલી,
સૂરત સે હી ચલી હઠાને અબ તૂ ઉસે બારડોલી!
પર સંગમ ગોરોં સે અપના ગંગા-યમુના તુલ્ય રહે,
દોનોં કે ભીતર સમતા કી સરસ્વતીકા સ્રોત બહે."*

આમ બારડોલી અંધકારમાં આશાનું કિરણ બનવા તૈયાર થયું. તેનું નામ સાંભળતાં નોકરશાહી અસ્થિર થવા લાગી અને સાથે સાથે ભાવિ યુદ્ધ કરવા માટે કમર કસવા મંડી. બારડોલીનાં ભાઇઓ અને બેનો વગર અગ્નિએ દાવાનળ સળગાવવા તૈયાર થયાં અને સંસારે કદાપિ નહિ જોએલો અને ઇતિહાસમાં નહિ લખાએલો એવો અહિંસાત્મક રણ-સંગ્રામ રચવાના નિશ્ચય ઉપર આવ્યાં. આવું આવું અને અવનવું જ્યાં થવાનું હોય તે પૂણ્યભૂમનાં યશોગાન ગાવાનું મન કોને ન થાય?

*શ્રી મૈથિલીશરણ ગુપ્ત.

પ્રભુની કળા અદ્દભુત છે. થોડા માસ પહેલાં તેનું નામ કોણ જાણતું હતું ?

પણ ઓ ધર્મયુદ્ધના કુરૂક્ષેત્રની નિર્માણભૂમિ ! તારો કીર્તિકળશ એ આકસ્મિક ઘટના નથી, પરંતુ તારાં સુસંતાનોની શ્રદ્ધાભક્તિ, પાપભીરૂતા અને યત્-કિંચિત્ ત્યાગ અને તપશ્ચર્યાયુક્ત નિષ્કામ પ્રયત્નનું જ પરિણામ છે.

ઓ શ્રદ્ધાની ભૂમિ! કલકત્તાની મહાસભામાં ' એક વર્ષમાં સ્વરાજ્ય ' નો ઉત્સાહ પ્રેરક ધ્વનિ તે મહાન અને પવિત્ર પુરૂષના મુખમાંથી નીકળ્યો, તે જ ક્ષણે તારાં સંતાનોએ શ્રદ્ધાની સાથે નિશ્ચય કર્યો કે ' બરાબર આજથી એક વર્ષે ભારતવર્ષ મુકિત મેળવો કે ન મેળવો, ગુજરાત સ્વતંત્ર થાઓ કે ન થાઓ, પણ બારડોલી સ્વતંત્રતાનો ઝુંડો ચઢાવશે જ ચઢાવશે ! '

અને પછી ?

પછી તારાં ખીલતાં પુષ્પો એકત્ર થયાં અને યજ્ઞકુંડની તૈયારી મચી. કોને ખબર છે કે ઘૂટણ ઘૂટણભર ખૂંદતાં, વીંછી અને કંટકના ડંખ સહન કરતાં, ભર્યેપુર વહી જતાં નદીનાળાં તરી જતાં અને વરસાદની ઝડીઓથી તરબોળ થતાં તારાં સંતાનોનાં જૂથ અસહકારના ધર્મચક્ર પ્રવર્તન માટે ઉતરી પડતાં. ભૂખ અને તરસ; ઉંઘ અને વિશ્રાંતિ; માન અને અપમાન; એ સર્વથી બેપરવા તારાં એ સંતાનોએ નથી પંડિતાઇનો દાવો કર્યો કે નથી નેતાપણાનો; એતો કેવળ સિપાઇઓનાં જ દળ હતાં અને ઓ સહૃદયતાની ભૂમિ ! તારાં સંતાનોના ટોળામાં સાઠ સાઠ વર્ષના વૃદ્ધોને પણ બાળભાવે અને યુવાનવેગે ભળેલા કોણે નથી જોયા ? અને તારી પુત્રીઓ ? જાણે કૃષ્ણની પ્રેમભક્તિ માટે ઘેલી થએલી વ્રજની પવિત્ર ગોપિકાઓ !

અને ઓ કર્ત્તવ્ય પરાયણ ભૂમિ ! મહાસભાનો આદેશ છૂટતાં તારાં સંતાનોએ તારાં ખીલતાં પુષ્પોની માનસિક ગુલામીનાં આવરણ છેડી નાંખ્યાં, ગુલામી શિક્ષણના કિલ્લાઓ શિવાજીની માવલી સેનાની પેઠે સર કર્યા. તારા ચેતનની ચિનગારી આ વિજયમાં છુપાયેલી છે.

ઓ ભારતના યજ્ઞકુંડની પવિત્ર ભૂમિ! વર્તમાન ધર્મયુદ્ધનું મંડાણ અહિંસા અને આપભોગના પાયા ઉપર મંડાયું છે. પ્રતિકારની શકિત છતાં બીઠાંના પહેરા ભરતાં તારાં સંતાનોનાં માથાં કુટયાં છે, હાડકાં ભાગ્યાં છે, છતાં અત્યાચારીને તો તારાં સંતાનોએ ક્ષમાનાં શીતલ જળથીજ ભિંજાવ્યા છે.

મનુષ્ય વધના પાપનું કલંક તારા વર્ષોના ઇતિહાસમાં તને કલંકિત કરી શકતું નથી. એ પાપ ભીરૂતાને લીધેજ **સ્વ**રાજ્ય યજ્ઞની વેદી તું ઠરી અને **ખે**ડાની વીરભૂમિની સ્પર્ધામાં તારા આ સદ્‌ગુણેજ તને વિજયમાળ પહેરાવી—**મ**હાત્માજીના મોરચા તારા ગૃહાંગણે મંડાયા!

આમ યુદ્ધનો મોરચો **બા**રડોલીમાં બંધાયો. યુદ્ધના શસ્ત્રાસ્ત્રોના પૂરવડાની પરીક્ષાઓ લેવાઇ. રેંટીયાની તોપો, સુતરનો દારૂગોળો અને ખાદીના યુનિફોર્મના સંગ્રહ થયા, અસ્પૃશ્યતાનો મેલ આત્મશુદ્ધિના અગ્નિમાં ભડભડ બળવા લાગ્યો.

સેનાપતિ અને મંત્રીમંડળ **સુ**રતના કિલ્લામાં મળ્યું. **વા**ઇસરોયને વિષ્ટિપત્ર લખાયો અને અવગણાયો!

આ અવગણના એટલે **મ**હાસભાની અવગણના—અને **મ**હાસભાની એટલે તેત્રીસ તેત્રીસ કોટિ સંતાનોની **ભા**રતમાતાની અવગણના! હવે તરણોપાય, **બા**રડોલી! તારાં બલિદાનમાંજ દેખાયો અને **ભા**રતના ભાવિનું કેન્દ્ર તારો **ય**જ્ઞકુંડ ઠર્યો.

અને પછી?

પછી તો **ધ**ર્મયુદ્ધનો ટંકાર થયો! **હિ**માલય અને સહ્યાદ્રિની શીતળ ટેકરાઓ ડોલાયમાન થઈ અને સાત સમુદ્રપાળના દ્વીપદ્વીપાંતરો ખળભળી ઉઠયા! "દિશા મંડળ ડોલવા લાગ્યું, ધરતી ધણધણવા માંડી અને નિઃશસ્ત્ર સૈનિકોની ભીષણ ગર્જનાથી નભોમંડલ ગડગડી ઉઠયું. ચિંતા ચકિત નયને સૌ જોઇ રહ્યું કે શું થાય છે, ને શું થશે. જગતે ન જોએલું, પૃથ્વીએ ન પ્રીછેલું, માનવકથાએ ન નોંધેલું, મનુકુલનાં કાવ્યોમાં ન કલ્પેલું પ્રચંડ **અ**હિંસાત્મક યુદ્ધ મંડાણું."

યજ્ઞકુંડ પ્રજ્જ્વલિત કરવાની ધન્ય ઘડી સમીપ આવી રહી.

"**ધ**મક્ષેત્ર એ, કર્મક્ષેત્ર એ, એ રણક્ષેત્ર અનેરૂં!
જય જય કોને ભાગ્ય ગયું એ પુણ્ય જ **ભા**રત કેરૂં?
દુઃખમાં શૂરા રે, ઓ **ગુ**જરાતી વીરા!
ગાજો પૂરા રે, સત્ય પ્રેમરસ ધીરા!"

પ્રકરણ ૧૮ સું.

દેશમાં ગમગીનીની લહેર ફરી વળી છે. દરેક શહેરમાં દુકાનો બંધ છે, શાળાઓ બંધ છે, કોર્ટો બંધ છે, સરકારી કચેરીઓ બંધ છે; સર્વ કંઇ બંધ છે. લોકોના વદન પર ઉદાસીનતા છવાઇ રહી છે. કોઇનાં ચહેરા પર પ્રસન્નતા નથી; વદન ઉપર સ્મિત નથી. હૃદયમાં લાગણીનું પુર ઉછળી રહ્યું છે. કંઇકની આંખોમાં આંસુ છે; કંઇકના હૃદયમાંથી નિશ્વાસો નીકળે જાય છે. આજે ગાંધીજીને, ભારતની આંખોના નુરને, અન્યાયીઓની આંખના કાંટા રૂપ મહાત્માજીને જેલની પત્થરની દીવાલોમાં પુરવામાં આવ્યા છે.

સરકારના એ મુર્ખાઇ ભરેલા પગલાએ લોકોના દિલનો પલટો કરી દીધો છે. સૂર્યની પ્રત્યક્ષ હાજરીમાં લોકોને તેના તેજની, તેના પ્રભાવની કદર નહતી. તેની ગેરહાજરીમાં લોકો એની કદર કરવા લાગ્યા છે; એની ઉપયોગીતા સમજ્યા છે.

મહાત્માજીને પકડયાં આજે ચાર દિવસો થયા છે. સાબરમતીની જેલમાં મહાત્માજીને પુરવામાં આવ્યા છે. લોકોએ ન્યાય ન મળે, સ્વરાજ્ય ન મળે ત્યાં સુધી રાષ્ટ્રીય હડતાળ પાડવાનો ઠરાવ કર્યો છે; પાડી છે. પ્રત્યેક પ્રાંતના, પ્રત્યેક શહેરના અને પ્રત્યેક ગામના લોકોએ હડતાળ પાડી કામ કાજ બંધ રાખ્યું છે. મહાત્માજીની હાજરીમાં મહાસભાના કાર્યક્રમમાં જેટલી કચાશ લોકોએ રાખી હતી, તે સઘળી કચાશ દૂર કરવા લોકો મંડી પડ્યા છે. દેશમાં ચારે તરફથી સમાચારો આવ્યા જ કરે છે, કે પ્રોફેસરો, સરકારી શાળાના શિક્ષકો, સરકારી નોકરો અને વકીલો તમામ પોતાની પદવીનાં રાજીનામાં આપી રહ્યા છે. બધાના મુખમાંથી એકજ ધ્વનિ સંભળાય છે. દરેકે પોતાનાં રાજીનામામાં એકજ વાત દર્શાવી છે, કે અહિંસાનો પ્રચાર કરી સ્વરાજ્ય-પ્રાપ્તીનો માર્ગ દર્શાવનાર મહાપુરૂષને જે સરકાર કેદ કરે છે, તે સરકારની સેવા કરવી એ અન્યાય છે; પાપ છે. એવી સરકાર સાથે સહકાર કરવાથી પાપના ભાગીદાર થવાય છે. માબાપોએ પોતાનાં છોકરાંને સરકારી શાળાઓમાંથી ઉઠાડી લેતાં લખ્યું: હિંદુધર્મના તત્વરૂપ અહિંસા-ધર્મનો પ્રચાર કરનારા, સ્વયં મરણાન્ત કષ્ટ સહન કરીને પણ બીજાને ઇજા ન કરવાની શિક્ષાનો પ્રચાર કરનારા સાધુ-પુરૂષને જે સરકાર જેલમાં પુરે છે તે સરકારની શાળાઓમાં અમારાં બાળકોને મોકલવાં એ મહાન અધર્મ છે. વકીલોએ લખ્યું: જે મહાપુરૂષ દેશમાં શાંતિ રાખવાના

શિક્ષણનો પ્રચાર કરે છે, તેને જે સરકાર અટકાવી જેલમાં પુરે છે, તેની પાસેથી ન્યાયની શું આશા રખાય?

લોકોનાં ટોળે ટોળાં પ્રાર્થના કરતા શહેરોમાં ફરે છે, છતાં અસંતોષનું નામ નથી. કોઇના મુખમાંથી ગાળ સરખી પણ નથી નીકળતી. વારંવાર લોકસમુહની મેદનીમાંથી એકજ ગગન–વેધી અવાજ સંભળાય છે:—**"મહાત્મા ગાંધીજીની જય"; "ભારતમાતાની જય!"**

બીજી તરફ સરકારે પણ 'કાયદો અને વ્યવસ્થા' જાળવવા માટે પ્રત્યેક સ્થાનમાં અને ખાસ કરીને **સાબરમતી** જેલની બહાર લશ્કરને ખડકી દીધું છે. ચારે તરફ **મશીનગનો** ગોઠવી દીધી છે. આકાશમાં વાયુ–યાનો (એરોપ્લેનો) આંટા મારી રહ્યાં છે.

ઘણા **વિનીત** વિચારના, દેશ–ભક્તિનો ખોટો દંભ રાખનારા લોકસમુહને સરકારની લશ્કરી હિલચાલ તરફ લોકોનું ધ્યાન ખેંચી, મશીનગનો તરફ આંગળી કરી કહી રહ્યા છે: 'સરકાર જ્યાં સુધી **ખામોશ** રાખી જોયા કરે છે ત્યાં સુધી બધુ ઠીક છે. માટે કૃપા કરી વિખરાઇ જાઓ અને કામ–ધંધા શરૂ કરો. નાહક મુર્ખતાને વશ થઇ કંચન જેવી કાયાને જોખમમાં નાંખો નહિ. નહીં તો **વાઇસરૉય** સાહેબની પાંપણ નીચી નમતાંની સાથે જ કુતરાને મોતે મરશો." લોકો આ ટંકારનો ઉત્તર ન વાળતાં **મહાત્માજીના** જયઘોષથી આકાશને ગજાવી મૂકે છે.

સરકાર પણ **રાષ્ટ્રીય હડતાળથી** ગભરાઇ રહી છે. અજબ લોક છે. ન એમને ખાવા પીવાની પરવા છે, ન તો સુવાની; ન મરવાની પરવા છે કે ન જીવવાની. નથી લશ્કરનો ડર લાગતો અથવા નથી મશીનગનોની બીક લાગતી.

એક બાજુ કાળમુખી મશીનગનો ખડી છે, બીજી બાજુ નિર્ભયતાથી તેના મારાને સહન કરવાને કુરબાની ઉપર ચઢેલા લોકો! એક બાજુ સંગીનો ચમકી રહી છે, બીજી બાજુ તેના પ્રહારો ગરદન ઉપર ઝીલવાને આતુર લોક–મેદની ખડી છે. આકાશમાં દારૂગોળાથી ભરેલાં વિમાનો આંટા મારી રહ્યાં છે, નીચે તેનું સ્વાગત કરવાને ઉત્સુક લોકસમુહ ખડો છે. એક તરફ શસ્ત્રો અને સેનાની પ્રચંડ શક્તિથી રક્ષિત છતાં પણ બેચેની દેખાય છે; બીજી તરફ આત્મ–બળ ઉપર આધાર રાખનારી નિર્ભયતા છે, એક તરફ લોક–મેદનીને ઇસારો થતાં કચડી નાંખવાને સામર્થ્યવાન સત્તાના પ્રભાવની વ્યગ્રતા છે; જ્યારે બીજી તરફ અન્યાય અને અત્યાચારની સામે સ્થિર ઉભેલી વિશુદ્ધ ઉત્સુકતા છે. એકના આંખો હિંસક

પશુની માફક ધુરકી રહી છે; બીજી તરફ પ્રેમ, દયા અને ક્ષમાનો મહાસાગર નજરે પડે છે. એકને પોતાની પાશ્વિક સત્તા ખોવાનો વિચાર વ્યાકુળ બનાવી રહ્યો છે; ત્યારે બીજાને સમાનતા સ્થાપિત કરવાનો વિચાર આનંદમાં નિમગ્ન કરી રહ્યો છે. એક તરફ પોતાની પશુશક્તિ ઘટવાની ચિંતા છે; જ્યારે બીજી તરફ મનુષ્યતા-પ્રાપ્તીનો આહ્લાદ છે.

કેવું અપૂર્વ દૃશ્ય છે! કેવો ભવ્ય આત્મસંયમ છે! કેવો ઉત્તમ મનોનિગ્રહ છે!

સીમલાની શીતળ ટેકરી ઉપર, પાંચસેંમે મજલે **નામદાર લોર્ડ રી**ડીંગ મુંઝાઈ રહ્યા હતા. મુંબઈના ગવર્નર અને સેનાપતી સાહેબ સાથે મસલત કરી રહ્યા હતા. હિંદી **લો** મેમ્બરે પ્રાર્થના કરીઃ—"નામદાર! આ વિશાળ લોકસમુહને વિખેરી નાંખવામાં આવશે નહિ તો સારા દેશમાં ઉત્પાત થશે. કોણ જાણે લોકોનું ટોળું કયે વખતે ગાંડુ બનશે?"

સેનાપતી અને ગવર્નર સાહેબ સાથે મસલત કરી વાઈસરૉય સાહેબે તાર મારફતે દરેક સ્થાનના સ્થાનિક સત્તાવાળાઓને લોકોને હથીઆરનો ઉપયોગ કર્યા વિના વિખેરી નાંખવાનો હુકમ આપ્યો.

પોલીસના સિપાઈઓ ભૂખ્યા ડાંસ પેઠે લોક-સમુહ ઉપર તૂટી પડયા. ડંડાનો પ્રહાર ખૂબ પડવા લાગ્યો, પણ લોકો હઠયા નહિ, કે વિખરાયા નાહ. લોકોની કેડો, ખભા અને માથાં રંગાવા લાગ્યાં પણ લોકસમુહમાંથી કોઈએ હાથ ઉંચો કર્યો નહિ અને કોઈએ પાછું પગલું સરખું ભર્યું નહિ.

ડંડા મારતાં સિપાઈઓ થાકયા, પણ અહિંસાની પ્રતિજ્ઞા લીધેલા લોકો ન થાકયા.

વાઈસરૉય હેરાન હેરાન હતા. ગવર્નર સાહેબ ગભરાઈ રહ્યા હતા. પોલીસના અમલદારોને કંઠે પ્રાણ આવ્યા હતા, પણ શું કરે? કોઈ ઉપાય નહિ હતો.

લૉ મેમ્બરે પાછી સૂચના કરીઃ—"સરકાર! લોકો સાવ બેલગામ થઈ ગયા છે. લોકોની નિર્લજ્જતા સીમા ઓળંગી ગઈ છે. એ કારણથી જ્યાંસુધી હજાર-પાંચસોની જાન નહિ જાય ત્યાંસુધી એ લોકો ઠેકાણે આવશે નહિ."

વાઈસરૉય સાહેબે ગવર્નર અને સેનાપતી સાહેબ તરફ જોયું. ગવર્નર સાહેબે એ દૃષ્ટિનો અર્થ સમજી આડું જોયું. અને બિચારા ગવર્નર સાહેબ આડું ન જુવે તો બીજું શું કરે? પંજાબના હત્યાકાંડનું ઉદાહરણ તેમની નજર સામે હજુ તાજું જ હતું. સુધરેલી દુનીયામાં

તેનાથી જે બદનામી થઇ હતી તે બદનામીનો અવાજ હજુ પણ તેમનાં કાનોમાં ગુંજી રહ્યો હતો.

સેનાપતી સાહેબે તિરસ્કારથી નીચું જોયું.

થોડીવાર શાંતિ રહી. પણ લૉ મેમ્બરથી ચુપ ન રહેવાયું. તેમણે સેનાપતી સાહેબને પૂછ્યું:—"નામદાર! આપ કેમ શાંત રહ્યા છો?"

સેનાપતીએ લૉ મેમ્બરની સામે એક તીવ્ર ઘૃણાની દૃષ્ટિ ફેંકી જોયું અને પછી આડું જોવા લાગ્યા.

પાછી ફરીથી શાંતિ પથરાઇ રહી. વાઇસરોયે શાંતિનો ભંગ કરતાં કહ્યું:—"સેનાપતી સાહેબ! આપણા બધાના કરતાં લૉ મેમ્બર હિંદીઓના સ્વભાવને વધારે સારી રીતે પિછાણે છે. એ કારણથી એમની સલાહ મુજબ કાર્ય કરવામાં આવે તો શું નુકશાન છે?"

સેનાપતીએ વાઇસરૉય સાહેબ તરફ આશ્ચર્યથી જોઈ કહ્યું:—"આપ નામદાર અંગ્રેજ થઇને મને પૂછો છો, કે એમાં શું નુકશાન છે?"

વાઇસરૉય:—"પણ લોકો આ પ્રમાણે સરકારને નાફરમાન થશે તો સરકારનું ગાડું કેમ ગબડશે? આ પ્રમાણે તો સરકારની જડ ઉખડી જશે."

સેનાપતીએ ગંભીર સ્વરમાં કહ્યું:—"પણ નામદાર! નાફરમાનીની સજા મોત નથી; કેદ છે. જોઇએ તો લોકોને જેલમાં પુરો; દંડ કરો."

વાઇસરોય:—"પણ લોકો સજાથી ક્યાં ડરે છે? મારતાં મારતાં સિપાઇઓ થાકી ગયા પણ લોકો સહેજ પણ હટ્યા નહિ. આજે દેશભર પચીસ હજાર હિંદીઓ જેલમાં સડે છે. પછી લોકોને સજા કરવામાં શો લાભ છે? અને આટલા પ્રચંડ લોકસમુહને તે કયી જેલમાં પુરીએ?

સેનાપતી:—"ત્યારે છોને લોકો ટોળે વળતા?"

વાઇસિરાય:—"પણ એમને 'વ્યવસ્થામાં' કોણ રાખશે?"

સેનાપતી:—"એમને 'વ્યવસ્થામાં' રાખવાની શું જરૂર છે? લોકો તો શાંતિનો ભંગ નથી કરતા."

લૉ મેમ્બરે વચ્ચમાં કહ્યું:—"હાલમાં તો લોકો લશ્કરની હાજરીથી શાંત રહ્યા છે, પણ જેવું લશ્કર ખેંચી લેવામાં આવશે કે તરતજ તેઓ ગાંડા બનીને સરકારી મકાનો, ચોકીઓ અને જેલો ઉપર હુમલો લઇ જશે. લોકો આવાજ ઇરાદાથી ટોળે વળ્યા છે."

સેનાપતીએ અત્યંત્ તિરસ્કારથી કહ્યું:-"હાં, આપ એમના જાતીભાઈ છો એને લઇને એ લોકોના હૃદયની વાતથી વાકેફગાર છો. પણ

દેશભરમાં લોકો એકઠા થયા છે શા માટે? શુ દરેક જગ્યાએ બળવો જગાડવાનો લોકોનો હેતુ છે?"

વાઇસરોયઃ-" સેનાપતી સાહેબ! પણ લોકોના ટોળાને વિખેરી નાખવામાં નહિ આવે તો આપણી બદનામી થશે. બ્રિટિશ લોકોને માટે આ દેશમાં રાજ્ય કરવું મુસ્કેલ બનશે. વળી દુનીયા ભરમાં આપણી તાકાતની મશ્કરી થશે. એ કારણથી લૉ મેમ્બરની સૂચના સ્વીકારવાનું મને ઠીક લાગે છે."

સેનાપતીએ અભિમાનથી ગરદન ઉંચી કરી છાતી કાઢી કહ્યું:- "નામદાર! મને ક્ષમા કરો! હું બહાદુર સિપાઇ છું; જલ્લાદ નથી. અને સિપાઇની તરવાર મુકાબલો કરનારની સામે ઉચકાય છે; માથું નમાવી રહેલાં લોકોનાં ટોળાં ઉપર નહિ. હું કંઈ કસાઇ નથી કે લોકો ગરદન ઝુકાવી ઉભા રહે અને હું મારી તલવાર ચલાઉં, અથવા મારી ફોજને કતલ કરવાનો હુકમ કરૂં. બ્રિટિશ સરકારની તાકાત લોકોને ઘેટાંની માફક કતલ કરવાથી નથી વધવાની અને જો બ્રિટિશ સરકારની હકુમત જલ્લાદનું કાર્ય કરવાથી ટકતી હોય તો બહેતર છે કે એવી જલ્લાદ સરકારની જડ ઉખડી જાય. હું અંગ્રેજ બચ્ચો છું. બ્રિટિશ સિપાઇઓ બહાદુરોની માફક મારવાનું અથવા મરવાનું જાણે છે; જલ્લાદની માફક નહિ."

"અને નામદાર! ઇશ્વરે હિંદુસ્તાનનું વિશાળ રાજ્ય લોકોનું રક્ષણ કરવા અને તેમને સુખી કરવા આપણા હાથમાં સોંપ્યું છે. શું સરકાર પોતે જ લોકોનું ભક્ષણ કરશે? હું એવું આચરણ કદાપિ નથી કરવાનો. સરકારને રાજ્ય કરવું હોય તો ભલે તે રૈયતની સાથે પ્રેમ મહોબતથી રાજ્ય કરે. અને જે લોકો ઉપર આપણે રાજ્ય કરવું છે તે લોકોને મારી સરકાર કોના ઉપર રાજ્ય કરશે? શું આ લૉ મેમ્બરની જાતના ખુશામતી લોકો ઉપર?"

"મારી માન્યતા મુજબ તો આ ખુશામતી વર્ગ ઉપર વિશ્વાસ મૂકી કામ કરવામાં નકી ભૂલ થશે. જે લોકો પોતાના દેશ પ્રત્યે વફાદાર નથી, જેઓ પોતાના ભાઇઓની, પોતાના દેશબંધુઓની, ધર્મબંધુઓની હત્યા કરાવવા માટે ઉત્સુક છે એવા વર્ગની પાસેથી આપ નામદાર વફાદારીની શું ઉમેદ રાખો છો?"

ગવર્નર સાહેબે કહ્યું:-"નામદાર! મને પણ લૉ મેમ્બરની સલાહપર ઇતબાર નથી. અંગ્રેજ સરકાર આજે દોઢસો વર્ષ થયાં હિંદમાં રાજ્ય કરતી આવી છે. એનું કારણ સરકારની સૈનિક શક્તિ નથી, પણ સરકારની

ન્યાય પ્રિયતામાં હિંદીઓનો અવિચળ વિશ્વાસ છે. આજ સુધી હિંદીઓ એમ સમજતા હતા કે અંગ્રેજ લોકો ન્યાયના સાક્ષાત્ અવતાર છે, અંગ્રેજ લોકોનું રાજ્ય રામરાજ્ય જેવું ન્યાયપ્રિય છે, અંગ્રેજ સરકારના રાજ્યમાં વાઘબકરી એક આરે પાણી પીએ છે; ત્યાં સુધી બ્રિટિશ રાજ્યની વિરૂદ્ધ એકપણ અક્ષર ન કાઢયો. થોડા ચળવળીઆઓએ જનતાને સરકારના વિરૂદ્ધ ઉશ્કેરવાનો પ્રયત્ન કર્યો હતો પણ લોકોએ તેવા લોકોને મચક આપી નહોતી–તેવાઓની દરકાર કરી નહોતી. ઉલટી રીતે એવા લોકોનું દમન કરવામાં જનતાએ સરકારને પુરી મદદ કરી હતી."

"ગાંધીજીનો દાખલો જ લ્યો. પંજાબ હત્યાકાંડની પહેલાં અને હંટર કમિટીનો રિપોર્ટ પ્રસિદ્ધ થયો ત્યાં સુધી તેમને બ્રિટિશ ન્યાયમાં અવિચળ વિશ્વાસ હતો; સરકારની એમણે જીવને જોખમે સેવા કરી હતી. પણ તેના તેજ ગાંધીજી આજે સરકારના કટ્ટામાં કટ્ટા વિરોધી થઇ પડયા છે. ગાંધીજીની માફક લોકો ફરી બેઠા, એમના કહ્યા પ્રમાણે વર્તવા લાગ્યા તેનું શું કારણ? એજ પંજાબનો હત્યાકાંડ."

"દુનીયાના પડ ઉપર આજ સુધીમાં કોઇ એવો રાજનીતિજ્ઞ પુરૂષ ઉત્પન્ન થયો છે કે જેના મન વચન અને કર્મમાં આવી એકાગ્રતા હોય? ગાંધીજી જે વિચારે છે તે જ બોલે છે અને જે બોલે છે તેવું જ વર્તન રાખે છે. એમની તાલીમનું એ પરિણામ છે કે લોકો આટલું થતાં પણ શાંત રહ્યા છે. કુદરતપર–માનસિક–સ્વાભાવિક વૃત્તિઓપર આટલો બધો કાબુ મેળવવો એ દરેક આદમીને માટે શક્ય નથી. ફકત ગાંધીજી એકલાજ અપવાદરૂપ છે. જેમની આજ્ઞામાં દેશનાં કરોડો અંતઃકરણો છે; જેમના ઉપદેશથી લાખો માણસો જરા પણ પાછું ડગલું ભર્યા વગર, આનંદપૂર્વક, હસતાં હસતાં કોઇને પણ ઇજા કર્યા સિવાય પોતાની જાનો આપવા માટે તૈયાર છે તે લોકો શું ગાંધીજીની આજ્ઞા થતાં એક જબરદસ્ત બળવો નથી કરી શકતા? પણ ના ગાંધીજી એવા મનુષ્ય નથી. લોહી વહેવડાવાનું તો દૂર રહ્યું પણ કોઈ માણસનું હૃદયસરખું દુભવવાની જેમને ચીઢ છે, એવા મહા–પુરૂષનું શિક્ષણ મેળવેલી જનતા પાસેથી એવી આશા રાખવી કે તેઓ ઉત્પાત કરશે એ બિલકુલ મુર્ખતા છે; છોકરવાદી છે."

એ દિવસે જ ઇંગ્લાંડ અર્જન્ટ તારથી હિંદી પ્રધાનને પૂછવામાં આવ્યું કે હવે શું કરવું? હિંદી પ્રધાને જવાબ આપ્યો કે પાર્લામેન્ટમાં કાલે આ સવાલ રાખીશ અને જે કંઇ નિર્ણય થશે તે તારથી જણાવીશ.

હિંદી પ્રધાન, વાઇસરાય, સેનાપતી, ગવર્નર સાહેબ આદિ આ મુશ્કેલ પ્રશ્નનો વિચાર કરતા બિછાનામાં પડયા, પણ કેમે કરી નિંદ્રા આવેજ

નહિ. કોઇને વિચાર આવતો કે મશીનગનોનો મારો ચલાવ્યા વિના લોકો માનવાના નથી; ત્યારે કોઇ વિચારતો કે હિંદને સ્વરાજ્ય આપ્યા વિના આ વિકટ પ્રશ્નનો બીજો નિકાલ જ નથી.

બીજે દિવસે પાર્લામેન્ટમાં હિંદી પ્રધાને હિંદની નાજુક સ્થિતિ પર એક અસરકારક ભાષણ કરી શું કરવું એવી સલાહ માગી. અનેક ચર્ચા ચાલ્યા પછી પાર્લામેન્ટે ગાંધીજીને અને તમામ રાજદ્વારી કેદીઓને છોડી મૂકી હિંદને સંસ્થાનોની ઢબનું સ્વરાજ્ય આપવાનો નિર્ણય કર્યો.

હિંદી પ્રધાને તાર મારફતે આ નિર્ણય વાઇસરોયને જણાવ્યો.

વાઇસરોયે સર્વ રાજદ્વારી કેદીઓને સન્માનપૂર્વક છોડી મૂકવાનો હુકમ કર્યો.

ખુદ વોઇસિરાય સાહેબ પોતે મહાત્માજીને છૂટા કરવા સેનાપતી અને ગવનર સાથે સાબરમતી પધાર્યા. ઓરડીનું બારણું પોતાને હાથે ખોલી મહાત્માજીને બોલાવ્યા. તેઓ આવ્યા. મહાત્માજીના હોઠો પર સ્મિત હાસ્ય ફરકી રહ્યું હતું. વદન ઉપર હંમેશની ગંભીર શાંતિ હતા. આંખોમાંથી પ્રેમનો ઓઘ વરસી રહ્યો હતો.

વાઇસરાય સાહેબે પ્રેમથી હાથ મેળવ્યો. સેનાપતી આનંદથી ભેટી પડયા. ગવર્નર સાહેબે સન્માનપૂર્વક માથું નમાવ્યું. લોકોએ મહાત્માજીને જોતાં જ હર્ષના બુલંદ અવાજથી ' મહાત્મા ગાંધીજીની જયના ' પોકારોથી આકાશ મંડળને ગજાવી મૂકયું.

વાઇસરાય સાહેબે હિંદી પ્રધાનનો તાર મહાત્માજીના હાથમાં મૂકતાં કહ્યું:—" મહાત્માજી ! આજે હિંદ સ્વાધીન થયું ! આજે હિંદીઓના ગળામાંથી ગુલામીની જંજીરો નીકળી ગઇ ! આજથી અમે અને તમે સમાન છીએ. "

લોકોએ ' **ભારતમાતાની જય** ' ના ધ્વનિવડે દિશાઓને ગજાવી મૂકી.

× × × ×

પ્રભાત થયું હતું. બાલસૂર્યનાં સોનેરી કિરણો પર્વતની ટોચપર પડી ચૂકયાં હતાં. રાવબહાદુરની ઝુંપડીમાંથી રમેશનો અવાજ આવતો હતો;

" બીત ગયે હોં બીત ગયે દિન લજ્જા જનક ગુલામી કે,
ભારત ભૂ દિન ફિરે અંતમેં, તેરે અરૂ તબ સન્તતિ કે;
ઉડા હવામાં ઝંડા અપના પુનઃકીર્તિ–સૌરભ ફૈલા,
હો જો દઢતર સમર–સુભટ બન મત હોને દે મન મૈલા.
લિખ અપની પ્રાચીન ધ્વજપર,
ધર્મ, ન્યાય, સમતા, સ્વાતંત્ર્ય. "

સમાપ્ત.

'પ્રજાબંધુ' ની ભેટો.

પુસ્તકનું નામ	ઇ. સ.	મૂલ્ય.
* અઢારમી સદીનું મહારાષ્ટ્ર	૧૯૧૦	રૂા. ૧
ધારાનગરીનો મુંજ	૧૯૧૧	રૂા. ૧
* સિંધ ઉપર સ્વારી.	૧૯૧૨	રૂા. ૧
* સોમનાથનું શિવલિંગ	૧૯૧૩	રૂા ૧
* નિઝામશાહીનો વફાદાર વઝીર	૧૯૧૪	રૂા ૧
* પાટણની પડતીનો પ્રારંભ	૧૯૧૫	રૂા ૧
વસઈનો ઘેરો.	૧૯૧૬	રૂા ૧
* ગુજરાતની ગર્જના	૧૯૧૭	રૂા ૧
* મહારાષ્ટ્રનું નૌકાબળ	૧૯૧૮	રૂા ૧
રત્ન-મંદિર.	૧૯૧૯	રૂા ૧
ભાગ્યશાળી અમરસિંહ	૧૯૨૦	રૂા ૧
કોન્સ્ટેન્ટિનોપલની કથા	૧૯૨૧	રૂા ૧
નવાબનું ગતપ્રાણબળ	૧૯૨૨	રૂા. ૧
રાજસ્થાન	૧૯[illegible]	રૂા ૧

* આ પુસ્તકોની થોડી થોડી પ્રતો નીકળી છે, તે 'પ્રજાબંધુ' ના ગ્રાહકોને દરેક રૂ ૦ ૧૦-૦ ની કીમતે મળશે બીજાઓને પૂરી કીમતે મળશે.